કાન્તાર કન્યા

(બંગાળીમાંથી અનુવાદ)

લેખક:—સ્વર્ગ૦ [illegible]

[illegible]

પ્રકાશક—હરિલાલ બાલકૃષ્ણ ઠાકર
મેનેજર હિતેચ્છુ પ્રેસ—કરાંચી.

પ્રત ૫૦૦ કીમત ૦-૮-૦ સંવત ૧૯૮૨

હિતેચ્છુ પ્રિન્ટીંગ પ્રેસમાં હરિલાલ બાલકૃષ્ણ ઠાકરે છાપ્યું—કરાચી

॥ શ્રી ॥

કાંતાર કન્યા

પ્રકરણ ૧લું.

ભુલો પડેલો મુસાફર

પ્રકાશચંદ્ર નામે એક બંગાળી યુવક મોટી ચિંતામાં પડી ગયો છે, તે રંગપુર જવાનો હતો, પરંતુ ભુલથી ત્યાં પહોંચવા પહેલાં શ્યામપુરના સ્ટેશન પર ઉતરી પડ્યો. સ્ટેશન નાનું હોવાથી તેને પોતાની ભુલનું ભાન થવા પહેલાં ગાડી રવાને થઇ ગઇ. તે વખતે સાંજ પડી ગઇ હતી. બીજા દિવસની સવાર સિવાય રાતને સમયે બીજી કોઇ ગાડી ત્યાં આવનાર નહોતી તેથી આખી રાત સ્ટેશન પરજ પડી રહેવા સિવાય બીજો કોઇ ઉપાય ન હતો. પ્રથમથી ખબર આપ્યા મુજબ રંગપુરના સ્ટેશન પર તેને ઉતારવાને માણસ આવ્યા હશે માટે પ્રકાશચંદ્રે તાર દ્વારા ખબર મોકલીને તે રાત શ્યામપુરના સ્ટેશન પરજ કાઢવા વિચાર કર્યો. પરંતુ જ્યારે તે તાર કરવાના ઉદ્દેશથી તાર માસ્તર પાસે ગયો, ત્યારે તેને જણાયું કે " રંગપુર શહેર અહીંથી માત્ર ત્રણ ગાઉજ દુર છે." ત્યારે પ્રકાશચંદ્રે તે રાત સ્ટેશન પર વ્યર્થ વીતાડવાને બદલે તેજ રાત્રે રંગપુર જવાનું યોગ્ય ધાર્યું, પરંતુ ત્યાંથી તેને કોઇ વાહન મળી શક્યું નહિ, એટલુંજ નહિ, પણ પૈસા આપવા છતાં તેને રંગપુર સુધી સાથે આવનાર કોઇ ભોમિયો પણ મળ્યો નહિ. તેમ છતાં પ્રકાશચંદ્રે પોતાનો ઇરાદો છોડ્યો નહિ. રસ્તાની માહિતી મેળવીને તે એકલોજ રંગપુર જવાને ચાલતો થયો.

આકાશમાં ઉપર સુદિ પાંચમનો ચંદ્રમા હસી રહ્યો હતો, નીચે વસંત ઋતુનો મંદવાયુ પ્રાણીઓને શાંતિ આપતો હતો. આકાશ નિર્મળ હોવાથી તેમાં અસંખ્ય તારાઓ ઝળકી રહ્યા હતા, તેથી જાણે અસંખ્ય હીરા ટાંકેલો મોટો ચંદરવો ટાંગ્યો હોય, એવો ભાસ થતો હતો. તે વખતે રાત્રીની શરૂઆત હતી. ગરમી બિલકુલ નહોતી, પણ કાંઇક ઠંડી પડતી હતી. એવે વખતે આપણો જવાન મુસાફર પ્રકાશ ચંદ્ર ઘણા આનંદથી ઉતાવળે પગલે ચાલ્યો જતો હતો. તે મનમાં ધારતો હતો કે ત્રણ ગાઉનો રસ્તો પસાર કરીને રંગપુર પહોંચવામાં મને ઘણો વખત નહિ લાગે. વધારેમાં વધારે બે કલાકમાં હું ત્યાં પહોંચી જઇશ! એ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને તે અનેક આનંદના ખ્યાલ કરતો કરતો ચાલ્યો જતો હતો. સ્ટેશનથી કેટલેક દુર પશ્ચિમ તરફ જતા પછી તેને દક્ષિણ તરફ જવાનું હતું, પરંતુ બિલકુલ અજાણી ભૂમિ અને રાત્રીનો સમય હોવાથી તે રસ્તો ભૂલી ગયો. દિશાભ્રમ થવાથી સ્ટેશનથી બહાર નીકળતાંજ તેણે ઉત્તર દિશાને પશ્ચિમ દિશા માની લીધી! એ પ્રમાણે ઉત્તર દિશાને તે બરાબર પશ્ચિમ દિશા સમજીને તે તરફ ઉતાવળે ચાલવા લાગ્યો. એજ પ્રમાણે તે આગળ ને આગળ વધવા લાગ્યો. પોતે અજાણ્યો વિદેશી છે, એમ બીજાને સમજાઇ જશે, એવા ભયથી તેણે રસ્તો પણ કોઇને પુછ્યો નહિ. ઘણે દુર જવા છતાં પણ તેને દક્ષિણ તરફ જતો કોઇ રસ્તો જડ્યો નહિ, તે વખત રસ્તામાં કોઇ આવતો જતો માણસ પણ તેને મળ્યો નહિ, તેમ તેની આસપાસ ક્યાંય વસ્તી પણ દેખાઇ નહિ. કેટલેક દુર જવા બાદ તેને બે રસ્તા ફુટતા જણાયા. જો કે એક રસ્તો ત્યાંથી પૂર્વમાં જતો હતો, પરંતુ દિશા ભ્રમના કારણથી તેણે તેને દક્ષિણ જતો માન્યો. તેથી પોતાની સમજ પ્રમાણે તે પુર્વ તરફ જતા રસ્તાને દક્ષિણ તરફ જતો માની તે તરફ ચાલવા લાગ્યો. તે રસ્તો આગળ ચાલતાં કાંઇક સાંકડો અને ઝાંખો થતો ચાલ્યો, ત્યારે તેને શંકા થઇ. પરંતુ હાલ તે સ્ટેશનથી લગભગ ૨ ગાઉ દુર ચાલી આવ્યો હતો તેથી બીજે

કાંઇ ઉપાય ન હોવાથી તે તેજ રસ્તા પર ચાલવા લાગ્યો. જ્યારે પોતાની સમજ પ્રમાણે તે રસ્તાને તે દક્ષિણ તરફ જતો સમજ્યો હતો, ત્યારે તેને છોડીને બીજે રસ્તે જવાની તેને જરૂર પણ શી હોય?

લગભગ દોઢ ગાઊ સુધી તે બહુ ઉતાવળે પગલે ચાલ્યો ગયો, તો પણ તેને શહેરનું કાંઇ નિશાન જણાયું નહિ. પરંતુ જેમ જેમ તે આગળ વધતો ગયો, તેમ તેમ રસ્તો વધારે ને વધારે સાંકડો અને ઓછી આવજાવવાળો થતો ગયો ત્યારે તેને મનમાં કાંઈક ધાસ્તી લાગી, તેથી તે ઉલટો વધારે ઉતાવળથી ચાલવા લાગ્યો. અંતે તે રસ્તો પણ પૂરો થઇ ગયો, અને તે અજાણ્યો મુસાફર એકાએક એક ઘાટા જંગલમાં જઇ પડયો. જોતજોતામાં પાંચમનો નમતો ચંદ્રમા પણ અદૃશ્ય થઇ ગયો અને બધી સૃષ્ટિને અંધકારના પડદાએ ચારે તરફથી ઢાંકી દીધી. તે સમયે તે જંગલમાં ઘોર અંધકારની પ્રબળતા છવાયલી હતી, જાણે સમગ્ર જગતનું અંધારૂં ત્યાંજ ઘેરાઇ આવ્યું હોય નહિ! પ્રકાશચંદ્ર મોટી વિપત્તિમાં પડી ગયો. જે ઉત્સાહથી તે શ્યામપુરના સ્ટેશનથી ચાલ્યો હતો, તે ઉત્સાહ તેના અંતઃકરણમાંથી ધીરે ધીરે ઉડી ગયો, અને તેને સ્થાને ક્રમશઃ ભયનો અધિકાર જામતો ગયો. પ્રકાશચંદ્ર કેળવાયલો અને હિંમતવાન જવાન હતો, તેથી તેને ભૂત પ્રેતાદિકનો કાંઇ ડર નહોતો. કેમકે તેવી શંકા તેના મનમાં હોત તો રાત્રી વખતે એકાએક તે ત્રણ ગાઉ જવાનું સાહસ કરતજ નહિ. તેમ તેને આ જંગલમાં ચોર લુટારાઓની પણ બીક નહોતી, પરંતુ ફાડી ખાનારા જંગલી જાનવરોથી તે પોતાનો બચાવ શી રીતે કરશે? એજ માત્ર તેને શંકા હતી. કેમકે રંગપુરની આસ પાસના જંગલોમાં વાઘ, વરૂ ચિત્તાદિક જંગલી પશુઓની ઘણી ભુમ છે, એમ તેણે સાંભળ્યું હતું.

રસ્તો ખોઇ બેઠેલા પ્રકાશચંદ્રે વિચાર્યું કે—'હું જે રસ્તે આવ્યો તે રસ્તો જડે તો હું પાછો શ્યામપુરના સ્ટેશનપર પહોંચી જાઉં.' પણ તપાસ કરતાં તે રસ્તો પણ તેને જડ્યો નહિ. પ્રિય પાઠક!

આવી આપદમાં દિશા ભ્રમનો જાતિ અનુભવ જેમને હોય નહિ, તેઓ આવા મુસાફરની સ્થિતિનો ખ્યાલ કદાચ ન કરી શકે. આ વખતે પ્રકાશચંદ્રના હૃદયમાં ભયનો સંપૂર્ણ વાસ હતો, તેથી તેને જે ઝાંખી પગવાટ હાથ લાગી તેમાં તે ઉતાવળે ચાલવા લાગ્યો. તેને ઉતાવળે દોડી જવાની બહુ ઈચ્છા છતાં તેને આડા આડા આવતા ઝાડી ઝાંખરાને લીધે તે ચાલી શકતો નહોતો. પગલે પગલે તેના શરીરનો અને વસ્ત્રોનો ભાગ ઝાડોમાં ભરાઇ જતો, કયાંય કાંટા વાગી જતા, એમ દરેક પળે તેને ચાલવામાં વિઘ્ન આવી પડતાં હતાં. રહી રહીને તેના માથામાં અને પગમાં ઝાડો અટવાતાં હતાં.

તે અંધકારમય ભયંકર જંગલમાં ડરવાનું માત્ર એટલુંજ કારણ નહોતું, પણ બીજાં પણ ઘણાં કારણો હતાં. રહી રહીને દુરથી સિંહો ની ગર્જના જેવી ભયંકર બરાડો સંભળાતી હતી. તે ગાઢ જંગલ અને ભયંકર અંધકારમાં સિંહોના નાદ કેવા ભયંકર હશે તેનો ખ્યાલ વાંચનારા સજ્જન સમૂહને સહજ આવી શકશે. શરીરમાં અસાધારણ બળ અને હિંમત છતાં આ ગર્જનાથી પ્રકાશચંદ્રને બહુ બીક લાગતી હતી. દરેક ગર્જના વખતે તેનું શરીર પગથી માથા સુધી ધ્રુજી જતું હતું. આવી વિપત્તિના સમયમાં તે વિપદ ભંજન ભગવાનના સ્મરણ સિવાય બીજો શો ઉપાય હોઈ શકે? અર્થાત્ તે સમયે આપણો જવાન મુસાફર મનમાં તે વિપદહારી સર્વાંતરયામી જગદીશ્વર નું સ્મરણ અને ધ્યાન કરવા લાગ્યો.

અંધકારમાં અથડાતાં અથડાતાં પ્રકાશચંદ્રને કાંઈક દુર દીવા જેવો પ્રકાશ દેખાયો. ત્યારે તો તેજ પ્રકાશને પોતાનું લક્ષ્ય સ્થાન કરીને તેણે આગળ વધવાનો આરંભ કર્યો. એક નાની ઝુંપડીની ત્રાટીઓમાંથી તે પ્રકાશનાં કીરણો બહાર આવતાં હતાં, એમ પ્રકાશ ચંદ્રને થોડું આગળ ચાલતાં જણાયું. મોટું દુઃખ વેઠીને તે ઝુંપડીના બારણા આગળ તે પહોંચ્યો. બારણું બંધ હતું. તેથી ધ્રુજતા હાથે પ્રકાશચંદ્ર તે બારણા પર ટકોર કરવા માંડ્યો.

તરતજ તે બારણું ઉઘડ્યું, અને એક કદાવર પુરૂષને હાથમાં બત્તી સહીત પોતાની સામે ઉભેલો પ્રકાશચંદ્રે જોયો. તેને જોતાંજ તે નમ્રતાથી બોલ્યો "હું રસ્તો ભૂલો પડવાથી આ જંગલમાં આવી ચડ્યો છું, કૃપા કરી રાતની વખતે મને આશ્રય આપશો, અને મારા પ્રાણની રક્ષા કરશો, એમ ઇચ્છું છું."

પ્રકાશચંદ્રની નમ્ર, ભય ભરેલી અને સભ્ય વાણી સાંભળી, તે કદાવર અને ભયંકર પુરૂષ તેને મોટા આદરમાનથી પોતાની ઝુંપડીમાં લઈ ગયો.

પ્રકરણ ૨જું

આફત અને ઉદ્ધાર.

પ્રકાશચંદ્રે જે ઝુંપડીમાં પ્રવેશ કર્યો તે ચોરસ અને જરા મોટી હતી. તેની વચ્ચોવચ્ચ એક ગાલીચાથી ઢાંકેલો પલંગ બિછાવ્યો હતો. ઝુંપડીની એક બાજૂએ સંખ્યાબંધ સિંહચર્મોની એક ગંજી પડી હતી. તે ઝુંપડીની ભીંતો જંગલી ઝાડોના લાકડાંપર માટી લીંપીને કરેલી હતી. તે દિવાલોની ખીંટીઓમાં કેટલીક જાતની તલવારો, બંદુકો, ખંજર, જમૈયા વગેરે હથિયારો લટકી રહ્યાં હતાં. તેના એક ખૂણામાં કેટલીક મજબૂત ડાંગો પણ પડેલી હતી. તે ઝુંપડીમાં જઇને તે બંને જણુ તેજ પલંગપર બેઠા. તે વખતે તે ઘરધણીની સુરત અને તેના ઘરના શણગાર ઉપર પ્રકાશચંદ્રની તીવ્ર નજર ગઈ. તે દેખાવ જોઈને તેને મનમાં ભય પણ લાગ્યો. તે પોતાની ચારે તરફ ભય અને આશ્ચર્યથી જોવા લાગ્યો. તે વખતે તે ઘરધણીએ પ્રકાશચંદ્ર તરફ જરા કઠોર દ્રષ્ટિથી જોયું, અને પછી હસીને કહ્યું—"કદાચ આ હથિયારો વગેરેને જોઇને આપના મનમાં તરેહ તરેહના ખ્યાલ આવતા હશે, પરંતુ આ દેખાવને જોઇને તમારે કોઇ પ્રકારના સંદેહને

તમારા ચિત્તમાં સ્થાન ન દેવું, આવા હથિયારો વિના આ ભયંકર વન પશુઓથી ભરેલા જંગલમાં એક ક્ષણ પણ અમારાથી શી રીતે રહી શકાય ? "

એમ કહીને તેણે સામે પડેલા સિંહચર્મોના ગંજ તરફ ઈશારો કર્યો. તે સમયે પ્રકાશચંદ્રના મનનો વહેમ સહજ ઓછો થયો. પછી તેણે પેલા ઘરધણીને કહ્યું કે—" મને બહુજ તરસ લાગી છે, માટે કૃપા કરી થોડું પાણી પાશો ! "

તેણે પૂછયું " તમે કેવા છો ? "

પ્રકાશચંદ્ર—" જી, હું બ્રાહ્મણ છું. "

આ સાંભળતાંજ તે ઘરધણી ઉઠીને ઊભો થયો અને ભક્તિ ભાવથી બે હાથ જોડીને પ્રકાશચંદ્રને પ્રણામ કર્યાં. ત્યાર બાદ તેણે " જંગલી ! " એમ જોરથી હાંક મારી.

તેજ વખતે એક ચૌદ પંદર વરસની ખૂબસૂરત બાળિકા સામે આવી ઉભી રહી. તે લાવણ્યમયી બાળિકા બાજૂની ઝુંપડીમાંથી આવી કે જમીનમાંથી ફૂટી નીકળી તે પ્રકાશચંદ્રને સમજાયું નહિં. તે ચકિત થઇને તેણીના પ્રફુલ્લિત કમળ સમાન મુખ તરફ એકી ટસે જોવા લાગ્યો. તે બાલિકાની દ્રષ્ટિ બીજી કોઈ દિશામાં નહોતી. તેણે ઘરધણી પ્રત્યે જોઇને પૂછયું. "શું છે? પિતાજી મને શા માટે બોલાવી ?"

તે ગૃહસ્વામીએ પ્રકાશચંદ્ર તરફ આંગળી બતાવીને કહ્યું—" આ મુસાફર બ્રાહ્મણ છે, તેઓ રસ્તો ભૂલીને આપણા જંગલમાં આવી પડયા છે, માટે કાંઇ ખાવાનું અને એક લોટો ચોખ્ખા પાણીનો લઈ આવ. "

તે બાલિકાએ પહેલીજ વખત દ્રષ્ટિ સ્થિર કરીને તે મુસાફર તરફ જોયું; પણ આ શું? જોતાં જોતાંજ તે સુંદર મુખનો રંગ કેમ બદલી ગયો ! તે સ્થિર વીજળીના જેવું મુખમંડળ એક અજાણ્યા મુસાફરને જોઇને આવું ચંચળ કેમ થઇ ગયું ! જાણે વાદળા વિના અને વાયુના

તોફાન વિના આકાશનો પૂર્ણ ચંદ્ર એકાએક અદ્રશ્ય થઈ ગયો ! પ્રકાશચંદ્રે બાલિકાના ચહેરાનો રંગ બદલવાનું જોઈ લીધું હતું, પણ તે તેનું કારણ કાંઈ સમજી શક્યો નહિં. પ્રથમ તેને જોઇને તે જેવો ચકિત થયો હતો, તે કરતાં વધારે આશ્ચર્યથી તે હવે તેને જોવા લાગ્યો.

તે વખતથી તે સુંદરી માથું નીચું રાખીને ધીરે ધીરે તે સ્થાનમાંથી ચાલી ગઇ. થોડી વાર પછી હાથમાં થોડાંક ફળો અને પાણીનો લોટો લઇને ત્યાં તેમની સામે આવી ઉભી. પ્રકાશચંદ્ર ઘણો તરસ્યો હતો, તેથી પ્રથમ તેણે પાણીજ પીધું, પછી પેલા ઘરધણીના આગ્રહથી કાંઈ ફળાદિ પણ ખાધાં. તે આહારથી તે સંતુષ્ટ થયો. પહેલાં તેના મનમાં જે થોડો સંદેહ ઉત્પન્ન થયો હતો, તેને બદલે હવે સ્નેહ અને કૃતજ્ઞતાએ તેના હૃદયમાં સ્થાન લીધું, વિશેષ કરીને તો તે બાળિકાને જોઇને મનમાં કોઈ પ્રકારનો સંદેહ રહી શક્યો નહિ.

નાસ્તો કર્યા પછી પ્રકાશચંદ્રે પેલા કદાવર પુરૂષને પૂછ્યું, "મારે અહીંથી રંગપુર જવાનું છે, તો કૃપા કરીને મને જણાવશો કે રંગપુર અહીંથી કેટલું દૂર છે ?"

ગૃહસ્વામી—"આપ જવા ઇચ્છો છો, તો આ જંગલ પણ રંગપુરથી જૂદું નથી. એટલે તે રંગપુર જિલ્લાની હદમાંજ આવેલું છે"

પ્રકાશચંદ્ર—"જી, હું ખાસ રંગપુર શહેરમાંજ જવા ઇચ્છું છું."

ઘરધણી—"રંગપુર શહેર અહીંથી ૭ ગાઉ દૂર છે."

આ સાંભળી પ્રકાશચંદ્ર અજાયબ થયો. સ્યામપુરના સ્ટેશનથી રંગપુર માત્ર ત્રણ ગાઉજ દૂર હતું, તે સ્ટેશનથી તે બરાબર ત્રણ ચાર કલાક ચાલ્યો હતો, તેમ છતાં રંગપુર અહીંથી ત્રણ ગાઉને બદલે છ ગાઉ દૂર છે એ સાંભળી તેને આશ્ચર્ય થાય, તેમાં કાંઇ નવીનતા ન હોતી. તે ગમે તેમ હો, તે વાતની ચિંતા મૂકી દઇને તેણે તે ગૃહસ્વામીનો નમ્રતાથી ઉપકાર માન્યો, અને કહ્યું કે—"કૃપા કરીને

કાલે પ્રભાતે મને રંગપુરનો રસ્તો બતાવી દેશો તો આપના મહદાભારમાં વૃદ્ધિ થશેજી."

ઘરધણી—(સહજ હસીને) "એ વાતની આપ કશી ચિંતા ન રાખો, તમને રસ્તાનો શ્રમ થયો છે માટે રાત્રે સુખથી આરામ કરો. કાલ સવારે જોઇ લેવાશે."

પ્રકાશચંદ્ર—"આપ આ જંગલમાં બાળ બચ્ચાં સાથે કેમ રહી શકો છો? આપ આ દેશના રહેવાસી તો જણાતા નથી."

ઘરધણી—"મારા કુટુંબમાં બીજું કોઇ નથી. અમે લોકો પશ્ચિમ તરફના રહેવાસી છીએ."

પ્રકાશચંદ્ર—"આપે મારા પર જે ઉપકાર કર્યો છે, તે હું જીંદગી પર્યંત નહિ ભુલું. આપનું નામ શું છે? અને આપ જાતે કેવા છો?"

ઘરધણી—(કાંઇક વિચાર કરીને) હું રજપૂત છું અને મારૂં નામ કિશનસિંગ છે."

પ્રકાશચંદ્રે જોયું કે તે બાળિકા તીવ્ર દૃષ્ટિથી તેના પ્રત્યે જોઇ રહી છે, એક નવયૌવના છોકરીને આવી રીતે એક અજાણ્યા પુરૂષ પ્રત્યે આવી નિર્લજ્જતાથી જોતી નિહાળીને પ્રકાશચંદ્રને કાંઇક નવાઇ લાગી. તેણે કિશનસિંગને પુછયું, "આ શું તમારીજ પુત્રી છે?"

કિશનસિંગ—"જી, હા, આ "જંગલી" મારીજ પુત્રી છે."

પ્રકાશચંદ્ર—"આવી અત્યંત સુંદર કન્યાનું આપે કોઈ સારૂં નામ કેમ પાડયું નથી?"

કિશનસિંગ—આ કન્યા જંગલમાંજ પેદા થઈ છે અને જંગલમાંજ રહી આટલી મોટી થઈ છે. વસ્તિ આ મનુષ્ય સમૂહ એણે ક્યારેય જોયો પણ નથી. તેથીજ મેં તેનું નામ "જંગલી છોકરી" અથવા કાંતાર કન્યા* રાખ્યું છે.

---

* કાંતાર કન્યા" કાંતાર શબ્દ સંસ્કૃત છે, અને તેનો અર્થ શબ્દ ચિંતામણિ નામે કોશમાં નીચે પ્રમાણે આપેલો છેઃ—૧ મોટું

તેજ વખતે કાંતાર કન્યા બોલી ઉઠી—"પિતાજી ! અત્યંત સુંદર કોને કહે છે ?"

કિશનસિંગ—(હસીને) "જે જોવામાં બહુ સારી લાગે, તેને 'અત્યંત સુંદર' કહે છે."

કાંતારકન્યા—"તો શું હું જોવામાં બહુ સારી લાગું છું પિતાજી ? કે મને તેઓ બહુ સુંદર કહે છે, તો શું હું એમના કરતાં પણ સુંદર છું ?

પુત્રીની આ વાતે એકાએક પિતાને નારાજ કર્યો. કિશનસિંહે ભવાં ચઢાવીને કહ્યું "જંગલી ! રાત ઘણી ગઇ છે, હવે જઇને સૂઇ જા."

આપણી વાર્તાની નાયિકા 'જંગલી' કિંવા 'કાંતારકન્યા' પ્રકાશ ચંદ્રની તરફ આડું જોતી જોતી ધીરે ધીરે ત્યાંથી ચાલી ગઇ. જતી વખતે તેણે એક લાંબો નિશ્વાસ નાખ્યો. તેના અવાજે પ્રકાશચંદ્રના હૃદયમાં મોટો આઘાત કર્યો.

કાંતાર કન્યાના જતાં રહેવા બાદ કિશનસિંગે પ્રકાશચંદ્રને કહ્યું, "તમને ઘણોજ શ્રમ થયો છે. હવે વધારે જાગવાની કશી આવશ્યકતા નથી. માટે ચાલો સુઈ જાઓ. કાલે સવારે હું તમને રંગપુરનો રસ્તો બતાવીશ."

એમ કહીને કિશનસિંહ ઉઠવા લાગ્યો. પ્રકાશચંદ્ર પણ તેની સાથે ઉઠી ઉભો થયો, ને ઝુંપડીથી બહાર નીકળીને કિશનસિંહ પ્રકાશચંદ્રને બાજૂના બીજા ખંડમાં લઇ ગયો. તે જગ્યા પહેલી કરતાં

અરણ્ય, ૨ દુર્ગમ માર્ગ, ૩ કાંટાના વૃક્ષ, ચોર, લૂંટારા વગેરેથી રોકાએલો (પૃથ્વીનો) માર્ગ. સામાન્ય રીતે 'કાંતાર' શબ્દનો અર્થ 'વન' થાય છે. તેથી "કાંતાર કન્યા" અને "વનકન્યા" એ પર્યાય છે.

કંઇક નાની હતી. તે બતાવીને તેણે કહ્યું. "આપ આ ઘરમાં આરામથી નિંદ્રા લ્યો."

એમ કહીને કિશનસિંહ તે ઘરથી બહાર નીકળીને ફરી પેલી ચોખુણી ઝુંપડીમાં ચાલ્યો ગયો. તેના જવા બાદ પ્રકાશચંદ્ર દીવાના પ્રકાશમાં તે ઝુંપડીમાંના ચોતરફના દેખાવને જોવા માંડયો. તે તપાસી લીધા બાદ જેવો તે દરવાજો બંધ કરીને સૂવાની તૈયારી કરવા લાગ્યો કે પેલી કાંતાર કન્યા વીજળીની પેઠે દોડતી આવી તેની સામે ઉભી રહી. આવતાં વેંતજ તેણે પોતાના નાક પર આંગળી મૂકી એકદમ ચુપ રહેવાનો ઇશારો કર્યો.

કાંતાર કન્યાનું આવું વિચિત્ર વર્તન જોઇ પ્રથમ તો પ્રકાશચંદ્ર ત્યાં ને ત્યાંજ સ્થંભિત થઇ રહ્યો, પછી ભયને લીધે તેનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. તે કન્યાએ ઠેઠ તેના કાન પાસે પોતાનું મુખ લઇ જઇને બહુજ ધીમા સ્વરે કહ્યું: "સાવધાન! આજની આખી રાત ઉંઘ ન કરશો, સૂવાથી તમારા પ્રાણ બચશે નહિ. મારો બાપ લૂંટારો છે, તમે લુટારાઓના હાથમાં સપડાયા છો; હું તમને બચાવીશ."

આ વાત સાંભળીને પ્રકાશચંદ્ર પગથી માથા સૂધી થરથરી ગયો. તે કન્યા પણ આટલી ચેતવણી આપવા સાથેજ ત્યાંથી ચાલી ગઈ. પ્રકાશચંદ્ર ભયને લીધે ઝટપટ તે ઝુંપડીના દરવાજો અંદરથી બંધ કરી દીધો, અને ત્યાં તે એક જમીન પર બિછાવેલી જાજમ પર ચુપચાપ બેસી રહ્યો. દીવામાં તેલ ન હોવાથી તે પણ ઓલાવા લાગ્યો. ધીરે ધીરે દીવો હોલવાતાં ચોતરફનો દેખાવ અંધારામાં અદ્રશ્ય થઇ ગયો. પ્રકાશચંદ્ર તે અંધારી કોટડીમાં ચુપાચુપ બેઠે બેઠે જમીન આસમાનની ગણત્રી કરવા લાગ્યો! તેજ વખતે તે કોટડીની બહારથી કોઇ તાળુ દેતો હોય, એવો અવાજ સંભળાયો. ખરેખર, પ્રકાશચંદ્ર હમેક મોટા લુટારાની કેદમાં સપડાઇ ગયો.

પછી તેનો ઉપાય શો? કાંતાર કન્યાની ધીરજ આપવાવાળી વાતો સિવાય બીજો કંઈ બચવાનો ઉપાય હતોજ નહિ. પરંતુ શું

તેની વાતો પર વિશ્વાસ રાખવો યોગ્ય ગણી શકાય? શું એક લૂંટારાની દીકરી તેના બાપને દગો દેશે? એક અજાણ્યા માણસ પ્રત્યે તે એવી ભલાઈ શા માટે કરશે? આ સર્વ વાતો પ્રકાશચંદ્રને એક ગુંચવણવાળી સમસ્યાના જેવી જણાતી હતી.

આ વખતે પ્રકાશચંદ્રને એવું સંભળાયું કે જાણે કિશનસિંહ બીજા બે માણસોની સાથે ધીરે ધીરે કાંઇ વાતચીત ચાને મનસલ કરે છે. પ્રકાશચંદ્ર ધીરે ધીરે તે કોટડીના દરવાજા પાસે જઇને ઉભો રહ્યો. પ્રથમ કેટલીકવાર બહારના માણસોની ધીમી વાતચીત તેના સમજવામાં ન આવી. ઘણીવાર સુધી કમાડની ફાટમાં કાન માંડી ઉભા રહેવા પછી તેને નીચે લખેલી વાતચીતના શબ્દો સંભળાયા:—

કિશનસિંહ—"ભુષણ! જ્યારે તેના હાથમાં સોનાની વીંટી અને ગજવામાં સોનાના અછોડાનું ઘડિયાળ છે ત્યારે તેની પાસે કાંઇક રૂપિઆ પણ જરૂર હોવા જોઇએ."

એક બીજો અવાજ એમ કહેતો સંભળાયો—"જ્યારે તે પોતેજ આપણા હાથમાં આવી ફસાયો છે, ત્યારે જરૂર તેની પાસેથી કાંઇક લાભ થશેજ."

ત્યારે એક ત્રીજો અવાજ સંભળાયો—"હવે તે સુઇ ગયો હશે, માટે આ વખતેજ લાગ સારો છે."

કિશનસિંહ—"જરા સબુર કરો, જંગલી (કાંતાર કન્યા) ના સૂઇ જવા વિના આપણું ધારેલું કાર્ય થઇ શકશે નહિ."

ઉપલી વાતચિત સાંભળતાંજ પ્રકાશચંદ્રના તો હોંસજ ઉડી ગયા. તે વધારે વખત સુધી ત્યાં ઉભો રહી શકયો નહિ. તે ચુપાચુપ ત્યાંજ બેસી ગયો. એવે વખતે તેને એમ જણાયું કે જાણે તેની કોટડીનો દરવાજો બહારથી કોઇ ધીરે ધીરે ઉઘાડે છે. તે વખતે પ્રકાશચંદ્રનું અંતઃકરણ ધડકવા લાગ્યું. બીજીજ ક્ષણે દરવાજો ખોલીને ધીરે ધીરે કોણ જાણે કોઇએ તે ઘરમાં પ્રવેશ કર્યો. પ્રકાશચંદ્ર ફરી ધ્રુજ્યો.

પોતાની જીંદગીથી એકવાર નાઉમેદ થઇને તે પરમેશ્વરનું નામ સ્મરણ કરવા લાગ્યો.

પછી અંધારામાં એવું જણાયું કે જેણે ધીરેધીરે તે ઝુંપડીમાં પ્રવેશ કર્યો હતો તે ઘણી ચુપકી અને સાવધાનીથી પગ મુકતો ઉપાડતો કાટડીની વચ્ચે આવીને તે ઝાઝમ ઉપરની કાંઇ ચીજ ખખડાવીને તપાસ કરવા લાગ્યો પ્રકાશચંદ્ર આ વખતે ભયને લીધે એક ખુણામાં છુપાઈ રહ્યો હતો. તે આવનારે તે વખતે ધીમા અવાજથી કહ્યું. ક્યાં ગયા ? જલદી મારી સાથે અહીંથી નાશો, નહિ તો મૃત્યુ સમિપમાંજ છે."

તે ધીમા અવાજને સાંભળીને ઓળખ્યો કે તે કાંતાર કન્યાજ છે. જાણે તેની સુકાઈ ગએલી નાડીમાં ફરી જીવ આવ્યો હોય તેમ ખુણામાંથી ઉઠીને તેણે કહ્યું "હું આ રહ્યો."

તે અવાજ પ્રત્યે આગળ વધીને તે કન્યાએ પ્રકાશચંદ્રનો હાથ પકડી લીધો, અને બહાર નીકળીને તેનો હાથ પકડી રાખીને તીરની પેઠે અંધારા જંગલમાં દોડવાનું શરૂ કર્યું. પ્રકાશચંદ્ર માત્ર પ્રાણના ભયેજ તેની સાથે દોડતો જતો હતો, નહિ તો એવા ભયંકર જંગલમાં તે જંગલી કન્યાને માટે તો દિવસ તેમજ રાત્રી સરખાંજ હતાં. એવા જંગલમાં એવે સમયે અંધકારમાં આટલી ઝડપથી દોડવું એ તેના માટે સાધારણ વાત હતી; તેથી તેને તેમાં કાંઇ તકલીફ પડતી નહોતી. પ્રકાશચંદ્રનો હાથ પકડી રાખીને દોડવામાં પણ તેને કાંઇ પ્રકારનું દુઃખ જણાતું નહોતું. શા માટે તેમ નહોતું, તે આગળ ચાલતાં એની મેળે જણાશે.

પ્રકરણ ૩ જું.

પાપ પુણ્યની વ્યાખ્યા.

એ પ્રમાણે દોડતાં દોડતાં તે બંને જણાએ તે જંગલનો ઘણો ભાગ પસાર કર્યો. તે સર્વ સ્થળો તે કન્યાના પુર્ણ પરિચિત હતાં, તેથીજ તે તીરની પેઠે ઝપાટાબંધ દોડી જતી હતી; પરંતુ પ્રકાશચંદ્રને એ વાતની પણ શંકા ઉત્પન્ન થઇ કે શું તે જંગલી જનાવરોની પેઠે અંધકારમાં જોઇ પણ શકે છે! હા, જંગલમાં રહેનારા લોકને માટે બહુધા એ વાત સાધારણ છે. એક બાલિકાને આ પ્રમાણે નિડરતાથી દોડતી જોઇને પ્રકાશચંદ્રના ચિત્તનો ભય પણ કેટલેક અંશે દુર થયો.

એ પ્રમાણે તેઓ લગભગ બે ગાઉ સુધી ચાલ્યાં ગયાં. કાંતાર કન્યાને મુદ્દલ થાક લાગ્યો જણાતો નહોતો; પરંતુ પ્રકાશચંદ્ર ધમણની પેઠે હાંફતો હતો. હવે તેનાથી વધારે દુર ચાલી શકવાનું અસંભવિત હતું, એમ તે જંગલી કન્યાએ સમજી લીધું. તેથી પોતાના એક જાણીતા ભાગેલા ખંડિએરમાં પ્રકાશચંદ્રને તે લઈ ગઇ અને રાત્રીનો બાકીનો ભાગ ત્યાં આરામ કર્યો.

મોટા મળસ્કામાં ઉઠીને ફરી બંને જણાએ ચાલવા માંડ્યું, એટલે સુર્યોદય થતામાં તેઓ તે આખું જંગલ ઓળંગીને એક મોટા ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યા. તે વખતે તે કન્યાએ પ્રકાશચંદ્ર પાસે રજા લેવાની ઇચ્છા જણાવી આંખોમાં આંસુ લાવી તેણે કહ્યું: "હવે અહીંથી ચાલ્યા જવામાં તમને કશો ડર નથી, હવે તમે સુખેથી ચાલ્યા જાઓ."

પ્રકાશચંદ્ર કાંતાર કન્યાની આ વાત અને તેની ઉત્તમ પ્રકારની લાગણી જોઇને કાંઇક અજાયબ થયો પરંતુ બીજું કાંઇ ન પૂછતાં તેણે પહેલો સવાલ એજ કર્યો કે—"અહીંથી કઈ દિશામાં જવાથી રંગપુર શહેર આવશે?"

કાંતાર કન્યા: "એ કાંઈ હું જાણતી નથી હું ક્યારે પણ આ જંગલથી બહાર નીકળીજ નથી, એટલે મેં કોઈ શહેર કે ગામ જોયુંજ નથી.

પ્રકાશચંદ્ર કેટલીકવાર સુધી તેના સરળ ભાવવાળા સુંદર મુખારવિંદ પ્રત્યે જોઈજ રહ્યો, ત્યારબાદ તેણે પૂછ્યું: "જંગલી! તેં મારો જીવ બચાવ્યો છે, હવે જો તું ત્યાં જઈશ તો કદાચ મોટી વિપત્તિમાં પડી જઈશ."

કાંતાર કન્યા—"મને મારો બાપ જીવથી તો નહિજ મારી નાંખે, પણ ખુબ માર તો મારશે ખરોજ."

પ્રકાશચંદ્ર—"શું તારો બાપ તને મારે છે પણ ખરો કે?

"મારના દાગ જોશો?" એમ કહીને તેણે પોતાનું પહેરેલું લુગડું કાઢી નાખ્યું! અને તદ્દન નાગી થઈને પ્રકાશચંદ્રને મારનાં ચિન્હો બતાવવા લાગી! તે દાગોને જોઈને પ્રકાશચંદ્રને કંપારી છુટી, તે સાથે તેને આશ્ચર્ય પણ થયું તેને આશ્ચર્ય એ વાતનો થયો કે આ બાલિકા આટલી બેશરમ કેમ છે? તે તદ્દન નાનું બાળક પણ નથી, તે લગભગ જુવાન થવા આવી છે; તેમ છતાં તેણે આમ લુગડાં કેમ કહાડી નાંખ્યાં? કેટલીકવાર સુધી વિચાર કરીને પ્રકાશચંદ્રે ફરી પોતાના મનમાં ધાર્યું કે—"આ છોકરી જંગલમાંજ ઉછરીને આટલી મોટી થઈ છે, તે સંસારની સ્થિતિથી બિલકુલ અણવાકેફ છે તેથીજ આમ નાગી થઈ જવામાં તેને કાંઈ શરમની વાત સમજાતી નથી." હશે સંસારની સ્થિતિ ન જાણવાવાળી તે બાળિકાનું આવું કૃત્ય જોઈને તેને તે નિંદનીય ન સમજ્યો, અને બોલ્યો. મેં તમારી સાથે નાસી આવવામાં સારૂં કામ ન કર્યું, બીજાને વિપત્તિમાં નાખીને પોતાનો છુટકારો મેળવવો એ હું ઉચિત સમજતો નથી."

કાંતાર કન્યા—"તમે દિલગીર ન થાઓ. તમારા પ્રાણનો નાશ થાત, એ તમારા પરજ વિપદ હતી; મારા તો પ્રાણ જવાના નથી, પછી મને શી વિપદ છે!"

પ્રકાશચંદ્ર—"ભલા, તું પણ મારી સાથે ચાલે તો શી અડચણ છે? આ જંગલમાં તને શું સુખ મળવાનું હતું?"

કાંતાર કન્યા—"હું તો એમ સમજું છું કે—જંગલમાં રહેવાથીજ સંપૂર્ણ સુખ મળે છે. જો તમે પણ જંગલમાં રહીને અનુભવ લ્યો, તો જે સુખ તમને મળશે, તેને તમે ક્યારે પણ ભુલી શકશો નહિ. આ જંગલથી બહાર નીકળવામાં મને તો કોણ જાણે કેવાય પ્રકારની બીક લાગે છે! પરંતુ તમારી સાથે ચાલવાની તો મારી ઇચ્છા પણ થાય છે. તમને મૂકીને આ સુખમય જંગલ પણ મને સારૂં નહીં લાગે?"

પ્રકાશચંદ્રે કાંતાર કન્યાની આ પ્રકારની ઇચ્છા જાણીને પ્રસન્નતા પૂર્વક કહ્યું:—"તેં સારો છવ બચાવ્યો છે, અને તું મારી સાથે ચાલવામાં રાજી છો, તો હવે હું તને આ જંગલમાં ફરી જવા દઇ તારા ક્રૂર પિતાના મારનો ભોગ નહિ થવા દઇશ. હું તે નિર્દય પિતાના હાથમાંથી તારો ઉદ્ધાર કરીશ, તું ખુશીથી મારી સાથે ચાલ."

ત્યારે જંગલી કન્યાએ પ્રકાશચંદ્રના મુખ પ્રતિ સતૃષ્ણ ભાવે જોઇને કાંઇ નમ્રતા અને ઉદાસી ભરેલે ચહેરે કહ્યું: "ઠીક ત્યારે ચાલો. તમે મારી સાથે હશો તો મને કાંઇ દુઃખ નહિ થાય."

આ પ્રમાણે કાંતાર કન્યાની પોતાની સાથે ચાલવાની સંમતિ જોઇને પ્રકાશચંદ્રનું મન આનંદથી અત્યંત પ્રફુલિત થયું તે તેને સાથે લઇને તે મેદાનમાં આગળ ચાલ્યો. પ્રકાશચંદ્ર આગળ અને કાંતાર કન્યા પાછળ એમ ચાલવા લાગ્યા. ત્યાં કાંઇ રાત્રીનું અંધારૂં નહોતું, તેમ તે ભયંકર જંગલ પણ નહોતું, તેમ છતાં જાણે ડરતી હોય તેમ દોડીને તેણે પ્રકાશચંદ્રનો હાથ પકડી લીધો! તે અજ્ઞાન યૌવના બાળિકાનો સ્પર્શ થવાથી પ્રકાશચંદ્રના રૂંવાડા ઉભા થઇ ગયા કોણ જાણે શાયે કારણથી પોતાનો હાથ પકડતાં તેણે કાંતાર કન્યાને રોકી નહિ, તેમ હાથ પકડ્યા પછી તે છોડવાની પણ કોશીશ કરી

નહીં. બંને જણુ એક બીજાને હાથ પકડીને આગળ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં પ્રકાશચંદ્રે કહ્યું: "જંગલી! તારા બાપ સિવાય તેં આજ સૂધી બીજા કોઈ પુરૂષને જોયો છે કે નહિ?"

કાંતાર કન્યા: "હા, જોયો છે, એક બિશુ-દયાળ, અને બીજા ભૂષણુલાલને. રાત્રે તે બંને પણુ આવ્યા હતા. પણુ કોણુ જાણે શા કારણુથી તે બંને જણુથી બોલવાનું મને ગમતું નથી."

પ્રકાશચંદ્ર— "શા માટે?"

કાંતાર કન્યા—"તે બંને શું તમારી પેઠે દેખાવમાં સારા છે? તે તો કાળા ભુત જેવા છે. તેમ તેઓ તમારી પેઠે શું મીઠી મીઠી વાતો કરી શકે છે? કોણુ જાણે તેની પાસે જવામાં પણુ મારો જીવ બહુજ ગભરાય છે. હું તેનાથી દૂરજ રહેવા ઇચ્છુ છુ, અને તેને ધિક્કારૂં છું."

પ્રકાશ૦—"તે પણુ તારા બાપના સાથી છે, શું તારા બાપને પણુ તું ધિક્કારે છે?"

કાંતાર કન્યા: "ના, તેનાથી તો હું એટલી દૂર નથી રહેતી. પણુ એટલું તો ખરૂં કે તેને માટે મને ઘણું દુઃખ થાયછે, અને ક્યારે ક્યારે હું તેના માટે રડી રહું છું."

પ્રકાશ૦—"એક પાપી પિતાની પુત્રી છતાં તું મહા પુણ્યવતી છે."

તે ભોળી બાળિકાએ ઉદાસ ભાવથી પ્રકાશચંદ્રના મુખ પ્રત્યે જોઇને કહ્યું "હું એમ પણુ નથી સમજતી કે પાપ શું છે? અને પુણ્ય શું છે?"

પ્રકાશ૦: "તારો બાપ શું ધંધો કરે છે?"

કાંતાર કન્યા: "મેં સાંભળ્યું છે કે તે લૂંટારાનો ધંધો કરે છે, માણુસોને મારી નાખે છે, અને તેમની પાસે માલ મિલ્કત હોય છે તે લઇ લે છે."

પ્રકાશ૦ "એવાંજ કર્મોને પાપ કર્મ કહેવામાં આવે છે. તારો

બાપ એવાં પાપ કર્મ કરે છે, તેનાથી શું તારા મનમાં દુઃખ નથી થતું ?"

"ઘણુંજ દુઃખ થાય છે."

"એજ તારા પુણ્યનું લક્ષણ છે."

એ વાતપર વિચાર કરી તે જંગલી કન્યાએ કહ્યું: "ઠીક ભલા તમારી પાસે રહેવાની મને ઘણી મરજી થાય છે, મારા બાપને છોડીને હું તમારી સાથે આવી છું તે પાપ કે પુણ્ય ?"

પ્રકાશ૦ "જ્યારે એ બાબતમાં તને કશું દુઃખ થતું જણાતું નથી, ત્યારે તે પુણ્યજ છે. જે કામ કરવામાં આપણા મનને દુઃખ થાય તે પાપનું કામ છે."

કાંતાર કન્યા—(હસીને) "હવે હું પાપ અને પુણ્યનો ભેદ બરાબર સમજી ગઇ."

પ્રકાશ૦ "ઠીક ત્યારે કહે જોઇએ કે પાપનું કામ કરવાથી શું થાય અને પુણ્યનું કામ કરવાથી શું થાય છે ?"

કાંતાર કન્યા—"પાપ કર્મ કરવાથી મનને દુઃખ થાય છે, અને પુણ્ય કર્મ કરવાથી મનને આનંદ થાય છે."

પ્રકાશ૦—"એ તો તું જાણતીજ હશે કે—એક દિવસે સર્વને મૃત્યુ આવે છે ?"

કાંતાર કન્યા—"હા, એ વાત મેં સાંભળી છે."

પ્રકાશ૦—(ગંભીર પણે) "સાંભળ જંગલી ! મરો પછી આ પાપ પુણ્યનો ઇન્સાફ થાય છે, જેણે આ બ્રહ્માંડ રચ્યું છે, તેજ આ વાતનો ન્યાય કરે છે. મનુષ્ય માત્રને બીજા જન્મમાં પોતાના કીધેલાં પુણ્ય પાપનું ફળ ભોગવવું પડે છે. આ સંસાર મહા કઠીન સ્થાન છે; તેમાં વધારે સાવધાની ન રાખવાથી પગલે પગલે વિપત્તિ આવી પડે છે. તું આ વખત પ્રથમ સંસારમાં પ્રવેશ કરે છે, એટલે

મારે તારે વધારે સાવધાન રહેવું જોઇએ. સંસારમાં પાપ કર્મ કરવાની મોટી લાલચો હોય છે, પોતાનું મન પોતાના સ્વાધીનમાં ન રહેવાથી તે લાલચો આપણા ઉપર દબાણ કરેછે. મને વિશ્વાસ છે કે તું કોઇ પ્રકારની એવી લાલચોમાં નહિ પડે."

કાંતાર કન્યા (આશ્ચર્યથી પ્રકાશચંદ્રના મુખ પ્રત્યે નિહાળીને ઘણા ધીમા અવાજે)—સંસારની એવી લાલચો કોને કહે છે?"

પ્રકાશ૦—પાપ કર્મોમાં પ્રિતિવાળા થવામાં મનમાં એક પ્રકારનો મોટો લોભ ઉત્પન્ન થાય છે. હું તેનેજ લાલચ કહું છું."

કાંતાર કન્યા—"જ્યારે કદી એવી લાલચ ઉત્પન્ન થાય છે, ત્યારે પણ મનમાં એક પ્રકારનું દુઃખ તો થતુંજ હશે ને?"

પ્રકાશ૦—"હા, પ્રથમ કેટલીક વાર એવું દુઃખ થાય, પરંતુ વારંવાર પાપ કર્મ કરવાથી પછી તેવું દુઃખ થતું જણાતું નથી."

કાંતાર કન્યા—"ત્યારે જે કામ કરવામાં મનમાં કાંઇ પણ દુઃખ થશે, એવું કામ હું કદી નહિંજ કરૂં. જે કામોથી ચિત્તમાં વિશેષ આનંદ થશે, તેજ કામોમાં હું હાથ નાખીશ."

પ્રકાશ૦ "તારી વાતો સાંભળીને મને ઘણુંજ સંતોષસુખ થયુંછે."

એમ વાતો કરતાં કરતાં ચાલ્યા આવતાં પ્રકાશચંદ્રે જોયું તો તેઓ એક ગામને પાદરે આવી પહોંચ્યા હતા. તેથી ગામમાં જઇ પ્રકાશચંદ્રે એક ગાડું ભાડે કરી લીધું તેના પર બંને જણાં નિર્વિઘ્ને રંગપુરને રસ્તે ચાલ્યાં. પરંતુ પાપ કોને કહે છે અને પુણ્ય કોને કહે છે? એ વાત અજ્ઞાત બાળાને સારી રીતે સમજાવી દેવાથી પ્રકાશચંદ્રને કેટલીક વાર પહેલાં જે સંતોષ અને આનંદ થયો હતો, તે હમણાં જતો રહ્યો! શા કારણથી એમ થયું? તે આગળ ઉપર સ્વયં સમજાશે.

પ્રકરણ ૪થું.

જગતચંદ્રનું કુટુંબ

જગતબાબુ રંગપુરના ડેપ્યુટી માજીસ્ટ્રેટ છે, તેઓ વીશ વર્ષથી એજ પ્રકારની સરકારી નોકરીમાં છે, તેમાં તેમણે માન અને દ્રવ્ય સંબંધી ઘણી સારી ઉન્નતિ પ્રાપ્ત કરી છે. આ વખતે તેઓ ફર્સ્ટ ક્લાસના ડેપ્યુટી માજીસ્ટ્રેટ છે, ક્યારે ક્યારે તેમને જરૂર પડતાં મુખ્ય માજીસ્ટ્રેટના હોદ્દાનું પણ કામ સોંપાય છે તેઓ રાજા પ્રજા બંને પક્ષના પ્રિય અને માનકારી અમલદાર છે. તેમનું ચરિત્ર નિર્દોષ અને તેમની નિષ્ઠા સંપુર્ણ પ્રમાણિક છે, એવા અમલદારો માન અને યશ સાથે રાજા પ્રજાની પ્રીતી મેળવે તેમાં શું આશ્ચર્ય છે? પ્રમાણિકપણું એ નોકરીનો જીવ છે, આ પ્રમાણિક નોકરી શબ સમાન છે.

જગતબાબુની સ્ત્રી કેટલીક મુદતથી પરલોક વાસિની થઈ છે, તેમને પુત્ર સંતતિ નથી. માત્ર બે પુત્રીઓ છે તેમાં મોટીનું નામ હેમવતી અને નાનીનું નામ પ્રભાવતી છે. હેમવતી નાનપણમાં વિધવા થયેલી છે, આ વખતે તેની ઉમર ૨૯ વર્ષની છે; પ્રભાવતીના લગ્ન થયાને હજુ માત્ર બે વર્ષજ થયાં છે, તેની ઉમર તેરેક વર્ષની છે. હેમવતીના જન્મ બાદ તેમને બીજા બે પુત્રો પણ થયા હતા પણ તે બાળાવસ્થામાંજ ગુજરી ગયા. ત્યાર બાદ તેમને ત્યાં એક પુત્રી પણ જન્મી હતી, પરંતુ તે જ્યારે એક વર્ષની ઉમરની થઈ ત્યારે તેને લૂંટારા ઉપાડી ગયા હતા. પ્રભાવતી એ સમયે તેની માતાના ઉદરમાં હતી. પ્રભાવતીનો જન્મ થયા બાદ તેની માતાનો પરલોક વાસ થયો. ઘરમાં બીજી કોઈ સ્ત્રી ન હોવાના કારણથી હેમવતી (કે જેની ઉમર તે વખતે ૧૬ વર્ષની હતી તેના) ઉપર તે નાની બાળકી (પ્રભાવતી) ના પાલનનો સર્વ ભાર પડ્યો. મોટી બેન હેમવતીની પૂરી સંભાળથી પ્રભાવતી ધીરે ધીરે મોટી થતી ગઈ તેજ પ્રભાવતીને એક માસ પછી પૂરાં ૧૩ વર્ષ થવાના છે.

આજ સાંજે પોતાની પ્રાણુપ્યારી બ્હેન પ્રભાવતીને કાંઇ ઉદાસ જોઇને હેમવતીને બહુજ વ્યાકુળતા થઇ. ઘણા હેતથી નાની બ્હેનના મુખપર ચુમ્બન લઇને તેણે કહ્યું "પ્રભા આજનો દિવસ તારે માટે મોટી ખુશીનો છે, આજ ઘણા દિવસો પછી તારો પતિ આવવાનો છે. એ ખબર સાભળવા છતાં પણ તારો ચહેરો આજ મલિન અને ઉદાસ કેમ છે ?"

મોટી બેનનાં વચન સાંભળી ધીરેધીરે પ્રભાવતીએ પોતાનું માથું નીચું કરી લીધું ને હેમવતીના સવાલનો કાંઈ જવાબ આપી શકી નહિ. ત્યારે હેમવતીએ તેના નમેલા માથાને ધીરેથી ઉંચું કરીને ફરી પૂછ્યું: પ્રભા ! આ શું ? આજ તો તારે સારાં સારાં લુગડાં અને કિંમતી ઘરેણાં પહેરીને આનંદિત ચહેરે રહેવું જોઇએ ? કે આમ ઉદાસ ચહેરે જેમ ને તેમ ફરવું જોઇએ? આજ તો તારો પતિ આવવાનો છેને ?"

આ વાત સાંભળીને પ્રભાવતીએ પોતાનું માથું મોટી બ્હેનના ખોળામાં નમાવી દીધું. હેમવતીએ તેને મોટા પ્યારથી પોતાના ખોળામાં બેસાડી લીધી. પણ આ શું ? પ્રભાવતી એ સમયે ડૂસકાં ભરતી ભરતી રોવા કેમ લાગી ? તેને રોતી જોઇને કોણ જાણે શા કારણથી હેમવતીની આંખમાં પણ આંસુ ભરાઈ આવ્યાં ! પરંતુ તેણે જલદીથી પોતાના છેડાથી પોતાના આંસુ લોહી નાંખ્યા, અને નાની બેન પ્રભાવતીનું પણ મોઢું લુછી નાંખ્યું અને તેને ધીરજ આપતાં તેણે કહ્યું: "પ્રભા ! આતો ઘણું ખરાબ ! આજના માંગલિક દિવસે તેં રડવા માંડ્યું ! પુત્રીઓને માટે આના કરતાં વધારે બીજો ખુશીનો દિવસ કયો હોય છે ? હવે તું કાંઈ બાળકી નથી; બ્હેન પ્રભા ! સ્ત્રીઓને માટે પોતાના પતિ કરતાં વધારે પ્યારી વસ્તુ આ સંસારમાં બીજી કાંઇ નથીજ થતી !"

પ્રિય પાઠક! છેલ્લી વાત કહેતાં કહેતાં હેમવતીનો કંઠ કેમ ભરાઇ આવ્યો? અરે! અમે ભૂલી ગયા કે તે એક આર્ય બાળ વિધવા છે! તેણે પતિનું સુખ કદી જોયું ન હોતું, તેને માટે જે સુખ મળવાનું આ જન્મમાં અસંભવિત હતું તે સુખ પ્રભાવતીને સમિપ આવવા છતાં તે તેની કિંમત સમજી શકતી નહોતી, એજ હેમવતીના મહાન ખેદનો વિષય હતો.

હેમવતીએ કલાકો સૂધી ધીરજ આપી આપીને પ્રભાવતીને ખૂબ સમજાવી; પણ તેનું મુખ પ્રસન્નતા યુકત થયું નહિ. ત્યાર બાદ મોટા ખેદની સાથે તે તેનું માથું ઓળવા લાગી. માથું ઓળતાં ઓળતાં સાંજ પડી ગઇ. તે સમયે હેમવતીએ મોટી પ્રસન્નતાથી પ્રભાવતીને સારાં સારાં ઘરેણાં લૂગડાં પણ પહેરાવ્યા.

ધીરે ધીરે રાત્રીના આઠ વાગી ગયા, હેમવતી તે વખતે ઘણી ખુશીમાં હતી, પરંતુ પ્રભાવતીનું હૃદય અંદરથી કોણ જાણે શા કારણથી ગભરાતું હતું. એટલામાં બહારથી કોઇના આવવાનો અવાજ સંભળાયો. હેમવતી મોટી આશાથી તે તરફ જોવા લાગી. થોડીવાર પછી એક નોકરે આવીને કહ્યું: માજી! જમાઇ બાબૂ તો આજ આવ્યા નહિ, અને સ્ટેશન પર તેમની બહુ તલાશ કરી પણ તેઓ કયાંય જણાયા નહીં."

આ વાત સાંભળતાંજ હેમવતીના તો હોંસજ ઉડી ગયા, પણ પ્રભાવતી ઘણીજ ખુશી થઇ! અને ત્યાંથી દોડીને બીજા ઓરડામાં જતી રહી. હેમવતીએ તેના તરફ કાંઇ ધ્યાન આપ્યું નહિં તેણે નોકરને પૂછયું: "રામચરણ, શું તું જાણે છે કે જમાઇરાજ શા કારણથી આવ્યા નહિં?"

રામચરણ નોકરે કહ્યું: "તે હું શી રીતે જાણું? માજી! બાબુજી પણ એ બાબતમાં કાંઇ જાણતા નથી. કલકત્તાથી તો તાર

આવ્યો હતો કે 'જમાઇરાજ રેલ્વેમાં ચઢી ચૂક્યા છે.' પણ રસ્તામાં કોણ જાણે તેઓ ક્યાં રોકાઇ ગયા ?

આ વાત સાંભળીને હેમવતીએ એકવાર શોકાકુળ થઇને ચારે તરફ જોયું, પણ પ્રભાવતીને ન જોવાથી તેને શોધવાને તે બીજા ઓરડામાં ગઇ. ત્યાં પ્રભાવતીને ઘણીજ પ્રસંન જોઇને તેને મોટી નવાઇ લાગી. કાંઇક વખત રોકાઇને તેણે હાંક મારી- "પ્રભા!"

હેમવતીની વાત પર કશું ધ્યાન ન દેતાં પ્રભાવતી બોલી:" બ્હેન! મારાં બધાં ઘરેણાં ઉતારી લે, મને તે ગમતાં નથી."

હેમવતી—" હું એજ વિચારમાં છું કે પ્રકાશચંદ્ર હજૂ સૂધી કેમ આવ્યા નહિ? શું તને તેમને માટે કાંઇ પણ દિલગીરી નથી થતી ?"

અમારા સુજ્ઞ વાચનારાઓને કદાચ એ વાત ખાસ જણાવવાની આવશ્યકતા નહિ હોય કે જેને આપણે કાંતાર કન્યા સાથે રંગપુરને રસ્તે આવતો છોડી આવ્યા છિએ તેજ પ્રકાશચંદ, બાબૂ જગતચંદ્રનો જમાઈ પ્રભાવતીનો પતિ થાય છે.

હેમવતીનો ઉપલો પ્રશ્ન સાંભળીને પ્રભાવતીએ લજ્જાથી પોતાનું માથું નીચું કરી લીધું. પણ મોટી બ્હેનના પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. ત્યારે ફરી હેમવતીએ પૂછ્યું: "પ્રભા! તું માત્ર મારી સગી બ્હેન છો, એટલુંજ નહિ પણ હું તને ખાસ મારી પુત્રીની પેઠે ચાહું છું મારો આશીર્વાદ ક્યારે પણ નિષ્ફળ નહિ થાય. હું તને આશીર્વાદ આપું છું કે તું ઘણી ઉતાવળે પોતાના પતિ માટે ગાંડીની પેઠે ફરીશ! આ વખત તું જેમ તેના નામથી બળી ઉઠે છે, તેવીજ રીતે પછી એક ક્ષણને માટે પણ તેનાથી જૂદી થવાને તારો જીવ નહિ ચાહે. જેટલો વખત તું આ સંસારમાં રહીશ, તેટલો વખત તારી એવીજ દશા થશે. ત્યાર બાદ સ્વામી પ્રત્યે જોતાં તેમના માટે જેટલું બની શકશે તેટલું તું સર્વ કરીશ.' આવો આશીર્વાદ મને કોઇએ આપ્યો નહોતો."

પ્રભાવતી—"બહેન! મને ઉંઘ આવે છે, મારાં ઘરેણાં લુગડાં ઉતારી લેને!"

પ્રભાવતીની આવી લૂખી વાણી સાંભળી હેમવતી કાંઇ બોલી નહિ, પણ તેના ઘરેણાં ધીરે ધીરે સંભાળ પૂર્વક ઉતારી લીધાં, અને કપડાં પણ બદલાવ્યાં. ઘરેણાં અને લુગડાંનો ભાર ઓછો થતાં પ્રભાવતી ઝટ જઇને પલંગપર લેટી પડી, અને થોડીવારમાં તો ગાઢ નિદ્રામાં સૂઇ ગઇ.

તેજ વખત હેમવતીના પિતા બાબુ જગતચંદ્રે તે ઘરમાં પ્રવેશ કર્યો. પોતાની પ્રિય પુત્રી હેમવતીને ઉદાસ જોઇ તેણે તેને એજ સવાલ કર્યો: "કેમ, પુત્રી! તું પ્રકાશચંદ્રને માટે ચિંતા કરતી જણાય છે? હું ધારૂં છું કે તેમને ગાડીમાં કોઇ મિત્રની સાથે મુલાકાત થઈ ગઇ છે, અને તેમના કહેવાથી તેઓ વચ્ચે કોઈ સ્ટેશન પર ઉતરી પડયા છે, અથવા કોઇ જરૂરી કામે કયાંક રોકાઇ ગયા છે, અને ગાડી છૂટી જવાથી તેઓ રહી ગયા છે."

હેમવતી—"હા, પિતાજી! આપ કહો છો તે ખરૂં હશે, પણ જો તેમ હોય તો તેઓ તારથી આપણને ખબર ન આપે?"

જગતચંદ્ર—"તેમણે એવા વિચારથી તાર નહિ આપ્યો હોય કે "કાલ સવારે તો હું પહોંચીજ જઇશને?"

હેમવતી—"કોણ જાણે મારા જીવમાં શું થાય છે! આ જુગ જેવી રાત્રી કેમ વીતશે?"

જગતચંદ્ર—"પુત્રી! ધીરજ ધરો, કાલ સવારમાંજ પ્રકાશચંદ્ર આવી જશે."

વાતો કરતાં કરતાં જગતચંદ્રની દ્રષ્ટિ પ્રભાવતી પર પડી. તેને જોઇને તે આશ્ચર્યથી બોલ્યા: "આ શું? પ્રભાવતી સૂઇ ગઈ છે? આજ તે બિચારી બહુજ નિરાશ થઇ ગઇ હશે!" ફરી હેમવતીને

ઉદ્દેશીને: "સારૂં, હવે તું પણ સૂઇ જા, હું પણ બહારના ઓરડામાં જઇને સૂઇ જાઉં છું."

એમ કહીને જગતચંદ્ર ધીરે ધીરે બહાર ચાલ્યા ગયા. હેમવતી પણ ત્યાંથી ઉઠીને સૂઇ જવાની તૈયારી કરવા લાગી.

પ્રકરણ ૫ મું

વનવાસિની નગરમાં

બીજે દિવસે પ્રભાતમાં વહેલા ઉઠીને જગતચંદ્ર બાબુ પોતાના નોકર રામચરણની સાથે રેલ્વે સ્ટેશનપર ગયા. બરાબર વખતે ગાડી આવી, પરંતુ તે ગાડીમાં પ્રકાશચંદ્ર દેખાયો નહિ બિચારો જગત બાબુ બહુજ ચિંતાતુર થયો, છેવટ કલકત્તે એક તાર કરીને ઉદાસ ભાવથી તે ઘેર આવ્યો.

દિવસના અગિયાર વાગી ગયા હતા. જગતચંદ્ર પોતાની પુત્રીઓની પાસે બેસી કાંઇ વિચાર કરતો હતો. એટલામાં રામચરણે દોડતા દોડતાં આવીને કહ્યું: "માજી ! જમાઇ બાબુ આવ્યા છે."

આ વધામણીની વાત સાંભળી જગતબાબુ અને હેમવતીના મુખપર પ્રસન્નતા આવી ગઇ. બંને તે ઓરડામાંથી બહાર આંગણામાં નીકળી આવ્યા. આવતાંજ સામે તેમણે પ્રકાશચંદ્રને જોયો. પ્રકાશચંદ્રે પણ જલદીથી પોતાના સસરા અને હેમવતી પ્રત્યે આદરથી નમન કર્યું.

જગતચંદ્રે પૂછયું: "બાબૂ! રસ્તામાં આટલો વખત કેમ લાગ્યો?"

પ્રકાશચંદ્ર—(ધીરેથી) "જી, હું રસ્તામાં મોટી વિપત્તિમાં પડી ગયો હતો. હું જીવતો અત્રે પહોંચી આવું, એવી મને મુશ્કેલ આશા નહોતી. આ છોકરીએજ મારો જીવ બચાવ્યો."

કાંતાર કન્યા ત્યાં ચુપાચુપ ઉભી હતી, પરંતુ આટલી વાર સુધી તેના પ્રત્યે કોઇનું પણ ધ્યાન ખેંચાયું નહોતું. પ્રકાશચંદ્રની આ વાત સાંભળતાંજ સૌની નજર તેના પ્રત્યે આશ્ચર્યથી દોડી ગઈ. તે જંગલી વનકન્યા તે વખત મનમાં સહજ હસતી હતી. તે બધાં જણ ઘણી વાર સુધી તો તેના પ્રત્યે જોઇજ રહ્યાં.

પ્રકાશચંદ્રે ગઇ રાતે પોતા પર વીતેલી સર્વ વાત સંક્ષેપમાં સોને કહી સંભળાવી. અને છેવટે કહ્યું. " આ છોકરીએ મારો જીવ બચાવ્યો, તેટલા માટે એના દુષ્ટ બાપના પંજામાંથી તેને છોડાવીને હું તેને મારી સાથે લાવ્યો છું હવે તે તમારી પાસે આરામથી રહેશે."

ત્યારે હેમવતીએ ઘણા પ્રેમથી તેની હડપચી પકડીને કહ્યું: "આજથી તું પણ મારી નાની બ્હેન થઇ, તારૂં નામ શું છે?"

કાંતાર કન્યાએ હસતાં હસતાં કહ્યું: "મારૂં નામ "જંગલી" છોકરી કિંવા "કાંતાર કન્યા" છે. કોઈ મને "વનકન્યા" પણ કહે છે."

જગતચંદ્ર—(તેના માથા પર હાથ ફેરવી) "આજથી તું પણ મારી પુત્રી થઇ."

એ વખતે પ્રકાશચંદ્રે વનકન્યાને પ્રણામ કરવાનો ઇશારો કર્યો પણ તે ઇશારતની મતલબ તેની સમજણમાં ઉતરી નહિ તેતો ચુપાચુપ સૌના પ્રત્યે જોતીજ ઉભી રહી. પછી હેમવતી તેનો હાથ પકડીને અંદર તેડી ગઈ, અને પ્રકાશચંદ્ર સસરાની સાથે બહાર બેઠકના ઓરડામાં ગયા.

કાંતાર કન્યાને અંદર લાવીને હેમવતીએ પહેલાં તો તેને પોતાને હાથે તેના શરીરમાં સુગંધીદાર તેલ ચોળીને પછી તેને ગરમ પાણી અને સાબુથી ચોળી મસળીને સારી પેઠે નવરાવી. નવરાવ્યા બાદ ટુવાલથી અંગ લુછીને પછી તેને એક ઉમદા સાડી પહેરાવી. તે પછી પેટીમાંથી એક ઘરેણાની નાની પેટી કાઢી આ વખતે તેને કાચ

વીસરી ગએલી વાત યાદ આવી, તેથી તેની આંખોમાંથી બે આંસુનાં ટીપાં જમીન પર સરી પડયાં ? એક લાંબો નિશ્વાસ નાખીને તે નાની પેટીમાંનાં ઘરેણાં કાંતાર કન્યાએ ના કહ્યા છતાં પણ એક પછી એક ઘણાંખરાં આગ્રહથી તેને પહેરાવી દીધાં. આટલા વખત સુધી કાંતાર કન્યા એક મેલથી ઢંકાએલા હીરાના કટકા જેવી હતી. પરંતુ હવે તે શરાણ પર ચડાવી સાફ કરેલા પાણીદાર હીરાની પેઠે ચળકવા લાગી.

આ વખતે પ્રકાશચંદ્ર ત્યાં અંદરના ઓરડામાં આવ્યો. પાંજરામાં પૂરેલી હરણી પાંજરૂં ખોલતાંજ જેમ ઉછળીને બહાર મેદાનમાં નાશે છે તેવી રીતે પ્રકાશચંદ્રને જોતાંજ વનકન્યા દોડીને તેના ગળામાં લપેટાઈ ગઇ, અને પોતાને પહેરેલાં ઘરેણાં બતાવીને કહેવા લાગી: "આ લોકોએ મને શામાટે પૂરી રાખી છે ? હું તમને મૂકીને હવે જંગલમાં નહીં જાઉં !"

કાંતાર કન્યાનું આ વર્તન જોઇને હેમવતીનું હૃદય કંપ્યું. પ્રકાશચંદ્ર પણ પ્રથમ તો કાંઇક ગભરાયો પણ તેણે હેમવતીના હૃદયનો ભાવ સમજી લીધો હતો, તેથી તેનો પ્રત્યે કહ્યું: આ જંગલી છોકરી સંસારના રીત રીવાજ કાંઇ પણ જાણતી નથી, લજ્જા, શરમ માન, અપમાન એવી કોઇ વાતની તેને ખબરજ નથી, તેમ છતાં તેનું હૃદય અત્યંત પવિત્ર છે. એનું આપણા રીતરિવાજથી વિરૂદ્ધ વર્તન જોઇને તમે તમારા મનમાં કોઇ બીજો ખ્યાલ લાવશો નહિ, એ તદન અજ્ઞાન અને ભોળી છે."

ત્યાર બાદ તેણે માંડમાંડ જંગલી કન્યાના હાથ પોતાના ગળામાંથી છોડાવ્યા અને કહ્યું: આ લોકોએ તને પૂરી રાખી નથી, એઓ તારી મોટી બહેન છે, તે તારા પર ઘણો પ્રેમ રાખે છે. અને તારા પહેરવા માટે આ બધાં ઘરેણાં તેમણે તને આપ્યાં છે."

કાંતાર કન્યા (સહજ હસીને) "ઠીક, હવે આ ઘરેણાં પહેરવાને ઘણો વખત થઇ ગયો, તે બધાં મારા શરીરમાં ખુંચે છે, માટે તમે તે ઉતારી લ્યો."

એમ કહીને વળી તે પ્રકાશચંદ્રના શરીરે વળગી પડી. આ વખતે હેમવતીથી ચુપ ન રહી શકાયું તેથી તેણે કહ્યું: "અહીં આવ જંગલી ! તારો જીવ ગભરાય છે, તો હું તારાં ઘરેણાં ઉતારી લઇશ."

કાંતાર કન્યાઃ—"ના, તમે નહિ, (પ્રકાશચંદ્ર પ્રત્યે ઇશારો કરીને) એઓ ઉતારી લેશે."

હેમવતીએ પ્રકાશચંદ્ર પ્રત્યે જોયું ત્યારે તે બોલ્યો: "સારૂં, હુંજ ઉતારી લઉં છું."

ત્યાર બાદ પ્રકાશચંદ્રે કાંતાર કન્યાના સરીર પરનાં બધાં ઘરેણાં ઉતારી લીધાં; તે દીવસ પ્રકાશચંદ્ર ભોજન કરીને ચાલ્યા ગયા, અને કાંતાર કન્યા અંદર હેમવતી પાસે રહી. પરંતુ અંદર રહેવામાં તેના જીવને ચેન પડતું નહોતું. તે એક ખંડમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ ચુપાચુપ ફર્યાં કરતી હતી; તેથી હેમવતીએ ધાર્યું કે તે ફરી ફરીને દરેક ઓરડાની અંદરનાં રાચરચીલાં વગેરે શોભા જુએ છે, તેથી તેને ફરવા દીધી પરંતુ પાઠક ! આપણે સારી રીતે જાણીએ છીએ કે કાંતાર કન્યા તે ઘરોની બનાવટ અને શોભાને જોતી નહોતી, પણ તે તો કોઇ બીજીજ ચીજને શોધતી હતી. ફરતાં ફરતાં એક ઓરડામાં તેણે પ્રભાવતીને જોઈ; પતિના આવવાથી પ્રભાવતી ઘણી ઉદાસ થઇ રહી હતી. પરંતુ તે જંગલી કન્યાને જોઇને તેની ઉદાસી ધીરેધીરે દુર થઇ ગઇ. એક બાજુએ કાંતાર કન્યાના શરીરની સુંદરતા અને સુઘડતાને જોઇને પ્રભાવતી જ્યારે આશ્ચર્ય પામી, ત્યારે બીજી તરફ વનવાસિની કન્યા જે વસ્તુને શોધતી હતી, તે પ્રભાવતીને જોઇને ભૂલી ગઇ.

કાંતાર કન્યા ઘણીજ ગોરી અને ખુબસુરત હતી, તેનો દરેક અવયવ ઘાટિલો અને સુંદર હતો; પરંતુ પ્રભાવતી હજૂ પૂરેપૂરી જવાનીમાં આવી નહોતી, તેમ તેના શરીરનો રંગ પણ કાંઇ શામળો હતો, તેમ તે જોઇએ તે કરતાં વધારે પાતળી પણ હતી. તેથી જ્યારે

પ્રભાવતીએ આવીને વનકન્યાનો હાથ પકડયો, ત્યારે જાણે ગંગા અને યમુનાનું સંમિલન થયું હોય! એમ દેખાવા લાગ્યું.

પ્રભા૦—" બહેન ! તારી ઉમર કેટલી હશે ? "

કાંતાર કન્યા—" તે હું જાણતી નથી. "

પ્રભાવતી—" કાંઇ હરકત નહિ, તું મારા કરતાં મોટી છો તેથી હું તને બહેન કહીને બોલાવીશ. "

કાંતાર કન્યા—" અહીં મારી બીજી પણ એક બહેન થઇ છે, બહેન થવામાં શું કામ કરવું પડતું હશે ? "

પ્રભાવતી—" બહેન થવાથી નાની બહેન પ્રત્યે ખુબ પ્રેમ કરવો જોઇએ તું મારા પર પ્રેમ રાખી શકીશ કે નહિ ? "

કાંતાર કન્યા—(કાંઇક વિચારીને) " હા, પ્રેમ કરી શકીશ. " (વળી કાંઇ વિચાર કરીને) " પણ પ્રેમ શીરીતે કરી શકાય છે ? "

પ્રભાવતી આ વખતે મોટા વિચારમાં પડી ગઇ કે " આને પ્રેમની મતલબ શી રીતે સમજાવી શકાય તે તેનાથી સમજાયું નહિ. થોડીકવાર વિચારીને તેણે કહ્યું: " શું તારૂં કોઇજ નથી ? શું તું કોઇના પર પ્રેમ નથી રાખતી ? "

કાં૦ કન્યા—" મારે માત્ર પિતા છે. "

પ્રભાવતી—" બીજું કોઇજ નથી ? "

કાં૦ કન્યા—" બીજા જે મને અત્રે લઇ આવ્યા તે છે. "

પ્રભાવતી—" (હસીને) જે તને અત્રે લઇ આવ્યા છે, તેના પ્રત્યે શું તું પ્રેમ નથી કરતી ? "

કાં૦ કન્યા—" તે હું જાણતી નથી. "

પ્રભાવતી—" ઠીક, તું મારે ઘેર તો રહીશને ? "

કાં૦ કન્યા—" હા રહીશ. "

પ્રભાવતી—" શું તારા પિતાને મળવાનું તને મન નથી થતું ? "

કાં૦ કન્યા—"જે મને અહીં લઇ આવ્યા છે, તેની પાસે રહેવાથી પિતાને ત્યાં જવાની ઇચ્છા થતી નથી."

પ્રભાવતી—"સારૂં ત્યારે તું અહીંજ રહેજે."

કાં૦ કન્યા—"હા, રહીશ; પણ તેઓ અહીં રહેશે કે નહિ?"

પ્રભાવતી—"તેઓ કોણ?"

કાં૦ કન્યા—"જેઓ મને અહીં લાવ્યા છે, તે."

આ સાંભળીને પ્રભાવતીનું હસવું કોણ જાણે ક્યાંય ઉડી ગયું! ફરી તેના મુખમાંથી કોઇ બીજી વાત નીકળીજ નહિ. આશ્ચર્યની સાથે તે કેટલોક વખત સુધી તે કાંતાર કન્યાના મુખ પ્રત્યે જોતીજ રહી.

કેટલીકવાર પછી પ્રભાવતીને ચુપચાપ થએલી જોઇને વનવાસિની કન્યા ત્યાંથી હેમવતીના ઓરડા તરફ ચાલી ગઇ અને પહેલાં પ્રમાણે જાણે પોતાની કોઇ ખોવાયલી વસ્તુને શોધતી હોય, તેમ ઉદાસભાવે આમતેમ ફરવા લાગી.

પ્રકરણ ૬ ઠું

નિરાશા

રાત્રીના દશ વાગે પ્રકાશચંદ્રે પોતાના સુવાનાં ઓરડામાં જઇને જોયું તો તેની સ્ત્રી સંકોચાઇને પલંગની એક કોર પર પડી છે. તે પણ જઇને તેની બાજૂએ લેટી રહ્યો. ઘણીવાર સુધી તેણે રાહ જોઇ કે પ્રભાવતી કાંઇ બોલે છે કે નહિ? પરંતુ પ્રભાવતી તો ચુપજ રહી તેના બોલવાની વાત તો દૂરજ રહી પણ તેનું શરીર પણ હાલતું ચાલતું નહોતું. જ્યારે રાત્રી બે પહોર કરતાં વધારે વીતી ગઇ, ત્યારે વધારે વખત રાહ જોવી નિરર્થક સમજીને પ્રકાશચંદ્રે ધીરેથી તેને બોલાવી: "પ્રભા!"

કાંઈ પણ જવાબ ન મળ્યો. ફરી તેણે બોલાવી: "પ્રભા!" હજૂ પણ ઉત્તર ન મળ્યો. એમ ઘણીક વાર તેણે પોતાની સ્ત્રીને બોલાવી, પણ તે બોલીજ નહિ. ત્યારે શું પ્રભાવતી ઉંઘી ગઈ હતી? નહિજ. કેમકે શ્વાસની ગતિથી જણાતું હતું કે–તે ઉંઘમાં નથીજ ત્યારે તો પ્રકાશચંદ્ર પોતાના મનને રોકી શક્યો નહિ. પલંગની બા જૂએ પ્રભાવતી પડી હતી, તે તરફ પોતે જરા આગળ સરકી ગયો તે એટલે સુધી કે પ્રભાવતીના શરીરને તેનું શરીર અડક્યું. પણ આ શું! તે જીવતી હતી કે તેનામાં દમજ નહોતો? જીવતાં મનુષ્યની આ દશા હોયજ નહિ!

એક પછી એક પ્રકાશચંદ્રે પ્રભાવતીને ઉઠાડવાની યુક્તિઓ કરી, ત્યારે કંઈક કંઈક તે જીવતી છે, એવાં લક્ષણ જણાયાં. તેને ઉઠાડવાની ચેષ્ટા કરતાં કરતાં વારંવાર પ્રકાશચંદ્ર તેને બોલાવવા લાગ્યો: "પ્રભા-વતી! પ્રભાવતી!"

ઘણી વાર પછી ઘણાજ ધીમા સ્વરથી એવો જવાબ મળ્યો કે: "શું છે?" પ્રકાશચંદ્રે પૂછ્યું: "શું તું આટલી વાર ચુપ રહી હતી?"

ફરી કાંઈ જવાબ ન મળ્યો. પ્રકાશચંદ્રે ફરી તેને બોલાવી: "પ્રભા!" તેમ તેને સમજાવવાને પતિ પત્ની વચ્ચેના પ્યારની ઘણી વાતચિત કહી, પણ કશો ઉત્તરજ ન મળ્યો. છેવટ અત્યંત નારાજ થઈને પ્રકાશચંદ્રે કહ્યું: "હવે તું નહિ બોલે તો હું અહીંથી બહાર ચાલ્યો જઈશ." એમ કહી વળી તેણે ધીરેથી કહ્યું: "પ્રભાવતી! આટલી મુદ્દતને અંતે આપણો મેળાપ થયો છે, તેમ છતાં શું તું મારાથી એક વાત પણ નહીં કરે? પહેલાં તો તું નાની હતી, હવે તો તેવી નથી. હવે તો તું વાતચિત કરવાને શક્તિમાન છે, બોલ, પ્રભાવતી! બોલ."

આનો પણ કાંઇજ જવાબ ન મળ્યો. પ્રકાશચંદ્રને ઘણો ગભરાટ થયો. અને તે નિરાશ થયો. તે એમ ન નિશ્ચય કરી ન શક્યો કે હવે શું કરવું જોઇએ. ઘણી વાર સુધી કોણ જાણે તેણે શા શા વિચાર કીધા છેવટ તેનાથી તેમ પણ ન બેસી રહેવાયું. ફરી તેણે કહ્યું: "મારાથી તારો કાંઇ અપરાધ તો થથી થયો, તો પછી તું મને આટલું કષ્ટ શા માટે આપે છે? પ્રભાવતી!"

ફરી તેજ ઉત્તર મળ્યો: "શું છે?"

"શું છે?" ફરી તેજ મર્મ ભેદી શબ્દો: "શું છે?" ત્રણ વાર તેજ શબ્દો: "શું છે?" શું તે બીજી વાતો બોલી જાણતી નથી? પ્રકાશચંદ્ર મનમાંજ વિચારવા લાગ્યો.

હવે, સવાર થવા આવી હતી, લાચાર થઇને ધીરેથી પ્રકાશચંદ્રે ત્યાંથી ઉઠીને દરવાજો ખોલ્યો, અને બહાર નીકળ્યો. પરંતુ બહાર આવતાંજ આ શું? જેવી રીતે ભૂખ્યો વાઘ પોતાની સામે શિકારને જોઇને એકદમ તૂટી પડે છે, તેમ પ્રકાશચંદ્રને જોઇને પેલી વનકન્યા એકદમ તેના તરફ દોડી આવી, અને આવતાંજ તેના ગળામાં લપેટાઇ ગઇ. ધીરે ધીરે પ્રકાશચંદ્રે તેને પોતાના શરીરથી જૂદી પાડી. પરંતુ આ વાત છુપી રહી શકી નહિ. કેટલેક દૂરથી એક સ્ત્રીએ આ દેખાવ જોઇ લીધો. આ સ્ત્રી કોણ? તે બીજી કોઇ નહોતી, પણ પ્રભાવતીની મોટી બહેન હેમવતી હતી.



પ્રકરણ ૭મું

"શું તમને ગમતી નથી!"

આ પ્રમાણે બે અઠવાડિયાં વીતી ગયાં. પ્રકાશચંદ્ર ઘણી કોશીશ કરવા છતાં પણ પ્રભાવતીના મનને પોતા તરફ ખેંચી શક્યો નહિ. બીજી તરફ વન કન્યાની રીતભાત તેને ધીરે ધીરે અરૂચિકર લાગવા માંડી. પ્રકાશચંદ્રે પ્રભાવતી અને વન કન્યા બંનેને પ્રસન્ન રાખવાં હતાં, તેથી તે મોટી ચિંતામાં પડ્યો. હજાર વાર વિનંતિ કરવા છતાં પણ પ્રભાવતી "શું છે?" આ શબ્દો સિવાય બીજું કાંઇ બોલતી નહોતી. પરંતુ બે અઠવાડીયાં પછી કાંઇક ચીડાતાં ચીડાતાં તે એક વાક્યો બોલવા લાગી તે. પણ માત્ર એટલુંજ કે—"મને ઊંઘ આવે છે" અથવા "ખાલી જક ન કરો!" વગેરે.

પ્રકાશચંદ્ર ઘણો દુઃખિત થયો, તેની બધી આશાઓ નષ્ટ થઇ. તે એમ પણ નિશ્ચય ન કરી શક્યો કે આ સ્ત્રીને શી રીતે પ્રસન્ન કરી શકાય! માસેક પછી પ્રભાવતીનું મોઢું કાંઇક ખુલ્યું. તેમ છતાં પણ તે જે બોલતી હતી તે પણ મોટા ક્રોધથી કંટાળા પૂર્વકજ. અમે તેમના વચ્ચેની એક રાત્રીની વાતચિત નીચે લખીએ છીએ:—

પ્રભાવતી આગળ પ્રમાણે પલંગની એક કોર પર સંકોચાઇને પડી હતી, પ્રકાશચંદ્ર આવીને તેની બાજૂમાં લેટી રહ્યો. પોતાના અંગની સાથે પ્રકાશચંદ્રના અંગનો સ્પર્શ થવાથી તે દૂર પલંગની કોર પર જઇ પડી, પ્રકાશચંદ્રે વિચાર્યું કે—'ફરી જો તેને મારા અંગનો સ્પર્શ થશે તો નકી તે હટીને પલંગની નીચે જઇ પડશે. થોડો વખત ચુપ રહીને તેણે ધીરેથી હાંક મારી—"પ્રભા!"

આજ તરતજ તેણે જવાબ આપ્યો: "શું છે!"

પ્રકાશચંદ્ર—(આગ્રહથી) "તું મારી સાથે વાત કેમ કરતી નથી?"

પ્રભાવતી—" શી વાત કરૂં ? "

પ્રકાશચંદ્ર—" શું તે પણ મારે તને શીખવવું જોઇએ કે તું મારાથી આવી રીતની વાતો કર ? "

પ્રભાવતી—" મને વાતો કરતાં આવડતી નથી. "

કાંઇક વિચાર કરીને પ્રકાશચંદ્રે પૂછ્યું: " જો સાચું કહે, તો એક વાત પૂછું. "

પ્રભાવતી—" શી વાત ? "

પ્રકાશચંદ્ર—" પ્રભા ! તું સાચું કહે કે તું મને ચહાય છે કે નહિ ? "

પ્રભાવતીએ જરા આંખો ચડાવીને કહ્યું: " હું તમને નથી ચાહતી ! ! ! "

એકાએક જાણે વાદળાં કે વર્ષાદ વિના પ્રકાશચંદ્રના હૃદય પર વીજળી આવી પડી ! તે પછી થોડી વાર ચુપ રહીને પછી એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને તેણે કહ્યું:—" હું તારો સ્વામી છું, અને તારા પ્રત્યે અંતઃકરણ પૂર્વક પ્રેમ રાખું છું, તેમ છતાં તું મને કેમ ચાહતી નથી ? "

પ્રભાવતી—" તેનું કારણ હું જાણતી નથી. "

પ્રકાશચંદ્ર—" હું આટલા દિવસ બહાર રહ્યો તેથી, તેથી તને જરા પણ દુઃખ ન થયું ?

પ્રભાવતી—" બિલકુલ નહિ. "

પ્રકાશ૦—" શું તું એ પણ નથી જાણતી કે પોતાના પતિ પ્રત્યે પ્રેમ રાખવો, એ સ્ત્રીઓનો ધર્મ છે ? "

પ્રભા૦—" તે હું જાણું છું. "

પ્રકાશ૦—ત્યારે તું મને શામાટે ચાહતી નથી ? "

પ્રભા૦—" તે હું જાણતી નથી. "

પ્રકાશ૦—" આટલા દિવસ હું વિદેશમાં રહ્યો, તે દરમ્યાન શું એક પણ દિવસ તને મારૂં સ્મરણ ન થયું ?"

પ્રભા૦—" ના, ક્યારે પણ નહિ."

ફરી તેજ 'ના'? આ પ્રશ્નના ઉત્તરમાં પણ 'ના'! શું તેનું આ પ્રમાણેનું કહેવું સત્ય છે? જાણે સેંકડો વિંછીઓએ પ્રકાશચંદ્રના શરીરમાં ડંખ મારવા માંડયા હોય, એવી તેને વેદના થઇ. કોણ જાણે શાએ વિચારથી પણ આ પછી તેણે પ્રભાવતીને એક પ્રશ્ન પૂછયો નહિ. પરંતુ તેની આંખોમાં આંસુ ભરાઇ આવ્યા. પ્રકાશચંદ્રની આવી શોકમય સ્થિતિ પ્રભાવતીએ જોયા છતાં પણ તેના પ્રત્યે તેણે કાંઇ ધ્યાન આપ્યું નહિ. થોડી વાર પછી જરા દમ લઇને પ્રકાશચંદ્રે આંસુ ભરેલી આંખે કહ્યું: " પ્રભા! તું એક વાર જૂઠું પણ એમ કહે કે હું તમને ચાહું છું, તમારા પ્રત્યે પ્યાર કરૂં છું, તો માત્ર તારા એટલા શબ્દોથી પણ મને સંતોષ થઇ જશે."

પ્રભાવતીએ આનો કશો જવાબ ન આપ્યો. પ્રકાશચંદ્ર વારંવાર આગ્રહ કરવા લાગ્યો, ત્યારે ક્રોધમાં આવીને તાણીને બોલી કે " ચૂલામાં પડયો તમારો પ્રેમ! શું મને સૂવા પણ નહિ આપો?

પ્રકાશચંદ્ર આ સાંભળી ચુપ થઇ રહ્યો. તેનો આટલો યત્ન અને આગ્રહ સૌ વૃથા થયા. તે બિચારો મોટી ચિંતામાં પડી ગયો. બીજી તરફ જોત જોતામાં પ્રભાવતી ઉંઘી ગઇ, તેનાં નસ્કોરાં બોલવા લાગ્યાં. તેનો પ્રત્યેક શ્વાસ પ્રકાશચંદ્રના હૃદયમાં તીરની પેઠે ખૂંચવા લાગ્યો.

આખી રાત પ્રકાશચંદ્રે પલંગ પર ચિંતા અને વિચારમાં વીતાડી, જેમ તેમ કરતાં પ્રભાત થયો. અત્યારે પણ પ્રભાવતી જાગી નહોતી. પ્રકાશચંદ્ર તે વખતે સુવાની કોટડીની બહાર નીકળ્યો. દરવાજો ખોલતાંજ સામે વનકન્યા જોવામાં આવી. જેમ પાણીની મોટી રેલ આવે અને ગામ, શહેર, વન, ઉપવન, પશુ, પક્ષી, ઘર,

ઝાડ, આદિ જે કાંઇ તેની વચ્ચે આવે તેને ઘસડી લઇ જાય છે, તેમ જાણે પ્રકાશચંદ્રને ઘસડી લઇ જવાનો વન કન્યાએ ઇરાદો કર્યો હોય, તેમ પ્રકાશચંદ્રને જોતાંજ મોટા વેગથી તેના પ્રત્યે દોડી, અને તેને બાઝી પડી. પ્રકાશચંદ્રે મહા મહેનતે તેને પોતાના શરીરથી છુટી પાડી. દુરથી હેમવતી આ બધો ખેલ ક્રોધ ભરી આંખોથી જોતી હતી, તે જોરથી બોલી " જંગલી ! "

આ શબ્દ સાંભળતાંજ કાંતાર કન્યાને જોરથી તરછોડીને પ્રકાશચંદ્ર બહાર ચાલ્યો ગયો. પ્રકાશચંદ્રના તરછોડવાથી પોતે પડી ગઇ તેમ તેને કાંઇક ધક્કો લાગ્યો, તેના પ્રત્યે ધ્યાન ન દેતાં તે જંગલી કન્યા પ્રકાશચંદ્રની પાછળ જવા દોડી, પરંતુ હેમવતીએ ઉતાવળે જઇને તેનો ચોટલો પકડી લીધો. સાંકળમાં બાંધેલો ભૂખ્યો કૂતરો સામે પડેલી ખાવાની ચીજ જોવા છતાં, તે ખાઇ શકતો નહોવાથી જેમ પોતાના માલીક પ્રત્યે જુએ, તેમ તે હેમવતી પ્રત્યે જોવા લાગી.

પ્રકરણ ૮ મું.

સ્વભાવનું પરિવર્તન.

કોણ જાણે જંગલી કન્યાની આંખોમાં શા પ્રકારની મોહિની શકિત હતી ! ચાર આંખો મળતાંજ હેમવતીનો હાથ નરમ પડી ગયો. અને તેણે તેના માથાના વાળ છોડી દીધા. ત્યાર બાદ તેનો હાથ પકડીને તેને પોતાની કોટડીમાં લઇ ગઇ. આટલા દિવસ થયાં વન કન્યાની આટલી ઉદ્ધતાઇ છતાં પણ હેમવતીએ તેને કાંઇ સારૂં માઠું કહ્યું નહોતું; આટલા દિવસ તે એમ ધારતી હતી, કે તે સંસારના રીત રીવાજ કાંઇ જાણતી નથી, તેથી આવી નિર્લજ છે. પરંતુ આજનો બનાવ પોતાની આંખોથી જોઇને તેનાથી ચુપ રહી શકાયું નહિ. આવો પ્રકાર નજરે જોવા છતાં પણ મૌન ધારણ કરવાનું તેને યોગ્ય જણાયું નહિ. તેથી હેમવતી જેવી ધૈર્યવાન,

ગંભીર, અને સમજદાર સ્ત્રી પણ પોતાના સ્વભાવ પર કાબૂ રાખી શકી નહિ. તે આ વખતે વન કન્યાને સમજણુ આપવા તેમ સારા માઠા બે શબ્દો કહેવા માટે પોતાની કોટડીમાં લઇ આવી હતી. કોટડીની અંદર જઇ તેને સાંકળ દઇને તે બોલી:—

“ જંગલી ! હું જોઊં છું કે તું હવે ઘણું તોફાન કરવા લાગી છો, શું તને ધર્મ અધર્મનું પણ જ્ઞાન નથી ? ”

એક વાર હેમવતીના મુખ પ્રત્યે નિહાળીને તેણે નિડરતાથી કહ્યું: “ મેં શો અધર્મ કર્યો છે ? ”

કાંતાર કન્યાની આટલીજ એક વાતથી ક્રોધ પ્રાણ જાણે ક્યાંય ચાલ્યો ગયો ! તે ક્રોધનું સ્થાન આશ્ચર્ય અને કૌતુકે લીધું. આ વખતે ક્રોધિત સ્વરને બદલે અજાયબીના સ્વરથી હેમવતીએ કહ્યું: “ સ્ત્રીઓને માટે આના કરતાં વધારે બીજો કયો અધર્મ હોઇ શકે છે ? ”

કાંતાર કન્યા—“ જે કામ કરવાથી મનને દુઃખ થાય છે, તેજ કામ મારી સમજણમાં અધર્મ છે, તેજ કામ કરવાથી માત્ર પાપ થાય છે. ”

હેમવતી—“ ત્યારે તું જે આ કામ કરે છે, તેથી તારા મનને કાંઇ પણ કષ્ટ થતું નથી ? ”

કાંતાર કન્યા—“ જરા પણ નહિ; ઉલટો આનંદ થાય છે ! ”

આ સાંભળી હેમવતીને મોટી નવાઇ લાગી. તેને કાંઇક તિરસ્કાર પણ આવ્યો. તેણે કંટાળા અને આશ્ચર્યથી કહ્યું: “ તારા મુખમાં અને તારા આનંદમાં આગ લાગો ! શું તું એટલું પણ નથી જાણતી કે પરપુરુષ પ્રત્યે ખરાબ નજરથી જોવા માત્રમાં પણ સ્ત્રીઓને મોટું પાપ લાગે છે ! ”

કાંતાર કન્યાએ આ વાત સાંભળી, પણ તેના પર તેની કાંઇ પણ અસર ન થઇ. માત્ર હેમવતી પ્રત્યે જોતાં અને સહજ હસતાં તેણે કહ્યું: બ્હેન ! પરપુરુષ કોને કહે છે ? ”

કાંતાર કન્યાનું હસવું અને વાતોથી હેમવતીનો ક્રોધ દુર થઇ ગયો અને કંટાળો પણ જતો રહ્યો. જાણે વાંદળાંના સમૂહને પ્રબળ પવન વાતની વાતમાં ઉડાવી લઇ ગયો ન હોય! ત્યારે હેમવતીએ સમજૂતી અને સ્નેહ ભાવથી કહ્યું: "બહુ સારૂં. આ વાત હું તને સારી રીતે સમજાવી દઉં છું. લગ્ન સંબંધ કોને કહે છે, તે તો તું જાણતી હોઇશ?"

કાંતાર કન્યા—"હા, તે સાંભળ્યું છે, પણ એ જાણતી નથી કે લગ્ન સંબંધ કોને કહે છે!"

હેમવતી—"જો, સાંભળ ત્યારે–આ સંસારમાં અનેક પુરૂષો અને અનેક સ્ત્રીઓ છે. તેમાં ધર્મ શાસ્ત્રની રીતિ અનુસાર જે સ્ત્રીનું જે પુરૂષ સાથે હસ્ત મેળાપ થાય છે, તે મેળાપને તેની સાથે લગ્ન થયાં એમ કહેવાય છે. આપણા દેશમાં એ પ્રકારે માબાપ જોઈ વિચારીને પોતાના પુત્ર પુત્રીઓનાં લગ્ન કરી આપે છે."

કાંતાર કન્યા—"મેં મારી માને તો કદી જોઇજ નથી, અને બાપથી હવે મારૂં મળવું થવાનો સંભવ નથી; ત્યારે મારો એવો હસ્ત મેળાપ કોણ કરાવી દેશે?"

આ વાત સાંભળી હેમવતીના ચહેરા પર કાંઇક હાસ્ય પ્રગટી નીકળ્યું. તે હાસ્યને છુપાવીને તેણે કહ્યું: "જેનાં માબાપ નથી હોતાં, તેનાં નજીકનાં સંબંધીઓ મેળાપ કરાવી દે છે. તું મારી નાની બહેન છો, તેથી હું તારો મેળાપ કરાવી આપીશ."

આ સાંભળીને કાંતાર કન્યાએ મોટી બેફિકરાઇથી હસતાં હસતાં કહ્યું: 'ત્યારે મારો હસ્ત મેળાપ કરાવી આપોને?"

આશ્ચર્યથી ચકિત થઇને તેના લજ્જા રહિત મુખ પ્રત્યે જોઇને હેમવતીએ પૂછ્યું "કોની સાથે તારો હસ્ત મેળાપ કરાવી દઉં?"

તેવીજ નિશ્ચિંતતા અને લજ્જાહીન ભાવથી હસતાં તેણે કહ્યું: "કેમ! પ્રકાશચંદ્રની સાથે! બીજા કોની સાથે?"

એકી ટસે કેટલીકવાર વનકન્યાના મુખ પ્રત્યે જોતાં જોતાં હેમ વતીએ પૂછયું: " શું તું તેની સાથે પ્યાર કરે છે ? "

કાંતાર કન્યા—" પ્યાર કરવો કોને કહે છે ? તે હું જાણતી નથી, બ્હેન ! "

હેમવતી—" ઠીક છે, શું હમેશાં તેને જોવાની તારી ઇચ્છા થાય છે ? અને હમેશાં તેની પાસેજ રહેવાને તારો જીવ ચાહે છે?"

કાંતાર કન્યા—" હા, બ્હેન ! સાચી વાત એજ છે. એક ઘડી પણ તેમને ન જોવાથી મારો જીવ ગભરાય છે, અને તેમને જોતાંજ છાતીથી લગાવી લેવાની ઇચ્છા થાય છે. "

આ શબ્દો સાંભળી હેમવતીનું શરીર કંપી ઉઠ્યું અને તે બોલી: " ત્યારે મેં હવે જોઈ લીધું છે કે—તારા પ્રાણનું કલ્યાણ નથી. જો સાંભળ, પ્રકાશચંદ્રની સાથે પ્રભાવતીનાં લગ્ન થઇ ચૂકેલાં છે, તેની સાથે હવે તારાં લગ્ન થઇ શકે તેમ નથી. હું તને પહેલાં જેમ કહી ચૂકી છું, તેમ ફરીથી પણ કહું છું કે–'જે સ્રીનો જે પુરૂષ સાથે હસ્ત મેળાપ ધર્મ રીતિથી થયો છે, તેને મૂકીને સંસાર માં બીજા બધા પુરૂષો સ્રીઓને માટે 'પરપુરૂષ' છે તેથી હવે પ્રકાશચંદ્રને માટે તારા મનમાં ચિંતવન કરવું એ પણ મહા પાપ છે. "

છેલ્લી હેમવતીની વાત સાંભળ્યા પછી તે જંગલી કન્યાના મુખમાંથી કાંઈ શબ્દો નીકળ્યા નહિ. તે આશ્ચર્યની સાથે હેમવતી પ્રત્યે જોતીજ રહી. પછી હેમવતીએ તેને કહ્યું: " જંગલી ! જ્યારે તું અમારે ઘેર આવી ચડી છો, ત્યારે અમેજ તારાં લગ્ન કરાવી દેશું. "

કાં૦ કન્યા—" હું બીજા કોઈની સાથે લગ્ન કરીશ નહીં. "

હેમવતી—" જો પ્રકાશચંદ્ર કરતાં પણ સુંદર વર હશે તો ? "

કાં૦ કન્યા—" પ્રકાશચંદ્ર કરતાં પણ સુંદર ? અસંભવિત છે, ન બની શકે તેવું. તેમનાથી સુંદર હોઈજ શકે નહિ!

હેમવતી—" પણ જો હોય તો ?"

કાં૦ કન્યા—" તોપણ હું તો કોઈ બીજા સાથે લગ્ન નહીજ કરૂં. "

હેમવતી—" જે વાત કોઈ દિવસ બની શકે તેવી નથી, તેની આશા કેમ કરે છે ?"

કાં૦ કન્યા—" તે કેમ થાય છે, તે હું જાણુતી નથી. "

હેમવતી—" ત્યારે તારા નશીબમાં લગ્ન થવાનું લખ્યુંજ નથી."

કાં૦ કન્યા—ભલે તેમ હો ! "

હેમવતી—" તું આખા જન્મારા સુધી લગ્ન થયા વિનાની રહીશ, તેથી બધા લોકો અમારી નિંદા કરશે, અને તું પણ દુઃખી થઈશ. જો, જંગલી ! તું પોતે પોતાના પગમાં કુહાડો ન માર. અને તારા પોતાના સુખના માર્ગમાં કાંટા ન વાવ. મારી વાતો સાંભળ અને બીજા ખ્યાલને ચિત્તમાંથી કાઢી નાખ. અમે લોકો સારો વર જોઈને તેને પરણાવી દેશું. તેથી તને ઘણું સુખ મળશે. "

કાં૦ કન્યા—" તમે સુખ દુઃખ કોને કહો છો, તે પણ હું બરાબર સમજી શકતી નથી. હું માત્ર એટલુંજ જાણું છું કે—મારૂં મન જે કામ કરવાને ઇચ્છે છે, તેજ કામમાં મારા માટે સુખ છે, અને જે કામથી મારો જીવ ગભરાય છે, તેમાં મારા માટે દુઃખ છે."

હેમવતી—" મન તો કયારે કયારે પાપ કર્મ કરવા પણ ઇચ્છે ત્યારે શું તું સમજે છે કે પાપ કર્મ કરવાથી તને સુખ પ્રાપ્ત થશે?"

કાંતાર કન્યા—" બહેન ! એ તો હું પહેલાંજ કહી ચૂકી છું કે—હું કદી પણ પાપ કર્મ નહિ કરૂં. "

હેમવતી—" પ્રકાશચંદ્ર તારો સ્વામી નથી, પણ તે પ્રભાનો પતિ છે એવી સ્થિતિમાં તેનાથી પ્યાર કરવો, એ પાપ નથી, એમ તને કોણે કહ્યું ?

કાંતાર કન્યા—" બીજા કોઇએ મને કહ્યું નથી, પણ સ્વયં મારૂં મનજ તેમ કહે છે. "

હેમવતી—(જરા ક્રોધ કરીને) એવા મનમાં આગ લાગો.

આ વાતથી કાંતાર કન્યાનું પ્રસન્ન મુખ કાંઇક ગંભીર થઈ ગયું. જોતાં જોતાં તેની આંખોમાંથી આંસુનાં બે ટીપાં સરી પડયાં. તે પછી આંખો લૂછીને તેણે કહ્યું: "ઠીક બહેન! ત્યારે હું હવે અહીંઆ રહીશ નહીં. તમારા આ સંસાર કરતાં અમારૂં જંગલ હજારગણું ઉત્તમ છે!"

કાંતાર કન્યાની આંખોમાં આંસુ જોઇને હેમવતીને ઘણી દયા આવી. તેણે ધાર્યું હતું કે હું જંગલીને ઘણીક વાતો કહીશ, અને ધમકાવીશ, પણ હવે તે બધું તે વીસરી ગઈ. વનકન્યાને રોતી જોઇ તેને પણ રડવું આવ્યું તેમાં ખાસ કરીને એ સાંભળીને કે તે વન વાસિની કાંતાર કન્યા તેમને મૂકીને ફરી વનમાં ચાલી જશે. તેથી તેને બહુ દુ:ખ થયું, તેથી હવે તે પણ વિશેષ રોવા લાગી. પછી જરા ધૈર્ય ધરીને બોલી—"તું અમને છોડીને કયાં જઇશ? તને ફરવું ગમે છે, તેથી અમે પણ તને એ વાતની છૂટ આપી છે, કે આપણા આ ઘર અને બગીચામાં જ્યાં તારી ઇચ્છામાં આવે ત્યાં તે વખત તું હરફર. ઠીક, હવે હાલ એ વાતોને રહેવા દે, જ્યારે તું થોડા દિવસ અહીં વધારે રહીશ, ત્યારે તને પોતાની મેળેજ જણાશે કે 'હું કરૂં છું તે સારૂં છે કે ખરાબ છે.'

આજના દિવસથીજ કાંતાર કન્યાના સદાના પ્રફુલ્લિત મનમાં એકાએક ચિંતાના તરંગો ઉઠવા લાગ્યા. નિર્મળ આકાશમાં હજારો ચળકાટવાળા તારાઓથી ઘેરાયેલો પૂર્ણિમાનો ચંદ્ર પોતાના રૂપેરી કીર્ણો ચારે તરફ નાંખતો હતો, તેને એકદમ રાહુએ ગ્રસી લીધો. પછી બિચારા તારા શું કરી શકે? ચંદ્રમાની ગેર હાજરીમાં જેવું અંધારૂં રાત્રે ફેલાઇ રહે છે, તેવું અંધારૂં બિચારી વનકન્યાના હૃદયમાં આજની વાતોથી ફેલાઇ ગયું. પ્રથમ મૃગનું બચ્ચું જેવું ચંચળ હોય છે, તેવીજ વનકન્યા પણ ચંચળ હતી; પરંતુ આજથી

તેની ચંચળ ગતિ કાંઇ કાંઇ ધીરી થવા લાગી. તેની ચંચળ આં
પણ કાંઇક સ્થિર થઇ, અને તેની નિર્લજ્જતા પણ લાજના પ
માં ઢંકાવા લાગી. પહેલાં તે સર્વ પ્રત્યે નિશ્ચિંતતાથી જોતી અ
હસતી હતી; તેને બદલે હવેથી તેનું માથું નીચું અને દ્રષ્ટિ ભૂ
તરફ રહેવા લાગી. તેની બેફિકરાઇ જતી રહી, હવે તેને ઉદા
અને ચિંતાએ ઘેરવા માંડી. આટલા દિવસો પછી તેનું બાળકપ
જાણે આજેજ તેની પાસેથી વિદાય થઇ ગયું, અને જવાનીએ તે
પ્રત્યે ધીરે ધીરે પોતાના પગલાં વધાર્યાં. જાણે દિવસ વીતી ગ
અને સંધ્યાકાળની ઘાટ છાયાએ કાંતાર કન્યા પર પોતાનો અ
કાર કરવાનો આરંભ કર્યો.

પ્રકરણ ૯મું.

એકાંતમાં રહસ્ય વાર્તા

આ તરફ હેમવતી મોટી ચિંતામાં પડી. વનકન્યાનું
ઉદાસ જોઇને કોણ જાણે શા કારણથી તેને મોટું દુઃખ થતું
વળી તેની પ્યારી બ્હેન પ્રભાવતીની શી સ્થિતિ કહીએ ! તેને ઉ
જોઇને પણ હેમવતીના કષ્ટની સીમા રહેતી નહોતી. હેમવતી જ
પ્રભાના દુઃખની વાતો સંભારતી ત્યારે તેને માટે ઘણી વ્ય
થતી હતી. બીજી તરફ કાંતાર કન્યાના દુખને સંભારીને તે પો
આંસુઓને રોકી શકતી નહોતી. એકને જેથી સુખ હતું, તેજ બ
દુઃખનું કારણ હતું, તેથીજ અમે કહ્યું કે—હેમવતી તે બ
ઉલટાઉલટા ભાવોથી ભારે ચિંતા અને પશ્ચાતાપમાં પડી ગઇ

પરંતુ કાંતાર કન્યા સાથે હેમવતીને શો સંબંધ ? તે
હાલ થોડાજ દિવસથી તેને ઘેર આવીને રહી હતી, ત્યારે
દુઃખથી હેમવતી શામાટે દુઃખી થતી હતી.? અને વનકન્યાની

વિરૂદ્ધ પ્રકાશચંદ્રથી પ્યાર કરવાની ઇચ્છા પૂર્ણ ન થઇ, તેનું તેને દુઃખ થાય છે, એ મોટા આશ્ચર્યની વાત છે. વન કન્યા હેમવતીની પ્રિય નાની બહેનના જીવન સર્વસ્વ–સ્વામીને લઇ લેવા ઇચ્છતી હતી. તેમ છતાં હેમવતીને તેના માટે દુઃખ થતું હતું, એ વાતમાં શો ભેદ છે?

તે ગમે તેમ હોય, હેમવતી મોટા શોચ અને પશ્ચાતાપમાં પડી હતી. પ્રકાશચંદ્રને પણ એક વાતનું દુઃખ હતું. તેને શી વાતનું દુઃખ હતું, તે દર્શાવવાની કશી જરૂર નથી; કેમકે તે વાંચનારા સજ્જનોથી અજાણ્યું નથી. આ સમયે પ્રભાવતી, પ્રકાશચંદ્ર, અને વનકન્યા એ બધાં ભારે ચિંતા, વિચાર અને અફસોસમાં પડયાં છે. બધાંનાં અંતઃકરણોમાં ચિંતાની આગ સળગી રહી હતી, એ ત્રણેની આ સ્થિતિને હેમવતી સિવાય બીજું કોઇ જોનાર અને જાણનાર નહોતું. તેને લીધેજ હેમવતી તેમના માટે હમેશા ચિંતાતુર, ઉદાસ અને દુખિત રહેતી હતી.

ઘણો વિચાર કર્યા બાદ એક દિવસે હેમવતીએ પ્રકાશચંદ્રને એકાંતમાં તેડાવીને કહ્યું:—“જુઓ, પ્રકાશચંદ્ર! હું તમને મારા બનેવીજ નથી સમજતી, પણ મારા નાના ભાઇ પ્રમાણે સમજું છું. આજ હું તમને એક વાત પૂછીશ; મારા પ્રત્યે જૂઠું તો નહિજ બોલોને?”

પ્રકાશચંદ્રે ગભીર ભાવે કહ્યું: “તે શું વાત છે? હું કેવળ સત્ય સિવાય બીજું બોલતોજ નથી. તો પછી આપની પાસે જૂઠું બોલવાનું શું કારણ?”

હેમવતી—“હું હમેશાં તમને ઉદાસ અને ચિંતાતુર જોઉં છું, તમારા ચહેરા પરથી પ્રત્યક્ષ જણાય છે કે તમારા મનમાં જરૂર કોઈ વાતનું ગંભીર દુઃખ છે.

પ્રકાશચંદ્ર—" આજ તમે એ વાત કાઢી તે સારૂંજ થયું. હું ઘણા દિવસથી વિચાર કરતો હતો કે તમારાથી કાંઇ વાત કરૂં; પરંતુ તમારી પાસે આવતાંજ મારી જીભ બંધ થઇ જતી હતી. ઠીક હવે જ્યારે તમેજ મને પૂછો છો, ત્યારે હું કહું છું કે—ખરેખર મને ઘણું દુઃખ છે.

હેમવતી—" તમે મને સ્પષ્ટપણે જણાવો કે—તમારા દુઃખનું કારણ શું છે ? "

પ્રકાશચંદ્ર—(માથું નીચું કરીને) મારી ચિંતા, ઉદાસી અને દુઃખનું કારણ માત્ર એકજ તમારી બહેન પ્રભાવતી છે. "

ત્યાર બાદ બંને જણ કેટલીકવાર સુધી ચુપ રહ્યાં, કોઇના મોઢામાંથી કાંઇ વાત ન નીકળી. કેટલીક વાર પછી એક લાંબો નિશ્વાસ લઇને હેમવતીએ કહ્યું: " હું એ બધું જાણું છું. તે હજૂ સમજ વગરની બાળિકા છે, તેને કાંઇ પણ સમજણ હોત તો તે તમારો આટલો અનાદર ન કરત. તમે પોતે સમજુ છો; તેને બે ચાર સારી સમજણની વાતો કહેવાથી અને થોડું માન આપવાથીજ તે ધીરે ધીરે વશમાં આવી જશે. હું તમને વિનંતી કરૂં છું કે તમે તેના દોષની ક્ષમા કરશો. "

પ્રકાશ૦—" ક્ષમા તો કરતોજ આવું છું. એ સિવાય તેણે બીજો દોષ શો કર્યો છે ? એ તો માત્ર મારા ભાગ્યનીજ વાત છે. એ તમારે સારી રીતે સમજી રાખવું કે મેં તેનો ઘણોજ આદર કર્યો, તેમ છતાં તેણે મારી સાથે એક મીઠી વાત સુદ્ધાં પણ કરી નથી. હું તેથી વિશેષ કાંઇ ઇચ્છતો નથી. હું તેનાથી હાલ માત્ર એટલુંજ ચાહું છું કે—તે મારાથી હાસ્ય વિનોદથી વાતચિત કરે. તે ગમે તેટલી અણસમજ કેમ ન હોય, પણ તેનામાં વાતચિત કરવાની શક્તિ તો અવશ્ય છે, "

હેમવતી—(આશ્ચર્યથી) "શું પ્રભા તમારાથી હસતી ાલતી પણ નથી?"

આ સવાલના જવાબમાં પ્રકાશચંદ્રે પ્રભાવતીની બાબતની સર્વ ત ખુલાવટથી અને વિસ્તાર પૂર્વક કહી સંભળાવી. વાત કરતાં રતાં તેની આંખોમાંથી કેટલાંક આંસુનાં ટીપાં સરી પડયાં. જ્યારે ણે બધી વાતો હેમવતીને કહી સંભળાવી, ત્યારે તેના અંતઃકરણ રથી કેટલોક ભાર ઉતર્યો હોય, એમ તેને ધીરજ આપતાં કહ્યું: પ્રકાશ! તમે એટલી બધી ચિંતા શામાટે કરો છો? બધી સ્ત્રીઓ ઈ એકજ પ્રકારની હોતી નથી. કોઈ કોઈ સ્ત્રીઓ પહેલાં એમ ર છે, પણ પાછળથી ઘણી પ્રેમાળ થાય છે. આ મારી વાત મારે સત્ય માનવી. હજૂ થોડો સમય વીત્યા બાદ પ્રભા તમારી ચ્છાનુસાર બધું કામ કરવા માંડશે."

પ્રકાશ૦—"તમારૂં કહેવું ઠીક છે, પણ કોણ જાણે શાયે રણથી મારા મનમાં એવી આશા બંધાતી નથી."

હેમવતી—"શા માટે નહિ? મેં એવા ઘણાએ બનાવ મારી જરે જોયા છે." એ સિવાય મારે તમને બીજું પણ કાંઈ કુવાનું છે."

પ્રકાશ૦—"જે કહેવું હોય તે ખુશીથી કહો."

હેમવતીની ઇચ્છા છતાં પણ જે વાત તે કહેવા ઇચ્છતી હતી, તેના મુખમાંથી નીકળી શકતી નહોતી. તે મોટા વિચારમાં ી. થોડી વાર પછી તેણે પ્રકાશચંદ્રના મુખ તરફ જોયું, અને ફરી મીન તરફ જોવા માંડયું. જ્યારે કેટલોક સમય એમ ચુપાચુપ ત્યો, ત્યારે પ્રકાશચંદ્રે ફરીથી પૂછ્યું: તમારે મને શું કહેવું છે, કહેવું હોય તે કહો."

હેમવતીએ ફરી બેચાર વાર આમ તેમ જોઇને ધીમા સ્વરથી કહ્યું: "કાંતાર કન્યાની વાત!"

એટલું કહીને તણે પોતાનું માથું નીચું નમાવી લીધું. પ્રકાશચંદ્રનું હૃદય પણ આ વખતે જોરથી ધડકવા લાગ્યું. તેણે પણ પોતાનું માથું નીચું નમાવી લીધું અને કહ્યું: "હવે તમારે વધારે કાંઈ કહેવાની જરૂર નથી; હું તમારી બધી વાત સમજ્યો છું. જો મારા કહેવા પર વિશ્વાસ હોય તો સાંભળો: એ હું જાણુતો નથી કે-તમો લોકોને મારાપર કાંઈ વહેમ છે કે નહિ, પણ હું સત્ય કહું છું કે-તે સંબંધમાં મારી યત્કિંચિત પણ પાપવૃત્તિ નથીજ."

આ સાંભળીને હેમવતીના જીવમાં જાણે નવો જીવ આવ્યો; તેનામાં કાંઇક બોલવાની શકિત પણ આવી. તેણે ધીરેથી કહ્યું: "... તમારી વાતપર સંપૂર્ણ વિશ્વાસ અને ભરોસો છે, પરંતુ કાંતાર કન્યાના મુખથી મેં જે વાતો સાંભળી છે, તેથી મને ઘણી બીક લાગે છે."

પ્રકાશ૦—"તેણે તમને શું કહ્યું છે?"

હેમવતી—"તેને કોઇ પણ વાતની લજ્જા નથી, તેણે મારી સમક્ષ તમારાથી જે વ્યવહાર કર્યો, તે જોઇને હું ગભરાઈ ગઈ હતી; તે કોઈ પણ વાત છાની રાખતી નથી. મને તેણે સર્વ ખુલ્લે ખુલ્લું કહી દીધું. તે તમારાથી પ્યાર કરે છે, તે તમને પ્રાણ કરતાં પણ વધારે ચહાય છે."

જેમ વાદળાંથી ઘેરાયલા આકાશમાં બે વાદળાં પરસ્પર અથડાવાથી ગર્જના થતાં સર્વ દિશાઓ કંપી ઉઠે છે, તેવીજ રીતે પ્રકાશચંદ્રના હૃદય રૂપ આકાશમાં બે ખ્યાલોના અથડાવાથી થયેલી ગર્જનાએ તેના આખા શરીરને કંપાવી દીધું. ઘણીવાર પછી પ્રકાશચંદ્રે કહ્યું: "હું પહેલાં તેના મનનો ભાવ સમજતો નહોતો, પણ

પાછળથી મેં તે સમજી લીધો. પરંતુ હમણા તેનો સ્વભાવ હું કાંઇંક બદલાયલો જોઉં છું. કદાચ ધીરે ધીરે તે બધું સમજવા લાગશે.

હેમવતી—" મારી વ્હાલવાતોથી તેનો સ્વભાવ કાંઇંક બદલાયલો છે, પરંતુ જ્યારથી મેં તેના સ્વભાવમાં એવો ફેરફાર જોયો છે, ત્યારથી કોણ જાણે શા કારણથી મને બીક લાગવા માંડી છે. હવે મારૂં મન એમ કહે છે કે જો હજુ પણ તે પહેલાંની પેઠે આનંદિત રહીને હસતી રમતી દેખાય, તો સારૂં. તે નિર્દોષ હસતા ચહેરાની જગાએ તેનું ઉદાસ મુખ જોઇને કોણ જાણે શાથી મને રડવું આવી જાય છે."

" મને રડવું આવી જાય છે." એ હેમવતીની વાતે પ્રકાશચંદ્રના હૃદયમાં પહોંચીને જોરથી એક આઘાત કર્યો. ત્યારે તેણે એક વાર હેમવતીના મુખ પ્રત્યે જોયું, તો તેને જણાયું કે તેની આંખોમાંથી મોતીની પેઠે આંસુ ખરી પડેલાં હતાં.

હેમવતીએ આંસુ લૂછતાં કહ્યું: "અને જ્યારે હું પ્રભાની વાતોનો વિચાર કરૂં છું ત્યારે મને જંગલી કન્યા ઉપર બહુજ ક્રોધ આવે છે; તે વખતે મને પ્રભાને માટે રડવું આવે છે. વળી તમારી તો વાતજ શું કહું ! તમને ઉદાસ જોઇને પણ મારી છાતી ફાટી જાય છે."

વાતો કરતાં કરતાં હેમવતીની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. પ્રકાશચંદ્ર મૌન્ય ધરીને તેના પ્રત્યે જોઇ રહ્યો હતો.

પ્રકરણ ૧૦ મું

દ્વેષનું બીજ રોપાયું

આટલા દિવસો પછી જંગલના તાજા ખીલેલા સુંદર ફુલમાં કીડો પેઠો. જે સુંદર ફુલ આટલા દિવસ સુધી લોકોની દ્રષ્ટિ સમક્ષ જંગલની શોભામાં વૃદ્ધિ કરતું હતું, તે માણસોની વસ્તીમાં આવીને સંસારની ગરમીથી કુમળાવા લાગ્યું. હમેશાં આનંદમાં રહે વાળી કાંતાર કન્યા આ વખતે વનમાંથી વસ્તીમાં આવીને દિલગીરીના દરિયામાં ડુબી ગઇ છે. 'પ્રકાશચંદ્રથી પ્યાર કરવો, તેમાં પાપ છે.' એ વાતમાં તેને વિશ્વાસ આવતો નથી. ત્યારે શા માટે તેનો જીવ અંદર ખાને ગભરાયા કરે છે, અને દુઃખિત રહે છે? તેના પાપ પુણ્ય રૂપી જ્ઞાન વૃક્ષના મુળ કાપવાની કોણે કોશીશ કરી? તેના ચિંતા રહિત મનમાં કોણે આ ચિંતા લાવીને ભરી દીધી? તે વન કન્યા અનેક વખત એકાંતમાં બેસીને એજ પ્રકારની વાતોનો વિચાર કર્યા કરતી હતી.

હવે તે પ્રકાશચંદ્રને જોતાંજ દોડીને તેના શરીરને લપટાઇ જતી નહિ, હવે તેને જોઇને તેના જીવમાં કોણ જાણે કેવા કેવા ભાવો ઉત્પન્ન થતા હતા; તેની મરજી પ્રમાણે કામ ન થવાથી તે કન્યાને હવે ઘણું દુઃખ થતું હતું. હવે તે જઇને પ્રકાશચંદ્રને લપેટાતી ન હોતી, તેથી શું? પણ તેનું દુ;ખિત હૃદય તો જાણે તેને ભેટીજ પડતું હતું. હજુ પણ પ્રકાશચંદ્રને જોવા માટે તેની આંખો તલસતી રહેતી હતી. પરંતુ હવે તેને જોતાંજ તે પોતાનું માથું નીચું નમાવી દેતી હતી. હજુ પણ પ્રકાશચંદ્રની વાતો સાંભળવા માટે તેના કાન ઉભા થતા હતા; પરંતુ તે સાંભળતાં જ તેના હૃદયમાંથી દુઃખનો પ્રવાહ ઉભરાઇ નીકળતો હતો.

તે વન કન્યા વનમાં જ ઉછરીને આટલી મોટી થઇ હતી, તે આ સંસારના રહસ્યનું તાત્પર્ય સમજતી ન હોતી; એક વાતની તે-

ના મનમાં વાસના હતી, તે વાસના સદા તેના હૃદયને બાળ્યા ક
તી હતી. ક્યારે ક્યારે તે ઘરમાં બેઠાં બેઠાં ગભરાતી ત્યારે મકાન
ની બાજુમાંના બગીચામાં જઈને ફરવા માંડતી. પરંતુ ત્યાં પ
ચિત્તને શાંતિ થતી ન હોતી, ક્યારે ક્યારે બગીચામાંથી ફુલો લા
ને તે ફુલોનો હાર ગુંથતી, પણ તે માળા જેના ગળામાં પહેરા
વાને તેનું મન વ્યાકુળ રહેતું હતું, તેને પહેરાવવાનું સાહસ તે ક
કરી શકતી ન હોતી, તેથી તેના દુઃખનો પાર રહેતો નહિ. તેન
સ્વભાવમાં એકા એક આવો ફેરફાર કેમ થઈ ગયો ? તે પોતા
પણ ન સમજવાથી તે આશ્ચર્ય પામતી હતી. તે પોતાના મનને
પુછતી હતી કે–"શું મારા મનની ઉમેદ પૂરી નહિ થાય?" તે
સર્વ સુખ જતું રહ્યું હતું. પણ આશાએ હજુ સુધી તેને તદન ત
દીધી ન હોતી.

બીજી તરફ પ્રકાશચંદ્ર પણ તેને મળીને વાતચિત કરવા
કે તેને દિલાસો આપવાનું સાહસ કરી શકતો ન હોતો. તેથી
જેથી કાંતાર કન્યા અને તેનો મેળાપ ન થાય, એમજ તે ઇચ્છ
હતો. કદાચ કોઈ વાર તેમની ચાર આંખો મળી જતી, ત્યારે પણ
તેના મુખમાંથી કશી વાત બહાર નીકળતી નહોતી. કંઈ બહાનું
કરીને તે ત્યાંથી નીકળી જતો હતો. પ્રકાશચંદ્રને એ સમજાતું
હોતું, તેનું સામર્થ્ય આ સંબંધે દિનપ્રતિદિન ઘટતું કેમ જાય છે.

ઠીક, હવે પ્રિય પાઠક! આપણે જરા પ્રભાવતીની બાબત
પર પણ ધ્યાન આપીએ તે પ્રકાશચંદ્રની સાથે જેવું વર્તન પ્ર
કરતી હતી, તેવું હમણા પણ કરે છે. પરંતુ હવે પ્રકાશચંદ્ર તે
સાથે વાતચિત કરવાનો પહેલાંની પેઠે આગ્રહ કરતો નથી. હવે ત
તેની રાત્રી કશી વાતચિત કર્યા વગર ચુપાચુપ વીતી જાય છે. તેમાં
પ્રભાવતીની રાતતો મીઠી ઉંઘમાં સુખથી જાય છે. પણ પ્રકાશચંદ્ર
આખી રાત પલંગ પર આમ તેમ આળોટ્યા કરતો હતો. પ્રભાવ-

વીને હવે પ્રકાશચંદ્રના કંટાળાથી દુઃખીત થવું પડતું ન હોતું, તેથી તે હવે કાંઇક આનંદિત જણાતી હતી. તે પ્રસંનતાની સાથે જ તેને કાંતાર કન્યાના પ્રકાશચંદ્ર પ્રત્યેના પ્રેમની પણ ખબર પડી હતી. તેથી એક દિવસ તેણે તે પોતાની કોટડીમાં બોલાવીને પૂછ્યું:–

"બાઇ, તું મારી સાથે સારી રીતે છુટથી વાતચિત કેમ કરતી નથી?"

કાંતાર કન્યાએ એક લાંબો નીઃશ્વાસ નાંખીને કહ્યું: "કોઇની સાથે વાતો કરવાનું મને સારૂં લાગતું નથી."

પ્રભા૦–"શું મેં તારો કાંઇ અપરાધ કર્યો છે?"

કાં૦ક૦–"વનવાસી જીવડાનું વનમાં રહેવું જ સારૂં છે, મારૂં અહીં આવવાનું થયું, એ સારૂં ન થયું, બહેન!

પ્રભા૦–"શું તે જંગલમાં હજુ પણ તને સુખ મળશે?"

કાં૦ ક૦–"હવે ત્યાં મને સુખ મળશે કે નહિ? તે હું બરોબર જાણુતી નથી. મનેતો જણાય છે કે–મારા ભાગ્યમાં સુખ મળવાનું લખ્યું જ નથી. પણ એટલું તો ચોકસ છે કે તમારી સાંસારિક ધમાચકડીથી અમારૂં એકાંતવાસી જંગલ હજારગણું ઉત્તમ તો અવસ્ય છેજ."

પ્રભા૦–"શું તું પોતાનાં દુઃખનું કારણ મને શમજાવી શકીશ?"

કાં૦ ક૦–"તે હું સમજાવી શકું તો ખરી, પણ તમને કહેવું યોગ્ય છે કે નહિ, તે હું જાણુતી નથી. હું કહું છું કે–તે તમને સમજાવવામાં કાંઇ દોષ હોય."

પ્રભા૦–"ના, કાંઇ દોષ નહિ થાય, તું તે નિશ્ચિંતતાથી કહે."

કાં૦ ક૦–"ખેર, જો એમ છે, તો સાંભળો તે વાત કહેવામાં પણ મને સુખ થશે. પ્રકાશચંદ્રને જોતાંજ મારો જીવ કેવો થઇ

જાય છે, તે હું મુખથી કહીને સમજાવી શકતી નથી. મારી સમજણ પ્રમાણે આખા સંસારમાં તેનાથી સુંદર બીજું કોઇજ નહિ હોય, તેનો અવાજ ચાતકના અવાજ કરતાં પણ વધારે મધુર છે. મારો જીવ સદા તેની પાસેજ રહેવાને ચહાય છે, અને હમેશા તેની સાથે વાતચિત કરવાની ઇચ્છા થાય છે. મારા મનમાં એવી ઇચ્છા થાય છે કે તેને લઇને હું કોઇ જંગલમાં નાશી જાઉં, અને તેને મારા હૃદયમાં પુરી રાખું. મોટી બહેન (હેમવતી) કહે છે કે હું તારા પ્રત્યે પ્યાર કરૂં છું, જો પ્યાર કરવો, એ વાતોને કહેતા હોય તો હું પણ પ્રકાશચંદ્ર પ્રત્યે પ્યાર કરૂં છું, હું તેને અંતઃકરણથી ચાહું છું. મોટી બહેન એમ પણ કહે છે કે—"પ્રકાશચંદ્રનાં લગ્ન પ્રભાવતીની સાથે થઇ ગયાં છે, તે કારણથી હવે તેના પ્રત્યે પ્યાર કરવો, બલ્કે તેના પ્રત્યે પ્રેમની દ્રષ્ટિથી જોવું, એ પણ પાપ છે, તે શા માટે પાપ છે, તે તેમણે મને સમજાવ્યું નથી. હું આપનો તિરસ્કાર કરૂં છું, પણ તેમનાં પ્રત્યે પ્યાર કર્યા વિના હું કેમ રહી શકીશ? તેમનુ ધ્યાન કર્યા વગર હું કેમ બચી શકીશ? હું"

પ્રભાવતીએ પત્થરની મુર્તિની પેઠે સ્થિર ભાવથી વન કન્યાની આ સર્વ વાતો સાંભળી આ વાતોએ તેને પગથી માથા સુધી ભ-માવી દીધો. પહેલાં આશ્ચર્ય, પછી તિરસ્કાર તથા દ્વેષ અને છેવટ તેનો બદલો લેવાની ઇચ્છાએ તેના મનમાં પ્રવેશ કર્યો. તેમાં મનમાં બહુ જોસ્સ આવી ગયો તે જંગલી કન્યાની વાતને અધુરેથી જ કાપીને તેણે કહ્યું: "બસ બસ, હવે હું વધારે સાંભળી શકતી નથી; તારૂં મરવુંજ ઉત્તમ છે!"

કાંતાર કન્યા નિડર હતી, પણ આ વાતોથી કોણ જાણે કેમ તેના મનમાં ડર લાગ્યો. ડરતાં ડરતાં તેણે પ્રભાવતીના મુખ પ્રત્યે જોયું, પણ પ્રભાવતી તેના મનનો ભાવ સમજી શકી નહિં એજ

વખતથી પ્રભાવતીના હૃદયમાં તે જંગલી કન્યા પ્રત્યેના દ્વેષનો ખરાબ રીતે બદલો લેવાની પ્રબળ ઇચ્છાએ છુપો વાસ કર્યો. તેમ છતાં તેણે ઉપરથી હસવાનો ડોળ કરીને કહ્યું: "તું જેનાથી પ્યાર કરે છે, તે પણ તને ચહાય છે ખરા ?"

આ શબ્દો સાંભળતાંજ કાંતાર કન્યાની બીક જતી રહી, તેણે નિર્દોષ ભાવે જવાબ આપ્યો: "તે હું બરાબર કહી શકતી નથી. તે મને ચાહતા હોય અથવા ન પણ ચાહતા હોય, એ બંને વાતો સંભવિત છે."

પ્રભાવતી—"જો તે તારા પ્રત્યે પ્યાર કરતા હોય તો—જેમ તેં આગળ કહ્યું તેમ તું તેને લઇને જંગલમાં કેમ નાશી જતી નથી?"

કાં૦કન્યા—"મનમાં જે ઉમેદ હોય છે તે બધી કાંઇ પુરી થતી નથી. અને શું પ્રભાવતી ! પોતાના પ્યારાને લઇને નાશી જવામાં કાંઇ પાપ થાય છે ?"

પ્રભાવતી—"તારા માટે પાપ પુણ્ય શું છે ?"

એટલું કહેવાની સાથેજ પ્રભાવતી ત્યાંથી ઉઠીને બીજી જગાએ ચાલી ગઇ. અને કાંતાર-કન્યા આશ્ચર્યની સાથે તેના પ્રત્યેજ જોતી રહી !

પ્રકરણ ૧૧ મું

પ્રભાનું મુખ ખુલ્યું

કઇ વાતથી મનની દશામાં ફેરફાર થઇ જાય છે, તે કોણ કહી શકે છે? પ્રકાશચંદ્રની સાથેના કાંતાર-કન્યાના પ્રેમને અમે નાનીસુની વાત કહી શકતા નથી; પરંતુ એ વાતને તેનાં પોતાના જ મુખથી માત્ર એકજ વાર સાંભળીને પ્રભાવતીના મનની દશા એકદમ બદલી ગઇ છે, તે એવી તો બદલી ગઇ છે કે જે જોવાથી આશ્ચર્ય થાય છે; હવે પ્રભાવતી તે આગળની પ્રભાવતી નથી. જે પ્રભાવતી એક દિવસ પ્રકાશચંદ્રનું નામ સાંભળીને બીકને લીધે રડી પડતી હતી, તેજ પ્રભાવતી હવે તેના પ્રત્યે પ્રસંનતાથી જુએ છે, ચીડાય છે, અને ખુલ્લા દિલથી વાતો કરે છે. અને તે ઇચ્છે છે કે પ્રકાશચંદ્ર તેના પ્રત્યે પ્યાર કરે. તે ઉપરાંત એક વાર જે કાંતાર-કન્યાને જોઇને પ્રભાવતી પ્રસન્ન અને આનંદ મગ્ન થતી હતી, તેજ કાંતા-રકન્યા આજ તેની આંખોમાં કસ્તરની પેઠે ખટકે છે; તેથી પ્રિય પાઠક! અમે એમ કહ્યું છે કે-'કઇ વાતથી મનની દશામાં કેવો ફેરફાર થઇ જાય છે, તે કોણ કહી શકે છે?'

આટલા દિવસો પછી પ્રભાવતીને સમજાયું કે તેણે પોતાના પતિની સાથે કેવું વર્તન કરવું જોઇએ. હવે તેનામાં ચંચળતા કંઇક રહી છે, અને તેનું છોકરવાદીપણું તદન જતું રહ્યું છે, પોતાના પતિની સાથે તેણે પ્રથમ યોગ્ય વ્યહવાર ન કર્યો, તેને માટે હવે તેને પશ્ચાતાપ પણ થાય છે. વળી વનકન્યાની ઉપર હવે તેને બહુ ક્રોધ આવે છે; આજ રાત્રે જ્યારે પ્રકાશચંદ્ર સુવા આવ્યો ત્યારે પ્રભાવતી જાગતી હતી. અર્થાત તેની હમેશની રીતિ પ્રમાણે તે પલંગની કોર પર સંકોચાઇને નિદ્રાનો ઢોંગ કરી સુતી ન હતી.

તે પલંગની એક બાજુએ બેસી પાન બનાવતી હતી; એકાએક પ્રકાશચંદ્રને આવેલો જોઇને તેણે પોતાના ખુલ્લા મુખનો કાંઇક ભાગ ઘુંઘટથી ઢાંકી દીધો. પણ તેજ વખતે તેણે ઉભા થઇને એક પાનનું બીડું પ્રકાશચંદ્રના હાથમાં આપ્યું. પ્રકાશચંદ્રે આશ્ચર્ય ચકિત થઇને પૂછ્યું ; "આ શું ?"

પ્રભાવતીએ ઘણાજ ધીમા સ્વરથી જવાબ આપ્યો, "તે એજ કે-તમે પાનને પસંદ કરો છો, અને પાન ખાઓ છો."

પ્રકાશ૦-"આજ આ નવી વાત હું જોઉં છું."

પ્રભા૦-"તમારું પાન ખાવું, એ નવું નથી, તેમ મારું પાન બનાવવાનું પણ નવું નથી, તો નવી વાત શી ?"

પ્રકાશ૦-"તારું આ પ્રમાણે પાન બનાવીને મને આપવું, એજ માત્ર નવી વાત છે. તેં તો આજ સુધી કોઇ દિવસ મને પાન બનાવીને આપ્યું નથી."

પ્રભા૦-"શું તે બનાવીને આપવામાં કાંઇ દોષ છે ?"

પ્રકાશ૦-"દોષ તો નથી જ, પણ આજ એકાએક આવી કૃપા કેમ કરી ?"

પ્રભા૦-"એમાં કૃપા શાની ? જો આટલા દિવસ હું અણસમજણી હતી. તો શું હમેશાં તેવી જ રહેવાની ?"

પ્રકાશચંદ્રે પોતાના મનમાં વિચાર્યું કે-"શું આજ હું આ સ્વપ્ન જોઉં છું ?" પછી તેણે પ્રભાવતી પ્રત્યે કહ્યું "તારી વાતોથી મને આજ ઘણોજ સંતોષ થાયો છે, પણ એકાએક તારા મનમાં આવો ફેરફાર શાથી થયો ?"

પ્રભા૦-"એ વાત પુછવાની શી જરૂર છે ? હું એક વાત તને પુછું છું, તે મને કહેશો ?"

પ્રકાશ૦-"શી વાત ?"

પ્રભા૦—"કાંતાર-કન્યાને તમે ક્યાંથી મેળવી હતી?"

પ્રકાશ૦—"જંગલમાંથી."

પ્રભા૦—"ક્યા જંગલમાંથી?"

પ્રકાશ૦—"તેની ખબર નથી."

પ્રભા૦—"તે જંગલ અહીંથી કેટલું દુર છે?"

પ્રકાશ૦—"આશરે ૭ ગાઉ."

પ્રભા૦—"કઈ દિશામાં?"

પ્રકાશ૦—"પશ્ચિમ તરફ."

પ્રભા૦—"તે જંગલમાંથી શહેરમાં આવતી વખત પહેલું કયું ગામ આવ્યું હતું?"

પ્રકાશ૦—"બરનગંજ. પણ આટલા દિવસો પછી આ બધી વાત તું શા માટે પૂછે છે? તે તો કહે."

પ્રભા૦—"આટલા દિવસ મને કયાં ખબર હતી કે કાંતાર-કન્યા તમારા પ્રત્યે પ્યાર કરે છે; હવે મને ખબર પડી કે—તે મારી શોક્ય છે."

પ્રભાવતીની આ આશ્ચર્યકારક વાત સાંભળી પ્રકાશચંદ્રનું શરીર કંપી ઉઠયું. એકાએક મનુષ્યની સામે ભયંકર ગર્જનાની સાથે વીજળી આવીને પડવાથી તે જેમ થરથરી જાય છે, તેવી જ રીતે પ્રકાશચંદ્ર થરથરી ગયો. આ તરફ પ્રભાવતીનું ધ્યાન પ્રકાશચંદ્ર પ્રત્યે નહોતું. તેનું મન કોઇક બીજેજ ઘાટ ઘડવામાં હતું. કેટલીક વાર પછી પ્રકાશચંદ્રે પૂછયું: "આ વાત તને કોણે કહી? પ્રભા?"

પ્રભા૦—"તેણે પોતેજ કહી." (જરા થોભીને) "જો એમ છે તો તમે વનકન્યાની સાથે લગ્ન કેમ કરી લેતા નથી?"

પ્રકાશ૦—"શું મારાં લગ્ન નથી થયાં, કે હું તેની સાથે લગ્ન કરવા જાઉં !"

પ્રભા૦—"ત્યારે તેના પ્રત્યે આટલો પ્યાર કેમ કરો છો ?"

પ્રકાશ૦—(જરા ચીડાઈને)"તને કોણે કહ્યું કે હું તેનાથી પ્યાર કરું છું ?"

પ્રભા૦—"તેણે પોતેજ પોતાના મુખથી એ વાત મને કહી છે; જો તમે તેનાથી પ્યાર કરતા ન હોત તો જંગલમાંથી અત્રે તેને લાવતજ શા માટે ?"

પ્રકાશ૦—"તેણે મારો જીવ બચાવ્યો છે, એટલા માટે તેના નિર્દય બાપના જુલમથી છોડાવીને હું તેને અત્રે લાવ્યો છું."

પ્રભા૦—"ત્યારે હવે તે તમારા માટે મરે છે, માટે તમે તેનો જીવ બચાવો !"

પ્રકાશ૦—"તે આપણી સંસાર વ્યવહારિક વાતોથી બિલકુલ અજ્ઞાન છે, અને બહુ ભોળી છે."

પ્રભા૦—"એ વાત કદાચ ખરી હશે, પણ તે તમને લઈને જંગલમાં નાશી જવાનું સારી રીતે જાણે છે !"

પ્રકાશ૦—"એ વાત તને કોણે કહી ?"

પ્રભા૦—"એ વાત પણ મેં ખુદ તેના મુખથી સાંભળી છે."

પ્રકાશ૦—"તું મારી પરણિયત સ્ત્રી છો, તે જાણવા છતાં તેણે પોતાના મનના બધા ભાવો તને કહી દીધા; એટલા પરથીજ સિદ્ધ થાય છે કે–તે જો સંસાર વ્યવહારની વાતો જાણતી હોત, અને તદ્દન ભોળી તથા નિર્દોષ ન હોત; તો શું તે એવી વાતો તને કહેત ખરી ?"

પ્રભા૦—"હું તો હજૂ તને કહું છું કે–તમે તેના પ્રત્યે પ્યાર કરો છો ? નહી તો તેની તરફદારી કરી કરીને આટલી બધી વાતો શા માટે કરત ?"

પ્રકાશ૦—"ઠીક છે, કદી એમજ તું માની લે, તોપણ તેમાં તને શું નુકસાન થાય છે ? તું તો મારા પ્રત્યે પ્યાર કરતી જ નથી, ? એ વાત તો તું તારા પોતાના મુખથી જ કહી ચૂકી છો, એટલે હવે એ બાબતની તને શી પંચાત છે ?"

આ ખરૂં મેણું સાંભળી પ્રભાવતી ખસિયાણી પડી અને કેટલીક વાર સુધી ચુપ રહી, પછી બોલી–"મારૂં નુકશાન નથી થતું, એમ કદાચ માનીએ, તોપણ તેમાં તમને તો નુકશાન છે જ ને ? તમને શું ધર્મનો ડર નથી ? તે જંગલી કન્યા તમારી શી સગી થાય છે ?તમે તેના પ્રત્યે કેમ પ્યાર કરી શકો છો ?"

પ્રકાશચંદ્રે આ વાતથી જરા ગુસ્સે થઇને કહ્યું: "મારા નુકસાન અને ધર્મનો ડર મને પોતાને હશે, તે વાતમાં વચ્ચે પંચાત કરવાવાળી તું કોણ છો ?"

પ્રભા૦—"શા માટે નહિ, તમને અન્યાય અને અધર્મનું વર્તન કરતા જાઇને હું એક નહિ પણ હજાર વાર બોલીશ."

પ્રકાશ૦—"આજ તો તારી વાત ઘણી જોરવાળી જણાય મારા ઉપર તારો શો અધિકાર છે ?"

પ્રભા૦—"તમારા ઉપર મારો સંપુર્ણ અધિકાર છે !"

પ્રકાશ૦—"ત્યારે આટલા દિવસ તે અધિકાર કયાં સંતાઇ રહ્યો હતો ?"

પ્રભા૦—"આટલા દિવસ શું હું જાણતી હતી કે–તમે તે "જંગલી" કન્યાને ચાહો છો ?"

પ્રકાશ૦—"જો તારો એવો ખ્યાલ હોય તો તેમાં તારી ભુલ છે, હું તેના પ્રત્યે શી રીતે પ્યાર કરી શકું ? તેણે મારો જીવ બચાવ્યો છે, તેમ તે આપણા સંસારિક રીતરિવાજોથી બિલકુલ અજ્ઞાન છે, તેથી તેનામાં કાંઈ દોષ જોઇને પણ હું તેને ખરેખરા દોષ સમજતો નથીઃ પણ તેની અજ્ઞાનતાની ભુલો જ માનું છું, એટલુંજ નહિ પણ તેનું દુઃખ જોઇને મને પણ દુઃખ થાય છે."

પ્રભા૦—"તે ગમે તેમ હોય, પણ હવે તેનાથી તમે વાતો કરવા નહિ પામો, તેમ તેની વાતો કોઇ સાથે પણ કરવા પણ નહિ પામો, તેની સાથે કોઇ પ્રકારનો સંબંધ રાખવા નહિ પામો."

પ્રકાશ૦—"શું ત્યારે મારી વાતો પર તને વિશ્વાસ આવતી નથી ?"

પ્રભા૦—"જરા પણ નહિ"

આટલી વાતચિત્તથી પ્રકાશચંદ્ર સમજી ગયો કે—હવે પ્રભાવતી તે આગળની પ્રભાવતી નથી. ત્યારે શું હવે તે તેના પ્રત્યે પ્યાર કરે છે ? જો તેમ ન હોત તો તે તેના પ્રત્યે આટલો અધિકાર કેમ ચલાવત? એક સુકાઇ ગયેલા પુષ્પ વૃક્ષને ફરી નવપલ્લવ થયેલું જોઇને મનુષ્યને જેવો આનંદ થાય, તેવો આનંદ પ્રકાશચંદ્રને પણ થયો. તેથીજ કાંતાર કન્યાના સંબંધમાં પ્રભાવતીનો સંદેહ દુર કરવા માટે તે વિશેષ યત્ન કરવા લાગ્યો. પણ એકાએક તેના પ્રત્યે પ્રભાવતીને એવો શક શા પરથી ઉત્પન્ન થયો ? ખરેખર પ્રકાશચંદ્રે આજ દિવસ સુધી સંદેહ ઉત્પન્ન થાય, તેવું કોઇ કામ તો કર્યુંજ નથી. અને પુખ્ત વયની અને બુદ્ધિમતી હેમવતી તેની વાતો પર ભરોસો રાખતી હતી, ત્યારે તે બુદ્ધિહીન બાળા પ્રભાવતી તેના પ્રત્યે શા કારણથી અવિશ્વાસ રાખે છે ? પ્રકાશચંદ્ર એજ વાતોનો વિચાર કરતાં કરતાં વારંવાર પ્રભાવતીને સમજાવવા લાગ્યો કે—"કાં-

તાર કન્યાને હું કોઇ પણ પ્રકારની ખરાબ દ્રષ્ટિથી જોતો નથી.” તેમ છતાં પ્રભાવતીનો સંદેહ દુર થયો નહિ. ત્યારે પ્રકાશચંદ્ર ઉદાસ થઇને સુઇ ગયો. પ્રભાત થવા સમયે વનકન્યા સંબંધે એક ખરાબ સ્વપ્નું જોવાથી તેને ઘણું જ દુઃખ થયું.

સ્વપ્નમાં પ્રકાશચંદ્રે જોયું કે–“ અકસ્માત તે જંગલી કન્યાનું મૃત્યુ થયું છે. અને તેની લાશને પોતાના કાંધપર મૂકીને તે જંગલે જંગલ રોતો ફરે છે !” ત્યાર બાદ એવું જોયું કે–“ એ પ્રમાણે રખડતાં રખડતાં જાણે કાંતાર કન્યાના બાપ કિશનસિંઘ લુટારાથી તેનો મેળાપ થયો, તે લુટારો પોતાની પુત્રીને મરણ પામેલી જોઇને પ્રકાશચંદ્રને મારી નાખવા તૈયાર થયો. પ્રકાશચંદ્ર મોટા વેગથી દોડીને કાંતાર કન્યાના શબ સહિત ત્યાંથી નાઠો. દોડતાં દોડતાં તે એક મોટા પર્વતની તળેટીમાં આવી પહોંચ્યો. ત્યાં બેઠેલા એક તપસ્વી પાસે તેણે તે કન્યાના પ્રાણની ભિક્ષા માગી, તે સંન્યાસીએ પોતાના કમંડલનું જળ કાંતાર કન્યાના શબ ઉપર છાંટયું, તેથી તે જીવતી થઇ; પરંતુ પુનર્જીવન પામ્યા પછી તે પ્રકાશચંદ્રને ઓળખી શકી નહિ ! પ્રકાશચંદ્રે તેને ઘેર લાવવાને ઘણો ઉપાય કર્યો, પરંતુ તે પ્રકાશચંદ્રની સમક્ષજ સુગંધિત ફુલોના એક વિમાનમાં બેસીને સ્વર્ગમાં ચાલી ગઇ ! ! ! ” આ બનાવ જોઇને પ્રકાશચંદ્ર રોવા લાગ્યો, તે સાથેજ તેની નિદ્રા ઉડી ગઇ.

પ્રકાશચંદ્રે જાગીને જોયું તો ખરેખર તેની આંખોમાંથી અશ્રુધારા ચાલતી હતી ! સ્વપ્નામાં કાંતાર કન્યાને માટે પોતાને આંસુ વરસાવતો જોઇને પ્રકાશચંદ્રને આનંદ થયો, કે દુઃખ થયું ? તે અમે કહી શકતા નથી. પરંતુ સ્વપ્નનું ફળ કાંઇક ખરાબ આવશે, એવુંસમજીને તે મનમાં દુઃખિત થવા લાગ્યો. પ્રિય પાઠકગણ ! આ સ્વપ્નનું પરિણામ શું આવશે તે આપણે થોડા સમયમાં જાણી શકીશું.

પ્રકરણ ૧૨ મું.

વિશ્વાસઘાત

અમાવાસ્યાની ઘોર અંધકારમય રાત્રી છે, મધ્ય રાત્રીનો સમય થઇ ગયો છે, રહી રહીને વીજળી ચમકે છે. ચોતરફ ભયંકર શાન્તિ પથરાયલી છે, પરંતુ થોડી થોડી વારને અંતરે ભયંકર ઘનગર્જના થઇને તે શાન્તિનો ભંગ કરે છે; અહા ! આજ અમાવાસ્યાના ગાઢ અંધકારમાં છવાયલા વાદળોને જોઇને ચપલા (વિજળી) ઠમક ઠમક નાચી રહી છે !

જોત જોતામાં એક ભયંકર ગર્જનાની સાથે વરસાદ વરસવા લાગ્યો પ્રથમ સાધારણ ઝરમર ઝરમર થઇને પછી ઠમ ઠમ કરતાં મોટાં બિંદુઓ પડવા લાગ્યાં. જ્યારે જોસભેર વરસાદ પડવા લાગ્યો ત્યારે વિજળીના પ્રકાશને આધારે પ્રભાવતી પોતાની સુવાની કોટડી માંથી બહાર નીકળી. તે વખતે પ્રભાવતી બહુ સાવધાનીથી પોતાના પગનો અવાજ ન સંભળાય તેમ ચોરની પેઠે ધીરે ધીરે પગલાં માંડતી ચાલતી હતી. ધીરેથી તેણે એક બીજી કોટડીના દરવાજા પાસે જઇને એક ધીમે હાંક મારી "જંગલી !"

આ વખતે કાંતાર કન્યાની આંખોમાં ઉંઘ ભરાયલી હતી, આવા વરસાદના અવાજમાં પણ તેણે પ્રભાવતીનો સાદ ઓળખી લીધો. તેથી ધીરે ધીરે બિછાનામાંથી ઉઠીને દરવાજા પાસે આવી અને પ્રભાવતીને પૂછ્યું; "કેમ અત્યારે શું છે ?"

પ્રભાવતી૦—"(ઘણા ધીમા અવાજે) મારૂં એક કામ કરી શકીશ ?"

કાં૦કન્યા—"અત્યારે શું કામ છે ?"

પ્રભા૦—"પીર ગંજનું તળાવ જોયું છે ?"

કાં૦કન્યા—"હા દીઠું છે."

પ્રભા૦—"મેં તારે જ મોઢે સાંભળ્યું છે કે–તને અંધારી અને ભયાનક રાત્રીમાં પણ બીક લાગતી નથી, ત્યારે શું તું મારા માટે તે તળાવમાંથી આ વખતે એક કમળનું ફુલ લાવી શકીશ?"

કાં–કન્યા—"હા, લાવી તો શકીશ, પણ આ વખતે તમે કમળનું ફુલ લઇને શું કરશો?"

પ્રભા૦—"આજ અમાવાસ્યાની રાત છે, બે વાગવાને હવે થોડી જ વાર છે, આજ રાતના બરાબર બે વાગે તોડેલું કમળ ફુલ કાળી માતાને ચઢાવવાથી અને તેની પૂજા કરવાથી મનમાં ધારેલી ઉમેદ પાર પડે છે; મારા મનમાં પણ એક ઉમેદછે, શું તું મારા મનની કામના પુર્ણ કરવામાં મારી મદદગાર નહિ થાય?"

પ્રભાવતીના મુખમાંથી છેલ્લા શબ્દો નીકળવા સાથે જ આકાશમાં એક પ્રચંડ અને ભયંકર વિજળીની ગર્જનાનો મોટો કડાકો થયો. પ્રભાવતીનું ઘાતકી હૃદય પણ તેથી કંપી ઉઠ્યું. તે દોડીને કાંતાર કન્યાના બિછાના પર લેટી રહી, અને કાંતાર કન્યા ઉતાવળે ઉતાવળે ત્યાંથી કમળનું ફુલ લેવા ચાલી.

તે વનવાસિની કન્યા નિડર ભાવથી મકાનની બહાર નીકળી તે વખત વરસાદ પડતો બંધ થયો હતો. સહેજ ઝરમર ઝરમર બુંદ પડતી હતી, તોપણ તેના માથાપર વિજળીના ઝબકાર અને ભયંકર ગર્જનાઓ થતી હતી. આ સમયમાં સ્ત્રી તો શું પણ સામાન્ય પુરૂષ પણ બહાર નીકળવાની હિંમત કરી શકે નહિ. પરંતુ હમેશાં જંગલમાં વસનારા લોકોને આ વાત સામાન્ય છે.

આવી અંધારી અને તોફાની રાતોમાં પણ રસ્તો કાપવામાં કાંતાર કન્યાને પ્રથમ કયારે પણ બીક લાગતી ન હોતી. પણ આજ કોણ જાણે શા કારણથી તેને બીક લાગતી હતી. તેની ઉતાવળી ચાલ પણ ધીરે ધીરે ધીમે પડતી હતી, તોપણ તે આગળ ચાલવા-

માં અટકતી નહોતી. તે બહુ આસ્તે આસ્તે ચાલતી હતી, હવે વિજળી પણ વારંવાર થતી નહોતી, પણ થોડી થોડી વારને અંતરે પોતાની ઝબક બતાવતી હતી, ઘનગર્જના પણ હવે કેટલીક વાર રહી રહીને થતી હતી. એ પ્રમાણે જ્યારે વીજળી અને ગર્જનાએ પોતાની ચાલ ધીમી કરી નાખી, ત્યારે બિચારી કાંતાર કન્યા પોતાની ચાલ ધીમી શા માટે ન કરે?

તે ધીમે ધીમે ચાલતાં પીરગંજના તળાવની પાળ પર આવી પહોંચી. પાણીમાં પેશીને મહામહેનતે તેણે કમળનું એક સુંદર ફુલ પણ તોડયું. ત્યાર બાદ તે પાછી ધીમે ધીમે તળાવની પાળપર આવી પહોંચી. બરાબર તેજ વખત તેની આંખોને પોતાના પ્રચંડ પ્રકાશથી અંધકાર મય બનાવતી વીજળી આકાશના એક છેડાથી ઠેઠ બીજા છેડા સુધી ચમકતી દોડી ગઇ. કાંતાર કન્યાએ ચમકીને પોતાની ચારે તરફ જોયું, તો તેની સામે યમદુતના જેવી એક ભયંકર મનુષ્યઆકૃતિ દેખાઇ! તે સાથેજ આકાશમાં ભયંકર ગર્જના થઇ, અને વીજળી મોટા જોરથી કડાકા કરી જમીન પર પડી. તે વીજળી થોડે દુર પડવા સાથેજ જાણે કાંતાર કન્યાની આંખો અને હૃદય બંનેમાં એક સાથેજ અંધકાર વ્યાપી ગયો. તે દિગમુઢ બની ગઇ. તેને કોઇ ભયંકર હાથે બળપૂર્વક પકડીને બાંધી લઇ જતો હોય, એમ જણાયું. વન કન્યા હરાઇ ગઇ! શું પ્રભાવતીએ તેની સાથે વિશ્વાસઘાત કર્યો? પ્રિય પાઠક! સ્ત્રીઓના હૃદયને કોણ સમજી શકે છે? **દેવો ન જાનાતિ કુતો મનુષ્ય?** દેવતા પણ જાણી શકતા નથી, તો મનુષ્યની કયાં ગતિ?

પ્રકરણ ૧૩ મું

પ્રભા અને પ્રકાશ

આજ બાબુ જગતચંદ્રના ઘરમાં મોટો કોલાહલ થઇ રહ્યોછે, તે કોલાહલનું કારણ એ છે કે સવારના પહોરમાં સૌની કોડીલી કાંતાર કન્યા કોણ જાણે કયાંય ગેબ થઇ ગઇ છે. તેનો કયાંપણ પત્તો લાગતો નથી, તેની શોધ માટે ચોતરફ માણસો પણ મોકલ્યાં હતાં, પણ કયાંય તે જડી નહિ. કોઈ માણસે તેને બહાર જતાં પણ જોઇ હોય, એમ કોઇ કહેતું નથી. રાત્રીના વરસાદથી શહેરની બહાર કયાંય તેના પગનો પણ પતો લાગ્યો નહિ. આજ જગતચંદ્રના ઘરમાં રસોઇ પણ થઇ નથી, પોતે બાબુ સાહેબ કોર્ટમાં પણ ગયા નથી માત્ર એક—પ્રભાવતી સિવાય બીજા ઘરનાં બધાં માણસો કાંતાર કન્યાને માટે વ્યાકુળ છે. તેમાં સૌથી વિશેષ તેના ખોવાઇ જવાથી પ્રકાશચંદ્ર અને હેમવતીને બહુજ દુઃખ થયું. બિચારી ભલી હેમવતીએ આજ પાણીનો ઘુંટડો પણ પીધો ન નહોતો; તેમ પ્રકાશચંદ્ર ભુખે પેટે શહેર, ગામ, બાગ બગીચા, જંગલ આદિમાં રખડી રખડીને કાંતાર કન્યાને શોધવા લાગ્યો. આ થોડા દિવસોમાં બાબુ જગતચંદ્ર પણ તે જંગલી કન્યાને ખરેખર પોતાની પેટની પુત્રીની પેઠે પ્રેમથી જોવા લાગ્યા હતા. તેની પાસે માણસો કે નોકર ચાકરની કાંઇ કમી નહોતી. તેમ રંગપુરની આખી પોલિસ ફોજ તેને આધીન હતી. તેથી કાંતાર કન્યાને શોધવામાં કશી ખામી રહી નહિ. સંધ્યા સમયે જ્યારે સર્વ માણસો લાચાર થઇને પાછા વળી આવ્યા, અને તે કન્યાનો કયાંય પતો ન લાગ્યો, ત્યારે હેમવતીએ રોતાં રોતાં પિતાના પગપર પડીને કહ્યું: "પિતાજી! મારી જંગલીને ગમે તે ઉપાય કરીને પણ લાવી આપો."

જગતચંદ્ર મોટો બુદ્ધિમાન, અનુભવી અને દઢહૃદયનો સત્તાધારી પુરૂષ હતો, તેમ છતાં પણ આ જંગલી કન્યાને માટે તેની આંખોમાં આંસુ આવ્યાં. પ્રકાશચંદ્ર હજુ સુધી કાંતાર કન્યાની શોધમાં બહાર ગયો હતો, તે રખડીને પાછો આવ્યો નહોતો. તે છેક રાતના ૯ વાગે ઉદાસ દિલે ઘેર પાછો આવ્યો, તેની આશા તુટી ગઇ હતી.

અગિયાર વાગ્યાને સુમારે પ્રકાશચંદ્ર અત્યંત ઉદાસ ભાવે સુવા ગયો. પ્રભાવતી પલંગપર બેઠી હતી, તેના ચહેરાપર જરા પણ ઉદાસીનું ચિન્હ નહોતું : બલ્કે તે તો આજ ઉલટી ખુશીમાં હોય એમ જણાતું હતું. પ્રકાશચંદ્રને જોતાંજ ઝટ તેની પાસે જઇને તેણે તેને કહ્યું: "જ્યારે આટલી શોધ કરવા છતાં તે જડીજ નહિ, ત્યારે તેના માટે દુઃખી થયાથી શું વળશે?"

પ્રકાશચંદ્રે એક લાંબો નિશ્વાસ નાંખીને કહ્યું: "દુઃખી થવાથી કાંઈ વળવાનું નથી, એ તો હું પણ જાણું છું. પરંતુ દુઃખી થયા વિના રહેવાતું નથી, શું તને તેને માટે જરાપણ દુઃખ થતું નથી?"

પ્રભા૦—"ના, જરા પણ નહિ. તે મારી શું થાય? જે મને તેને માટે દુઃખ થાય?"

પ્રકાશ૦—"અરે! નિષ્ઠુર હૃદયની! એક પાળેલા પક્ષીના જતા રહેવાથી પણ મનુષ્યને દુઃખ થાય છે?"

પ્રભા૦—"હા, એ ખરી વાત છે, પાળેલા પક્ષીને માટે મને દુઃખ થાય ખરૂં, પણ આને માટે તો તે નથી થતું. તે જ્યાંથી આવી હતી, ત્યાં ચાલી ગઇ! તેમાં શું થયું?"

પ્રકાશ૦—"જો એટલી વાતનો પણ નિશ્ચય હોય, તોપણ ચિત્તને કાંઇ વિશ્વાસ બંધાય."

પ્રભા૦—"શું એ વાતનો નિશ્ચય થઇ જવાથી તમને સંતોષ પ્રાપ્ત થશે ?"

પ્રકાશ૦—"જરૂર થશે."

પ્રભા૦—"ત્યારે હું તમને નિશ્ચય પૂર્વક કહું છું કે-તે જ્યાં થી આવી હતી, તેજ જંગલમાં ચાલી ગઇ !"

પ્રકાશ૦—"તે વાત તેં શી રીતે જાણી ?"

પ્રભા૦—"મેં તેને ભુલાવો આપીને ત્યાં પહોંચાડી દીધી!"

આટલું સાંભળતાંજ પ્રકાશચંદ્ર એકદમ ઉઠી ઉભો થયો ! તેના આખા શરીરની અંદરથી એક પ્રકારની વીજળી પસાર થઇ ગઇ! તેણે પ્રભાવતીને પુછ્યું: "તેં તેને શી યુક્તિથી છેતરીને વન-માં મોકલી દીધી ? તે ખરેખરૂં કહી સમજાવ."

પ્રભા૦—"તમને ખ્યાનમાં નથી, પરંતુ મેં ધીરે ધીરે તમે તેને કયા જંગલમાંથી લઇ આવ્યા હતા, તે બરાબર જાણી લીધું. આપણો નોકર રામચરણ એક વાર તે વનમાં જઇ આવ્યો હતો; મેં તેની માર્ફત કાંતાર-કન્યાના બાપને કહેવરાવ્યું કે–'અમાવાસ્યા-ની રાતના બરાબર બે વાગે પીરગંજના તળાવ ઉપર તમે તમારી જંગલી' કિંવા "કાતાર-કન્યા" ને મેળવી શકશો.' પછી મેં જ તેને ગઇ રાત્રે કમળનું ફુલ લાવવાના બહાનાથી છેતરીને તે તળા-વપર બે વાગાના સુમારપર મોકલાવી દીધી. ત્યારબાદ તે પાછી આવી નહિ. તેથી સ્પષ્ટ સમજાય છે કે–તેનો બાપ જ તેને પોતાને ઘેર લઇ ગયો ! તેમાં શું ખોટું થયું ?"

પ્રકાશચંદ્રે પ્રભાવતીના વિશ્વાસઘાતની વાત એક ચિત્તે સાંભ-ળી, પણ તેનો છેલ્લો સવાલ તેના મગજમાં પ્રવેશ્યો જ નહિ. તે તો દિગ્મૂઢની પેઠે ઉભો જ રહ્યો. ત્યારે પ્રભાવતીએ વળી તેના

મુખ પ્રતિ જોઈને પુછ્યુઃ તમે આમ સુનમુન થઈને ઉભાછો કેમ ? શું તમને મારી વાત પર વિશ્વાસ આવતો નથી ?"

એકાએક માથાપર કાંઇ ભારે વજનદાર ચીજ પડવાથી તેનાથી ડબાયલો માણુસ જેમ સ્થિરતાથી કેટલીક વાર સુધી ઉભો રહે છે, તેવી રીતે કેટલોક વખત સુધી સ્થિર ભાવથી ઉભા રહીને પ્રકાશચંદ્રે પોતાની નિષ્ઠુર અને અત્યંત દ્વેષી ભાવની સ્ત્રીની ઉપર લખેલી વાત સાંભળી. ત્યારબાદ તે ધીરેધીરે ચુપાચુપ ત્યાંજ જાણે ઉભા રહેવાની કે ચાલવાની શક્તિ જતી રહી હોય તેમ બેસી રહ્યો. તેના મુખમાંથી કાંઇ પણ શબ્દ નીકળ્યો નહિ. જાણે શરીરમાં પ્રાણુજ નથી, એમ ચેષ્ટા રહિત થઇ તે બેસી રહ્યો.

આમ થવાથી પ્રભાવતી પ્રકાશચંદ્રની સ્થિતિ સમજી ગઇ. મનમાં જે આશા ધારીને તેણે પોતાના પતિને આ વાત કહી હતી, તેનું ઉલટુંજ પરિણામ આવેલું જોઇને તે કાંઇક દુઃખી થઈ; તેણે ધીમેથી જમીન પર બેઠેલા પ્રકાશચંદ્રનો હાથ પકડયો, અને તેના મુખ પ્રત્યે જોવા લાગી.

થોડી વાર પછી પ્રકાશ ફરી ઉભો થયો, અને પ્રભાવતીના હાથમાં-થી પોતાનો હાથ છોડાવીને બહાર જવા લાગ્યો, પરંતુ પ્રભાવતીએ તેને રોકીને પુછ્યું: "ક્યાં જશો ?"

ભારે દુઃખથી તિરસ્કાર ભરેલા અવાજે પ્રકાશચંદ્રે જવાબ દીધો: "જ્યાં તે કાંતાર-કન્યા ગઇ છે, ત્યાં હું પણ જઇશ."

પ્રકાશચંદ્રનો દુઃખથી ભરેલો અવાજ સાંભળીને પ્રભાવતીનું હૃદય કંપી ઉઠયું. તે વખતે પ્રકાશચંદ્રે તેને કહ્યું: આ વખતે તું મને રોકી શકીશ નહિ,"

એ વાતથી ફરી પ્રભાવતી થરથરી ગઇ. તેમ છતાં તેણે જેમ

તેમ હિંમત લાવીને કહ્યું: "તે જાદુગરી અને રાક્ષસી છે, તેની પાસે તમારૂં જવું શું યોગ્ય છે?"

પ્રકાશ૦—"તે જાદુગરી હોય, ગમે તો રાક્ષસી હોય યા ગમે તેવો હોય, પણ તારા કરતાં તો તે હજાર ગણી ઉત્તમ છે. હું તેના પ્રત્યે પ્યાર કરૂં છું, માટે તેના પર જે તેં વિશ્વાસઘાત કરીને વિપત્તિ નાંખી છે, તેનાથી હું તેનો અવશ્ય ઉદ્ધાર કરીશ!"

પ્રભાવતી૦—"ત્યાં જવાથી તમે પણ વિપદમાં પડી જશો!"

પ્રકાશચંદ૦—"તેની વિપદની પાસે મારી વિપદને હું તુચ્છ સમજું છું."

પ્રભાવતી૦—"તે જરૂર જાદુ કરવાનું જાણે છે."

પ્રકાશ૦—(તિરસ્કાર પૂર્વક) "કદાચ તે જાણતી હોય એમ માનીએ, પરંતુ તે તારી પેઠે વિશ્વાસઘાત તો કરી જાણતી નથીજ, તેમ તારી પેઠે દગો કરવાનું કે છલ પ્રપંચ અને આવો ઉગ્ર દ્વેષ કરવાનુ પણ તે જાણતી નથી. તેં આટલી નાની ઉમરમાં આવી ભયંકર વાતો કયાંથી શીખી લીધી? હાય! તે બિચારી ભોળી કાંતાર-કન્યા શું હજૂ સુધી જીવતી હશે?"

પોતાના આ ઉગ્ર તિરસ્કાર અને મેણાથી પ્રભાવતી શરમાઇ ગઇ; અને તેને પણ પતિના કષ્ટથી હવે એક પ્રકારનું કષ્ટ થવા લાગ્યું. પરંતુ તે ચુપ રહી શકી નહિ, તેથી તેણે ફરી પૂછ્યું:"જ્યારે તેનો બાપજ તેને લઇ ગયો છે, ત્યારે તે કેમ બચશે નાહ?"

પ્રકાશ૦—(અતિ ક્રોધ પૂર્વક) "બસ ચુપ કર, વધારે ગડબડ ન કર! તારાથી વધારે વાતચિત કરવાને મારૂં અંતઃકરણ ઇચ્છતું જ નથી! તેં એવું ઘાતકી કામ કર્યું છે કે—જીંદગી પર્યંત તારૂં મોઢું જોવું પણ યોગ્ય નથી. જો કાંતાર-કન્યા મને નહિ મળે તો

તું મને ફરી ક્યારે પણ જોઇ શકીશ નહિ. એજ તારા પાપને લાયકનું પ્રાયશ્ચિત છે!"

આ વાત સાંભળતાંજ પ્રભાવતીને પોતાના ઘોર કૃત્યનું તેમજ પ્રકાશચંદ્રના અંતઃકરણના ઇરાદાનું ભાન થયું. તેના પર એકાએક વજ્ર પડ્યું હોય, તેમ તે બેસી ગઇ; અને પ્રકાશચંદ્ર તેની કાંઇ પણ દરકાર કર્યા વિના પોતાના છેલ્લા શબ્દોની સાથેજ તીરની પેઠે તે ઓરડામાંથી એકદમ બહાર નીકળ્યો; તેનો ઇરાદો કોણ જાણે ક્યાં જવાનો હતો, પણ સામેજ તેને એક સ્ત્રીની આકૃતિ અંધારામાં જોવામાં આવી. કેમકે હજુ થોડી રાત્રી શેષ હતી, તેથી મનુષ્યને બરાબર ઓળખી શકાય તેમ ન હોતું.

તે સ્ત્રીએ પ્રકાશચંદ્રને કહ્યું: 'પ્રકાશ! મેં તમારી તમામ વાતો સાંભળી લીધી છે, મેં કદી સ્વપ્નામાં પણ એવો ખ્યાલ નહોતો કર્યો કે પ્રભાવતી જેવી અણસમજ બાળા આવું ભયંકર કૃત્ય કરી શકે છે. હું તો તેને તદ્દન ભોલી અને સમજણ વગરની ધારતી હતી; અંદર ખાને તે આવી ઝેરીલી અને વિશ્વાસઘાતિની છે, તે હું શી રીતે જાણી શકું? હશે, જે થવાનું હતું, તે તો થઇ ગયું. હવે જે કરવાનું છે તે કરો, ધીરજ મુકી દેવાથી અને વખત લગાડવાથી બધી બાજી બગડી જશે."

તે સ્ત્રી બીજી કોઇજ નહિ, પણ પ્રભાવતીની મોટી બહેન હેમવતી હતી. તેને આજ આખી રાત નિદ્રા આવી નહોતી. પ્રકાચંદ્રને આજ પ્રભાવતી સાથે તાણીને વાતો કરતો સાંભળી, "તેઓ વઢતાં તો નથી!" એવી શંકાથી તે પ્રભાના સુવાના ઓરડાની બહાર આવીને ઉભી રહી હતી; અને તેણે લગભગ શરૂઆતથી બધી વાતચિત સાંભળી લીધી હતી. પ્રકાશચંદ્રે રાત્રીના અંધકારના કારણથી પ્રથમ તેને જોતાં તો ઓળખી નહિ; પણ તેના સ્વર ઉપરથી

તેણે જાણી લીધું કે તે હેમવતી છે. હેમવતીની ઉપર લખી વાતોનો જવાબ આપતાં પ્રકાશચંદ્રે કહ્યું: "જ્યારે તમે મારી બધી વાતો સાંભળીને હકીકત જાણી લીધી છે, ત્યારે એજ બતાવો કે હવે શું કરવું જોઇએ?"

હેમવતી૦—"હવે બીજું થઇજ શું શકે છે? ગમે તે ઉપાયથી પણ તે બિચારી ભોળી કાંતાર-કન્યાનો તેના ઘાતકી પિતાના હાથથી ઉદ્ધાર કરવો જોઇએ. અરે! તે બિચારી આપણી મદદ પહોંચતાં સુધી જીવતી હોય અને ખુશીથી આપણને સૌને મળે તો ઘણું સારૂં! પરંતુ પ્રકાશ! હું તમને તે ખુની લુટારા પાસે એકલા તો નહિંજ જવા દઉં. પ્રથમ તમે પિતાજી પાસે ચાલો, અને તેમને બધી વાત સમજાવો. પછી તેમનો જે અભિપ્રાય થાય તે પ્રમાણે સૌ કાર્ય થશે."

ત્યારબાદ વધારે વખત ન ખોતાં હેમવતી અને પ્રકાશચંદ્ર બંને જગતબાબુની પાસે ગયા. કાંતાર-કન્યાની ચિંત્તાથી તેમને પણ નિદ્રા આવી નહોતી. તે બંનેને જોતાંજ તે બિછાના પરથી ઉઠી ઉભા થયા, અને પ્રકાશચંદ્રને આસન બતાવી પોતે પણ બેઠા. તેમણે બધી અથેતી વાત પ્રકાશચંદ્ર પાસેથી સાંભળી લીધી. પોતાની નાની પુત્રી પ્રભાવતીનું આ ન માફ કરી શકાય એવું ભયંકર અને ઘાતકી કૃત્ય સાંભળીને તેમને અત્યંત ક્રોધ વ્યાપ્યો. પરંતુ તે તેમણે વધારે શબ્દોમાં ન દર્શાવતાં માત્ર એટલુંજ કહ્યું કે—"મારા કુટુંબમાં તે હતભાગિની છે, તેના જન્મની સાથે જ તેની માતાનો સ્વર્ગવાસ થવાથી મારા કુટુંબને મહાન આઘાત થયો. તમારા પ્રત્યેનું અણઘટતું વર્તનપણ મારા જાણવાથી બહાર નથી; પરંતુ તે આવી વિશ્વાસઘાતિની અને પ્રપંચ કુશળછે, એવો તો મેં કદી ખ્યાલજ કર્યો નહોતો. ખરે, જે બનવાનું તે બન્યું. પ્રભાવતીને

તેના પાપનું પરિણામ ભોગવવું પડશે, પરંતુ આપણે હવે ત્વરિત ગતિમાં કાંતાર-કન્યાનો ઉદ્ધાર કરવો જોઇએ. હું તે બાબતની બધી ગોઠવણ હમણાથી જ કરૂં છું. આજ બપોર પછી તમારે મારી સાથે તે જંગલમાં ચાલવું પડશે. માટે તમે તૈયાર થઇ રહેજો. અને આ વાત કોઇને પણ જણાવશો નહિ."

ત્યારબાદ બાબુ જગતચંદ્રે શી ગોઠવણ કરી તે આપણે હવે પછીનું પ્રકરણ વાંચવાથી જાણી શકશું.

પ્રકરણ ૧૪ મું

જગતચંદ્રની તૈયારી

રંગપુર જીલ્લાના નવાબગંજ થાણામાં આજ મોટી ગડબડ મચી રહી છે. સનાઉલ્લા દારોગાથી કરીને ખુદાબક્ષ સિપાઇ સૂધી સર્વ ગભરાટમાં ડુબેલા છે. તલવારો સાફ થાય છે, બંદુકો દુરસ્ત કરાય છે, ગામડાઓના ઘણા ચોકીદારો પણ એકઠા થયાછે. થાણાના મકાન સામે બંદુકોના એઘા ઉભા કરેલા છે, કયાંક તલવારોના ગંજ લાગ્યા છે, કયાંક હથિઆરો સાફ થાય છે, જે ચોકીદારોને આસપાસના ગામડાંના થાણામાંથી બોલાવવામાં આવ્યા છે, તેમની પાસે માત્ર એકેકી મોટી ડાંગ જ છે. તેઓ ચુપાચુપ ઉભા ઉભા આ સર્વ તમાસો જુએ છે, પોલિસ દલના સર્વ માણસોના કપડાં અને હથિઆર એકજ તરેહના છતાં બધાની શરીર સંપત્તિ એક સરખી નથી. કોઇ છેક પાતળા અને કોઇ જાડા મુષદંડા પણ આ ફોજમાં સામિલ થયા છે.

આ બધા માણસો થાણાની પાસે આવેલા આંબલીના એક મોટા વૃક્ષ નીચે બેઠા બેઠા પોલિસ ફોજની આ બધી લડાયક તૈયા

રીઓ જોઇ રહ્યા છે. તેમાં કોઇ તો ચલમમાં તમાકુ ભરીને પોતે પીએ છે, અને બીજા પોતાના સાથીઓને પણ પાય છે, અને કોઇ તો બેઠા બેઠા વાતો કરીને વખત વીતાડે છે. એક જવાને પોતાના એક વૃદ્ધ ચોકીદાર સાથીને પૂછ્યું: "ઠાકોર! દારોગા સાહેબે આજ આપણુને સોને શા માટે બોલાવ્યા છે ?"

વૃદ્ધે કહ્યું: "માજીસ્ટ્રેટ સાહેબ શિકાર રમવા જવાના છે, આપણે સૌ પણ તેમની સાથે જવાના છીએ."

આ બંને જણુ મુળ કાશી તરફના રહેવાશી રજપુત હતા, અને ઘણી મુદ્દતથી કુટુંબ પરિવાર સાથે આવીને રંગપુર જીલ્લામાં વસ્યા હતા. જ્યારે પેલા વૃદ્ધે ઉપર મુજબ જવાબ આપ્યો, ત્યારે તે યુવાને પુછ્યું: "આપણે તેમને શા કામમાં ઉપયોગી થઇશું ?"

વૃદ્ધ: "તે હું શું જાણું ભલા, બાકી એટલી વાત તો ખરી કે આપણુને શિકારમાં ન જાવું પડે તો સારૂં થાય. ત્યાં જવામાં મોટી તકલીફ થશે. તને શું કહું ભાઇ ! આજ મારાથી અનાજનો દાણો પણ મોંમાં નહિ લેવાય."

યુવક: "તે કેવી રીતની તકલીફ થશે ?"

આ સવાલના ઉત્તરમાં શિકારમાં થતી હિંસાનું પાપ, તથા સિંહ વગેરે જંગલી જાનવરોનો ઉત્પાત, પોતે પુર્વે જોએલા બનાવો વગેરેની આત્મ પ્રશંસાની ગપ્પો હાંકવા માંડી. ત્યાં ઘણા પોલિસ-ના સિપાઇઓ અને ગોડાંઇત લોકો તેને ચોતરફથી ઘેરીને બેસી ગયા. અને તેની અતિશયોક્તિવાળી વીરત્વની જુની વાતો સાંભળવા લાગ્યા. અહીં એ વ્યાપાર ચાલતો હતો, ત્યારે કોઇ પણ માણસને એ વાતની ખરી ખબર નહોતી કે આજ આ બધી તૈયારીઓ શા કામને માટે થઇ રહી છે ? ખુદ દારોગા સાહેબને પણ એમ ખબર નહોતી કે આજ અમારે ક્યાં જવાનું છે? હજુ સુધી કોઇ મુકરર

સ્થળે જવાનો માજીસ્ટ્રેટ સાહેબનો હુકમ મળ્યો નહોતો. માત્ર ડેપ્યુટી સાહેબ (બાબુ જગતચંદ્ર) ના હુકમથી આ બધી તૈયારીઓ અને કામ કાજ થતાં હતાં. ડેપ્યુટી જગતચંદ્રે દારોગાને જે હુકમ આપ્યો હતો, તેની મતલબ આ પ્રમાણે હતી:—

"આજ ત્રણ ચાર કલાકની અંદર પોલિસ સિપાઇઓ અને ચોકીદારોમાંથી ૨૦૦ જણ જે શરિરે મજબુત, જવાન અને હિંમતવાન હોય તેમને પસંદ કરીને તેમને હુકમ આપી દો કે પોતાના હથિઆરો સજ્જ કરીને તૈયાર રહે. તમે પણ સરદાર રામલાલને તમારા થાણાનો ચાર્જ સોંપીને અમારી સાથે ચાલવાને તૈયાર થઇ રહેજો. જેટલી બની શકે તેટલી વધારે બંદુકો, તલવાર અને ડાંગો પણ એકઠી કરી રાખજો. એક કે બે દિવસનું કામ છે, હું કોર્ટનું કામ આટોપીને એક વાગ્યાની અંદર અહીં આવી પહોંચીશ."

કયા કામને માટે, કયાં જવાનું થશે? એ વાત ખુદ દારોગો પણ જાણતો નહોતો. સવારના ૮ વાગે ઉપલી મતલબની ડેપ્યુટી સાહેબની ચીઠી વાંચીને દારોગાએ ઘણી ઉતાવળથી બધી તૈયારીઓ કરી લીધી. બપોરને વખતે હેડ કોન્સટેબલ સરદાર રામલાલને બોલાવીને તેણે કહ્યું: "અહીં તો બધું બરાબર છે, પરંતુ કામ શું છે? તેનો પતો હજી સુધી મને મળ્યો નથી."

રામલાલ૦—"કદાચ કોઇ લુંટારાઓને પકડવા હશે."

દારોગો૦—"શું આપણે લુંટારાઓને પકડી શકતા નથી? તો પછી જગતબાબુ જેવા એક ડેપ્યુટી માજીસ્ટ્રેટનો આ કામની સાથે શો સંબંધ? ખુદા જાણે આ મામલામાં શું શું ગુઢ રહસ્યમય વાતો છુપાયલી છે!"

રામલાલ૦—"આમાં ગુઢ રહસ્યની વાતો શું હશે! કદાચ મેજીસ્ટ્રેટ સાહેબને કોઇ બાતમીદારથી લુંટારાઓના ગુપ્ત રહેઠાણ

વગેરેની ખબર મળી હશે. તેથી તેમને ઓચિંતા પકડવા માટે આ બધી તૈયારીઓ કરાવેલી છે.”

દારોગો સના ઉલ્લા આજ ૨૦ વર્ષથી પોલિસ વિભાગમાં કામ કરતો હતો. રામલાલને મુકાબલે તે આ બાબતમાં વધારે સમજતો અને મતલબ ખેંચી લેતોહતો. તેણે રામલાલનીવાતનો ઉત્તર આપતાં કહ્યું: “ભાઇ! મારી સમજમાં તો એવી વાત આવે છે કે આ મામલામાં ડેપ્યુટી સાહેબને ખાસ અંગત મતલબ યા સંબંધ છે. ખેર, જે હશે તે હવે તરત દેખાઇ રહેશે.”

આ વાતચિતને અંતે દારોગાએ રામલાલને બે દિવસને માટે પોતાના થાણાનો તમામ ચાર્જ સોંપી દીધો; અને તે સાથે કયા કામનો નિવેડો શી રીતે કરવો, તે પણ વિગતવાર સમજાવી દીધું. એટલામાં જગતબાબુ પણ પ્રકાશચંદ્ર અને નોકર રામચરણને સાથે લઇને ત્યાં આવી પહોંચ્યા. આવતાં વેંત પ્રથમ જગતચંદ્રે દારોગા સનાઉલ્લાને એકાંતમાં તેડી જઇ કેટલીક ગુપ્ત વાતચિત કરી. ત્યાર બાદ ચોકીદારો અને પોલિસ સિપાઇઓમાંથી ૨૦૦ માણસો સારા માં સારા પસંદ કરીને વીણી લીધા. બરાબર ત્રણ વાગે આ બધું પોલિસનું લશ્કર સંપૂર્ણ તૈયારીઓ સહિત થાણામાંથી રવાને થઇ ગયું.

પ્રકરણ ૧૫મું

કાર્યસિદ્ધિ.

પીરગંજના તળાવની પાળપર અમાવાસ્યાની ભયંકર અંધારી રાતે વિજળીના પ્રકાશમાં કાંતાર-કન્યાએ યમદુતના જેવી જે ભીષણ મનુષ્ય મુર્તિ જોઇ હતી, તે બીજો કોઇજ નહિ પણ તેનો બાપ કિસનસિંહ લુંટારો જ હતો. કિસનસિંહ તેને જોતાંજ ભુખ્યા વાઘ

ની પેઠે છલંગ મારીને તેની પાસે આવ્યો, અને તેના મુખમાં લુગડાનો ડુચો દઇને ગાંઠડીની પેઠે તેને એક મોટા લુગડામાં બાંધી ને ઉપાડી લઈ ગયો. કાંતાર-કન્યા તેનો ક્રૂર સ્વભાવ જાણતીજ હતી, તેથી તેણે તેના હાથમાંથી બચાવ ને માટે કાંઈ પણ કોશીશ કરી નહિ. કેમકે તેમ કરવું વ્યર્થ હતું, તેથી તે ચુપાચુપ ગાંઠડીની માફક જ તેના કાંધપર પડી રહી. સવાર પડતાં પહેલાં કિસનસિંહ પોતાના બોજા સહિત જંગલ પસાર કરીને પોતાની ઝુંપડી પાસે આવી પહોંચ્યો. ત્યાં પહોંચતાંજ તેણે ગાંઠડી નીચે ઉતારીને વન-કન્યાને તેમાંથી બહાર કાઢી. અને તેને એક કોટડીમાં પુરી ઉપરથી તાળું વાસી દીધું. અને પોતે કોઇ કામને માટે બહાર જતો રહ્યો, તે છેક બીજે દિવસ સવારે ત્યાં પાછો આવ્યો.

બહારથી આવીને તેણે કાંતાર-કન્યાને પેલી કોટડીમાંથી બહાર કાઢી. પોતે દાંતણપાણી કર્યું, અને તેને પણ તેમ કરવા કહ્યું. તે ઘણી જ ઉદાસ હતી, ગઇ કાલના આખા દિવસમાં તેને અન્ન પાણી મળ્યાં નહોતાં. તેમ અત્યંત દિલગીરીના કારણથી તેને ખાવા પીવાની ઇચ્છા પણ નહોતી. તેમ છતાં તેણે કિસનસિંહની ધાકથી મોઢું ધોઇને સહજ ખાધું અને થોડું પાણી પીધું. પછી તે તેને પોતાની બેઠકવાળી કોટડીમાં લઇ આવ્યો. અને ક્રોધનું કાંઇ પણ ચિન્હ ન બતાવતાં પ્યારથી કાંતાર-કન્યાને પુછ્યું: "જંગલી! તું મારી પુત્રી થઇને મને અહીં એકલો મુકીને કેમ ચાલી ગઈ હતી?"

જંગલી૦—"પિતા! હું તમારૂં આ મનુષ્ય હત્યાનું નિષ્ઠુર કાર્ય મારી આંખોથી જોઇ શકતી નહોતી, તેથી અહીંથી નાશી છુટી."

કિસનસિંહે (કાંઇ ક્રોધથી) "તને કોણે કહ્યું કે—હું માણસોને મારી નાખું છું?"

કાંતાર-કન્યા૦—"મેં તમારૂં બધું ઘાતકી કામ છુપાઇને મારી આંખોથી જોયું છે."

કિસન૦—"ઠીક, હવે આ વખતે એ વાત જવાદે, પહેલાં એ તો કહે કે–તે રાતે જે ભુલો પડેલો મુસાફર આપણે ત્યાં આવ્યો હતો, તેજ તને અહીંથી નસાડીને લઇ ગયો ને ?"

કાંતાર-કન્યા૦—"ભલા, એ તો તમે જરા વિચાર કરો કે તે અજાણ્યો મને શું નસાડીને લઇ જતો હતો ? હું પોતેજ જતી વખત તેનો જીવ બચાવવાને તેને મારી સાથે લેતી ગઇ !"

કિશન૦—"તેં તેને શા માટે નસાડયો ?"

કાંતાર-કન્યા૦—"જો હું તેને ભગાડી ન જાત, તો તમે તેને અવશ્ય મારી નાંખત !"

કિશન૦—(ક્રોધથી) "તેમાં તને શું નુકશાન થાત ? ને તારો શું સગો થતો હતો ? તેં તેના માટે એવું કામ શા માટે કર્યું ?"

કાંતાર-કન્યાએ આ સવાલોનો કાંઇ જવાબ ન આપ્યો. તે માથું નમાવી ચુપચાપ ઉભી રહી. ત્યારે કિશનચંદ્રે ફરી કહ્યું: "ઠીક, હવે મને ખુલ્લે ખુલ્લું કહી દે કે–તે કયાં રહે છે ? અને તેનું નામ શું છે ?"

આ સવાલનો પણ કાંતાર-કન્યાએ કશો જવાબ ન આપ્યો: કિશનસિંહે એક બુમ પાડીને કહ્યું: "મને ખુલ્લે ખુલ્લું ઝટ કહી દે કે–તે કયાં રહે છે અને તેનું નામ શું છે ? નહિ તો તારા હકકમાં સારૂં નહિ થાય !"

કાંતાર-કન્યા જાણુતી હતી કે–તેના બાપના સવાલોના જવાબ દેવાથી પ્રકાશચંદ્ર પર શું વિપત્તિ પડશે! તેથી આ વખતે તે ચુપ રહી. તેથી કિશનચંદ્રે ભારે ક્રોધથી આંખો લાલ કરીને કહ્યું: "બોલતી કેમ નથી ? મારા સવાલોના જવાબ નહિ આપ ?"

કાંતાર-કન્યા૦—(બહુજ ધીમા સ્વરે) ના, પિતાજી! હું તેના સંબંધમાં એક શબ્દ પણ નહિ બોલું."

કિશનસિંહે અતિશય ક્રોધથી દાંત કચકચાવીને તેને કહ્યું: "તારી આટલી હિંમત! હું એકજ ધકકામાં તને મારી નાંખીશ."

પિતાની આ ધમકીથી પણ તે વનવાસિની કન્યા બીની નહિ. સ્થિર ભાવથી નિડરપણે તેણે જવાબ આપ્યો: "મારું મરવું જીવવું હવે તમારા હાથમાં છે, તમે મને ગમે તે કરો, પરંતુ હું તે જવાબના સંબંધમાં કાંઇ પણ પત્તો તમને નહિ બતાવું. એવો મારો નિશ્ચય છે."

હવે કિશનસિંહ પોતાના ગુસ્સાને કાબુમાં રાખી શક્યો નહિં. તેણે પોતાના બંને હાથોમાં જંગલીને પોતાના માથા સુધી ઉંચી ઉપાડી. આટલું કરવા છતાં પણ તે છોકરી રોઇ નહિ, તેમ ડરવાનું પણ કાંઇ ચિન્હ બતાવ્યું નહિ. જો કિશનસિંહ એટલે ઉંચેથી તેને જમીનપર પછાડત તો જરૂર તેનાં ચુરેચુરા થઇ જાત. પરંતુ કોણ જાણે શો વિચાર કરીને તેણે તેમ ન કર્યું. અને તે છોડી જઇને તેને એક કોટડીમાં લઇ ગયો અને ત્યાં પૂરી દીધી. ને સાંજ સુધી તે પાછો ક્યાંક બહાર જતો રહ્યો. ફરી સાંજે આવીને તેણે કાંતાર કન્યાને બહાર કાઢી. તે વખતે ભૂપાળુલાલ, વિશનદયાળ વગેરે તેના બીજા પણ પાંચ સાત લુંટારા સાથે હાજર હતા. કિશનસિંહે તે બધા લુંટારાઓને સંબોધીને સમજૂતીની ઢબે કહ્યું:—

"તમે બધા મારા મિત્રો અહીં હાજર છો, હું તમને બધાને કહું છું કે—તમે આ હઠીલી છોકરીને સમજાવો, અને બધી વાત તેની પાસે કહેવરાવો. નહિતો મારે તેના પ્રત્યે સખ્તાઇ વાપરવી પડશે."

એમ કહીને તે જરા બહાર ગયો, અને પેલા બધા લુંટારાઓએ એક પછી એક કાંતાર-કન્યાને સમજાવી કરાવી, લાલચ બતાવી, અને ફોસલાવી; પણ તેણે તો પોતાની કરેલી પ્રતિજ્ઞા મુજબ–એક શબ્દ પણ બોલવાની ના પાડી. ત્યારે કિશનસિંહ જે બહાર ઉભો ઉભો અંદરની વાતચિત સાંભળતો હતો તે અંદર આવ્યો, તેનો ક્રોધ હદથી જ્યાદા વધી ગયો, તે એકદમ બરાડ પાડીને બોલ્યો: "એને મેં પાળીપોષીને આવડી મોટી કરી, તે મારી એકની એક પુત્રી છે, એમ સમજી હું તેની બધી વાતોને સહન કરતો હતો, અને તેને કોઈ રીતે નારાજ કરતો નહોતો, પરંતુ આજ હવે મારાથી તેની આ ચાલ સહન થઈ શકતી નથી. આજ તમારા સમક્ષ તેના ગરમ લોહીને ઠંડું કરી દઉં છું."

આ વખતે કાંતાર કન્યાએ ભારે સફાઈ, ધૈર્ય અને સાવધાનીથી કહ્યું: "પિતાજી! તમે મને પાળીપોષીને મોટી કરી તેનો આભાર હું ભૂલી જતી નથી, પરંતુ તમારા નરહત્યા જેવા ઘોર પાપમાં હું ભાગીદાર થવા ચહાતી નથી. એ સત્ય છે કે તમે મને મારી નાખશો જ, પરંતુ એક કન્યાની હત્યા કરીને તમે તમારી ગર્દન પરના અનંત પાપના બોજામાં શા માટે વધારો કરો છો? જો મારા મરવાથી જ તમારૂં કાર્ય સિદ્ધ થતું હોય અથવા તમને સુખ થતું હોય તો હું પોતેજ મારો જીવ આપવા તૈયાર છું!"

કિશનસિંહ૦–"ના ના, તેમ નહિ બને, હું તને બળતી આગમાં નાંખીને મારીશ."

કાંતાર-કન્યાએ ઝટ જવાબ દીધો–"તેમ કરવા માટે પણ તમે શા માટે પાપભાગી થાઓ છો? હું પોતેજ તેવીજ રીતે મારો જીવ આપી શકું છું: જુઓ!"

એમ કહેવાની સાથેજ તેણે જરા આગળ ચાલી આવીને સામે બળતી મશાલ પર પોતાનો હાથ રાખી દીધો! આ તેની હિંમત જોઇ બધા લુંટારા ગભરાઇ ગયા; કિશનસિંહ સિવાય બધા એક સાથે બોલી ઉઠયા–"હાં હાં, આ શું કરે છે? શું કરે છે?" એમ બોલી ઉઠયા, અને કાંતાર-કન્યાને ત્યાંથી ખસેડી દુર લઇ ગયા. આગમાં બળવાની કોશીશ કરવામાં પણ તેને કાંઇ કષ્ટ થતું નથી કિંવા તે ડરતી નથી, એ જોઇ સૌ આશ્ચર્ય પામ્યા. પરંતુ કિશનસિંહને તો તેથી ઉલટો વધારે ક્રોધ વ્યાપ્યો. તેણે તાણીને કહ્યું: "એવી રીતે પોતાની મેળે મરવાથી કામ નહિ પતે, હું મારે હાથે જ તને મારી નાંખીશ."

એટલું કહેવા પછી તેણે એક લાંબી નેતરની સોટી લઇને કાંતાર-કન્યાને બહુજ જોરથી મારવા માંડી. તે નેતરના ફટકાઓથી તેના શરીરનું ચામડું ઘણી જગાએ તુટી ગયું, અને ત્યાંથી લોહી વહેવા માંડયું ! તોપણ ક્રૂર કિશનસિંહ પોતાના ઘાતકી કામથી અટકયો નહિ. કાંતાર-કન્યાએ જરા જીભ ન હલાવી. આ દેખાવ જોઇને તે લુંટારાઓના પથ્થર જેવાં હૃદય પણ પીગળ્યાં, પરંતુ કોઇ વચ્ચે પડીને તેને અટકાવવાની હિંમત કરી શકયા નહિ કેમકે તેના દુરાગ્રહી અને પાજી સ્વભાવને સૌ જાણતા હતા.

આવી ભયંકર માર માર્યા બાદ તે છોકરીને લોહી લોહાણ થએલી જોઇને કિશનસિંહનો ક્રોધ કાંઇક શાંત થયો. તેણે હાથમાંની સોટી જમીન પર નાંખી દેતાં ફરી કહ્યું: "જો તને તારો જીવ પ્યારો હોય, તો હજી પણ બતાવી દે કે તું કોની સાથે નાશી ગઇ હતી? નહિ તો આજ તું જીવતી રહેવાની નથી!"

કાંતાર-કન્યાએ મોટા ધીર, સ્થિર અને ગંભીર ભાવથી કહ્યું: "પિતાજી! હું કયાં જીવતી રહેવા માગું છું? મારૂં મૃત્યુ તો

આજ તમારે હાથે નિર્માણ થએલું માન્યું છું! પરંતુ જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી હું તેનો પતો નહિ જ બતાવું. મને મારો જીવ પ્યારો નથી જ, માટે મને તમે હમણાજ મારી નાખો, વિલંબ શા માટે કરો છો? મેં મારો જીવ બચાવવાની પ્રાર્થના તમને કરીજ નથી! અને કરવાની પણ નથી!"

મનુષ્યના લોહીથી જેના હાથ ખરડાવવાનો નિત્યનો ધંધો છે, એવો લુંટારાઓનો સરદાર કિશનસિંહ આ છોકરીની હિંમત જોઈને તથા તેના ખરા ભાવના શબ્દો સાંભળીને પરાજીત થયો. પરંતુ તેના ક્રોધની શાંતિ થઈ નહિ. તેનો ક્રોધ પોતાની મર્યાદા મુકી ગયો. તે એક તીરની પેઠે બીજા ખંડમાં જઈને એક નાગી તલવાર લઇ આવ્યો, જોત જોતામાં તે તલવાર બિચારી કાંતાર-કન્યાના શીર પર ઉંચી થઇ, બધા લુંટારાઓનાં હૃદય પણ કંપી ઉઠયાં, તેમ છતાં કાંતાર-કન્યા તો તેજ સ્થિર અને શાંત ભાવથી ધૈર્ય ધરીને ચુપચુપ તેજ સ્થળે ઉભી હતી! કિશનસિંહની તે તેજ તલવાર એક નિરાધાર બાળિકાના શરીર પર પડીને તેના બે ટુકડા કરવાની હતી જ, પરંતુ એટલામાં એકદમ સો દોઢસો હથિઆર બંધ પોલિસના સિપાઇઓએ અંતરફથી આવીને તે જગાને ઘેરી લીધી. સના ઉલ્લા દારોગાએ વાઘની પેઠે છલંગ મારીને કિશનસિંહનાં હાથમાંની તલવાર ઝુંટાવી લીધી, બીજા બે જણાએ તેને પીઠ પાછળથી આવીને પકડી લીધો, અને ત્રીજાએ તે સાથેજ તેને હાથ કડી પહેરાવી દીધી. તેજ પ્રમાણે બીજા પોલિસના માણસોએ વિદ્યુતવેગે બીજા જે લુંટારા ત્યાં હાજર હતા, તે બધાને હાથકડીઓ પહેરાવી કેદ કરી લીધા!

પોલિસ ફોજ એટલી ચુપકીદીથી આ સ્થળે આવી હતી કે તેના પગલાનો અવાજ સુદ્ધાં લુંટારાઓ સાંભળવા પામ્યા નહોતા. તેમ તેઓ કાંતાર-કન્યા પાસેથી તેને નસાડી લઇ જનારનો પતો

મેળવવામાં એટલા મશગુલ હતા કે તેમને બહારના કાંઇ બનાવ પર લક્ષ આપવાની ફુરસદ નહોતી. વળી ઘણા વર્ષોથી આ ગાઢ જંગલમાં નિર્ભયતાથી રહેનારા લુંટારાઓના મનમાં એવી કાંઇ પણ બીક નહોતી કે—એકાએક તેમના પર આમ ભયનું વાદળ ચઢી આવશે. તેઓ તો નિશ્ચિંત ભાવે પોતાના હથિઆર જ્યાં ત્યાં પડતાં મુકીને કાંતાર-કન્યામાં જ પોતાનું બધું લક્ષ લગાડીને બેઠા હતા. ખબરદાર પોલિસવાળાઓએ બહારથીજ અંદરની રચના ચુપા ચુપ છુપીને જોઇ લીધી હતી. તેથી જ્યારે કિશનસિંહની તલવાર કાંતાર-કન્યા પર પડવાની ક્ષણ આવી કે—તેઓ ઘણીજ ચપલતાથી એકદમ ભુખ્યા વાઘની પેઠે તલપ મારીને તુટી પડયા. એકદમ ૧૦—૨૦ હથિયારબંધ પોલિસના માણસોને તે મકાનમાં ધસી આવેલા જોઇને લુંટારાઓ ગભરાઇ ગયા; અને તેઓ પોતાનું કાંઇપણ બળ અજમાવે તે પહેલાં તો ચતુર્ભુજ બની ગયા! આ બનાવ થોડીજ સેકંડમાં બની ગયો.

આટલી થોડી વારમાં કામ સહજ થઇ જશે, અને કાંઇ પણ લોહી રેડયા વિના બધા લુંટારા એકદમ પકડાઇ જશે, એમ કોઇએ સ્વપ્નામાં પણ આશા રાખી નહોતી. જગતચંદ્રની હુશિયારી તેમજ લુંટારાઓના મંદ ભાગ્ય કહો કે—તેમના દહાડા પુરા થઇ રહ્યા હતા તેથી કહો, પણ એક પણ લોહીનું ટીપું રેડયા વિના સહજમાં સર્વ કામ પતી ગયું. જગતબાબુ અને પોલિસદલના માણસો આથી ઘણાજ ખુશી થયા. મુસ્કેટાટ બાંધેલા લુંટારાઓને તે ઝુંપડીમાંથી બહાર કાઢી ખુલ્લી જગામાં પહેરા નીચે બેસાડવામાં આવ્યા ત્યાં પ્રકાશચંદ્રને જોઇને કિશનસિંહે તરત સમજી લીધું કે—આજ પુરૂષ મને પકડવામાં કારણ રૂપ છે, તેથી તેના પ્રત્યે તે ક્રોધ ભરી દ્રષ્ટિથી જોવા લાગ્યો. પણ હવે તેનાથી શું થઇ શકે તેમ હતું! કાંતાર-કન્યાએ પણ તેનો ઉદ્ધાર કરનાર અને જીવ બ-

આવનારને જોતાંજ ઓળખી લીધો, પરંતુ તેણે પ્રસન્નતાનું કાંઇ પણ ચિન્હ બતાવ્યું નહિ. તે તો ગાંડીની પેઠે સ્થિરતાથી ત્યાંજ ઉભી રહી.

કાંતાર-કન્યાને જીવતી જોઇને પ્રકાશચંદ્રના આનંદનો પાર ન રહ્યો. તે દોડીને તેની પાસે ગયો અને તેના હાથનું બંધન છોડી નાખ્યું. જગતચંદ્રે કિશનસિંહને પુછ્યું: "તમારૂં નામ કિશનસિંહ છે? તમે જ આ લુંટારાઓના સરદાર છો?" (તેણે કાંઇ ઉત્તર ન આપ્યો ત્યારે ફરીથી કહ્યું) "જુઓ, જો તમે જરા પણ જોર બતાવ્યું તો અત્યારે જ તમારૂં ડોકું જમીન પર રખડતું થશે. માટે ચુપાચુપ સીધી રીતે ચાલ્યા આવો."

કિશનસિંહ૦—"હું મોતથી ડરતો નથી, પરંતુ પહેલાં તમારા પાંચ દશ માણસોને મારીને પછી હું મરીશ."

જગતચંદ્ર૦—(જરા હસીને) "ઠીક છે, તેમ કરીને પણ ચાલશો તો ખરા ને?"

કિશનસિંહ૦—(ગુસ્સાથી) "હું જાણવા માગું છું કે આજ મને કોણે પકડયો છે?"

જગતચંદ્ર૦—"અંગ્રેજ સરકાર બહાદુરના હુકમથી તમને પકડવામાં આવ્યા છે."

કિશનસિંહ૦—"સરકાર બહાદુરનો મેં શો ગુન્હો કર્યો છે?"

જગતચંદ્ર૦—"તમે લુંટારા, ખુની અને બદમાશ છો, તમારા ગુન્હા અસંખ્યાત છે."

કિશનસિંહ૦—"મેં કયાં લુંટ કરી છે? કોનું ખુન કર્યું છે? અને શી બદમાશી કરી છે?"

જગતચંદ્ર૦—"અદાલતમાં એ સર્વ વાતોના પૂરાવા જરૂર થશે. પરંતુ હમણા જ તમે આ છોકરીનું ખુન કરી નાંખવા માગતા હતા!"

કિશન૦—"એ મારી દીકરી છે, તેની સાથે હું ગમે તે પ્રકારનું વર્તન કરી શકું છું."

જગતચંદ્ર૦—"તમને તમારી દીકરીનું પણ ખુન કરવા કાંઇ અખત્યાર નથી."

આ વાતનો કિશનસિંહ કાંઇ જવાબ આપી શકયો નહિ; પણ પીંજરામાં કેદ કરેલા સિંહની પેઠે ઉછળવા અને રહી રહીને પ્રકાશચંદ્ર પ્રત્યે ક્રોધ ભરી દ્રષ્ટિથી જોવા લાગ્યો.

આ વખતે છેક અંધારૂં થવા આવ્યું હતું, પોલિસની સાથે રોશનીનાં પુરાં સાધનો મોજૂદ હતાં, પ્રથમ સંધ્યા કાળે થોડી મશાલો સળગાવી હતી, પરંતુ હવે જગતચંદ્રના હુકમથી તમામ મશાલો સળગાવવામાં આવી, તેથી જોત જોતામાં તે અંધકારમય ભયંકર વનમાં અત્યંત પ્રકાશ વ્યાપી ગયો. તે પ્રકાશમાં લુંટારાઓની બિહામણી શીકલો ઉલટી વધારે બિહામણી દેખાવા લાગી. આ વખતે જગતચંદ્રે કિશનસિંહના ઘરનાં માલ મિલકતની તજવીજ કરવાનો પોલિસ ફોજને હુકમ કર્યો. લુંટારાઓની ઘણી તલવારો બંદુકો અને બીજો સામાન હાથ લાગ્યો, પણ રોકડ નાણું કે ઘરેણાં ગાંઠાનો કયાંય પત્તો લાગ્યો નહિ. ત્યારે જગતચંદ્રે કિશનસિંહને ઉદ્દેશીને કહ્યું:—"જુઓ કિશનસિંહ! તમે ઘણી મુદતથી લુંટ અને ખુનો કરીને ઘણો માલ એકઠો કર્યો છે, તે બધો હજૂ સુધી તમારી પાસે મોજૂદ હશે જ, તે તમે આ મકાનમાં કે જંગલમાં છુપાવી રાખ્યો હશે, તે તમે સરલતાથી બતાવશો કે ક્યાં છુપાવી રાખ્યો છે?"

કિશનસિંહ૦—(નિડરતાથી) "ત્યારે શું આપ લુંટારાઓ ઉપર પણ લુંટ ચલાવવાનો વિચાર રાખો છો?"

જગતચંદ્ર૦—"જો તમે સરળતાથી નહિ બતાવો તો તમને તકલીફ દઇને પણ તમારા છુપાવેલા ધનમાલનો હું પત્તો લગાવીશ."

કિશનસિંહ૦—"તેની ચિંતા નહિ, પણ આપ પોલિસમાં કેટલા દિવસથી કામ કરો છો ?"

જગતચંદ્ર૦—"હું પોલિસનો અમલદાર નથી, વીશ વર્ષથી હું ડેપ્યુટી માજીસ્ટ્રેટ છું."

કિશનસિંહ૦—"ત્યારે જ આપ કાયદાની આટલી બધી હિમાયતી કરતા જણાવ છો, કયા કાયદાના જોરથી આપ મને તકલીફ દઇને મારા છુપાવેલા ધનનો પત્તો જાણવા ઇચ્છો છો ?"

લુંટારાની આ વાજબી દલીલથી જગતચંદ્રે તેની હુશિઆરીનું માપ કરી લીધું, તોપણ તરત જવાબ આપ્યો: "તમારા જેવા કેટલાય લુંટારાઓને મેં ખુબ ટકાફ મરાવ્યા છે."

કિશનસિંહ૦—"તે ફટકા ચોર લોકોને માર્યા હશે, લુંટારાઓને ફટકા મારવાની આપનામાં શું તાકાત છે ?"

જગતચંદ્ર૦—"મારામાં શું તાકત છે ? એ વાતની પરીક્ષા તો ખુદ તમારા પોતાના મામલામાં જ થઇ જશે !"

કિશનસિંહ૦—"મારો કેસ કોણ ચલાવશે ?"

જગતચંદ્ર૦—"હું જ."

કિશનસિંહ૦—"તેમાં જો હું અપરાધી ઠરીશ તો આપ મારા પ્રત્યે કેવું વર્તન ચલાવશો ?"

જગતચંદ્ર૦—"તો તમને હું સેશન કમિટ કરીશ."

કિશનસિંહ૦—"તેથી પણ કાંઇ જ નથી થવાનું. ત્યાંથી પણ વગર મહેનતે હું બચીને નીકળી જઇશ. તેથી જ હું કહું છું કે મને દંડ આપવાની આપનામાં કોઇ તાકાત નથી."

જગતચંદ્ર૦—"મારી તાકાતનું ભાન તમને થોડાજ વખતમાં થઈ જશે."

એ પ્રમાણે જવાબ આપવા સાથે જગતચંદ્રે ખ્યાલ કર્યો કે કિશનસિંહ કાંઇ સામાન્ય લુંટારો નથી. તેની બુદ્ધિમના અને હિંમત વગેરે જોઈને તે આશ્ચર્ય પામ્યા. તેથી તેને વિશેષ કાંઇ કહ્યા વિના પોલિસ દારોગાને કિશનસિંહની માલમતાની બરાબર તજવીજ કરી પતો લગાડવાનો હુકમ આપી, કેદીઓને પુરતા પહેરા વગેરેના બંદોબસ્ત સાથે લઇને પોતે રંગપુર તરફ રવાના થયા. કાંતારકન્યા અને પ્રકાશચંદ્ર પણ તેમની સાથેજ રવાને થયા. અને પોલિસ ફોજ લુંટારાઓના ધન માલની શોધ ખોળમાં લાગી ગઇ.

પ્રકરણ ૧૬ મું

અપકારને બદલે ઉપકાર

રંગપુર જીલ્લાના ઘણું કરીને બધા લોક કિશનસિંહ લુંટારાનું નામ જાણુતા હતા, અને તેનાથી ડરતા હતા. પણ અત્યાર સુધી તેનું રહેઠાણુ ક્યાં છે, તે કોઇ ચોક્કસ રીતે જાણતું ન હતું. ઘણા લોકો એમ જાણુતા હતા કે માલદહમાં કિશનસિંહનું રહેઠાણુ છે; પરંતુ કોઇ શિયાલદહ, કોઇ રાજશાહિ અને કોઇ દીગજપુર બતાવતા હતા. પણ એ વાતની કોઇને ખબર ન હોતી કે ખુદ રંગપુર શહેરની પાસે ત્રણ ગાઉ ઉપર જ તે થાણું જમાવીને બેઠો છે! તેથી જ્યારે બીજે દિવસે સવારે કિશનસિંહને મુસ્કેટાટ બાંધીને રંગપુરમાં લાવવામાં આવ્યો, ત્યારે શહેરમાં મોટી ગડબડ મચી રહી. તેને જોવા માટે લોકોનાં ટોળે ટોળાં પોલિસ થાણા પાસે આવીને એકઠાં થવા લાગ્યાં. આ બનાવથી શહેરમાં જગતચંદની

ભારે પ્રશંસા થવા લાગી. સરકાર તરફથી પણ તેને ભારે સન્માન મળ્યું. અને મુખ્ય માજીસ્ટ્રેટનો દરજ્જો આપવામાં આવ્યો.

પરંતુ તેણે કિશનસિંહની શોધમાં પોતેજ કેમ હાથ નાખ્યો: તેને પકડવા માટે જાતે ચલાવીને એવા દુર્ગમ જંગલમાં શા માટે ગયો ? અને વર્ષોથી પ્રજાને ત્રાસ આપનાર આ પ્રખ્યાત લુંટારાને તે વગર મહેનતે શી રીતે પકડી શક્યો ? એ વાતની તપાસ કોઇએ કરી જ નહિ. સર્વ સાધારણ માણસો તેમજ સરકારને તો એમજ સમજવામાં આવ્યું કે–જીલ્લાની પ્રજાના રક્ષણ માટે જ જગતબાબુએ આટલી મહેનત અને જોખમદારી પોતા પર ઉપાડી લીધી ! પરંતુ આંતરિક રહસ્ય બહારના કોઇ માણસના જાણવામાં ન આવ્યું.

બાબુ જગતચંદરે કીશનસીંહ અને તેના સાથીઓને તે રાત્રે દીવસનો શેષ ભાગ યોગ્ય સ્થાનમાં પોલીસ થાણામાંજ રાખવાનો; અને તેના પર ચોકી પહેરાનો સખત બંદોબસ્ત રાખવાનો હુકમ કર્યો, અને પોતે પ્રકાશચંદ્ર તથા કાંતાર કન્યાને સીધા લઇને પોતાને ઘેર આવ્યા. ઘરના મુખ્ય દરવાજામાં પહોંચતાંજ જગત બાબુએ આનંદ સહીત હાંક મારીને કહ્યું: " ક્યાં છો હેમ ! આ લ્યો તમારી કાંતાર કન્યા આવી પહોંચી ! "

હેમવતી આ વખતે ઉપલી ચાલીમાં બેસીને જમીન આસ્માનનો વીચાર કરતી હતી, તે એકાએક પીતાજીનો અવાજ સાંભળીને જેવી દોડી કે ઉંબરાની ઠોકર લાગવાથી પડી ગઇ પડી જવાથી તેને વધારે લાગ્યું, તો પણ તે વખતે તેને કાંઇ દુઃખ થતું જણાયું નહિ. ઝટ ઉઠીને તેણે પોતાના પીતા પાસે પહોંચતાંજ પુછ્યું: " મારી કાંતાર કન્યા ક્યાં છે ? પીતાજી ! "

આ પ્રશ્નની સાથે નજીક પહોંચતાંજ કાંતાર કન્યાને પાસે ઉભેલી જોઇને હેમવતીએ અતી પ્યારથી તેને આલીંગન કર્યું, તેની આંખોમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં. તેની આંખમાં પાણી જોઇને કાંતાર કન્યા પણ રોવા લાગી. કાંતાર કન્યા હવે પહેલાં જેવી તદન જંગલી કન્યા નહોતી. કેટલાક દીવસ અહીં સંસારમાં રહેવાથી હવે તેને સંસારના સુખ દુઃખનું ઘણુંક ભાન આવી ગયું હતું, હેમવતી પોતાના વસ્ત્રના છેડાથી તેની આંખો લુછીને તેને ઘરમાં લઇ ગઇ.

આ વખતે પ્રભાવતીની સ્થિતી પણ જાણવા જોગ થઇ પડી. કાંતાર કન્યાના આવવાની ખબર પડતાંજ તે દોડીને પોતાની સુવાની કોટડીમાં ચાલી ગઈ, અને ત્યાં જઇને તેણે અંદરથી બારણું વાસી સાંકળ ચડાવી દીધી. ત્રીજા દીવસની રાતે તેણે કાંતાર-કન્યાથી જે વિશ્વાસઘાત અને પ્રપંચનું કામ કર્યું હતું તેના વિચારથી તે બહુ શરમાઇ ગઇ હતી. પ્રકાશચંદ્રે તો તેનો રૂબરૂમાંજ તિરસ્કાર કર્યો હતો, તેમ પિતાજીએ તેના માટે જે અભાવ દર્શાવ્યો હતો તે પણ તે જાણતી હતી; તેથી તે બહાર કોઇને મળવાની હિંમત કરી શકી નહિ.

તે આખો દિવસ રંગપુર શહેરમાં કિશનસિંહ લુંટારો પકડાવાથી અને જગતચંદ્રના કુટુંબમાં કાંતાર-કન્યાના આવવાથી મોટો આનંદ થઇ રહ્યો હતો. હેમવતી તે આનંદમાં પોતાના પગમાં લાગેલી ઠોકરની ભુલી ગઇ હતી, તે છેક સંધ્યાકાળે પગના દુખાવાથી તે જરા સુઇ રહી હતી. થોડી વાર રહીને કાંતાર-કન્યા તેના ખાટલા પાસે આવીને ઉતરી ગયેલા ચહેરાથી બેસી રહી. તે હેમવતીના પગમાં બારણાની ઠોકર લાગવાથી ઇજા થઇછે, એ વાત જાણતી ન હોતી. તેના મનમાં એક વાતનું મોટું દુઃખ હતું. તે દુઃખ કહી

બતાવવાને તે અત્યારે હેમવતી પાસે આવી હતી. થોડી વાર ચુપ બેસી રહેવા બાદ હેમવતીને નિદ્રા નથી આવી, એવું જોઇને તેણે કહ્યું: "હેં, બહેન! શું મારા બાપને મારી નાંખવા માટે તે લોકો અત્રે પકડી લઇ આવ્યા છે?"

હેમવતી૦—"એ ભલા હું કેમ જાણી શકું? બહેન!"

કાંતાર-કન્યા૦—"એ તમને ખબર છે કે–લુંટારાઓને પકડયા પછી તેમની શી વલે કરવામાં આવે છે?"

હેમવતી૦—"તેમને સજા કરવામાં આવે છે."

કાંતાર-કન્યા૦—"કેવી સજા?"

હેમવતી૦—"જેવો જેનો અપરાધ હોય છે, તેને તેવીજ સજા થાય છે."

કાંતાર-કન્યા૦—"જે મનુષ્યોને મારી નાંખતો હોય, તેને કેવી સજા થાય છે?"

હેમવતી૦—"મેં સાંભળ્યું છે કે–માણસોને મારી નાંખનાર ખુનીને ફાંસીની સજા થાય છે."

કાંતાર-કન્યા૦— (આંખોમાં આંસુ લાવીને) "બહેન! ત્યારે હવે મારા બાપનો જીવ કેમ બચશે?"

કાંતાર-કન્યાને ચોધારા આંસુથી રોતી જોઇને હેમવતીને બહુ દુઃખ થયું, અને તેના પ્રત્યે દયા આવી. પોતાના પગની પીડા ભુલીને તરત તેણે તે મનુષ્યઘાતી કિશનસિંહનો જીવ બચાવવા માટે પોતાના પિતાને એક નોકર દ્વારા બોલાવી લીધા. જગતચંદ્ર આવીને હેમવતીને પોતાને બોલાવવાનું કારણ પૂછતાં તેણે કાંતાર-કન્યા પ્રત્યે હાથનો ઇસારો કરીને કહ્યું:—

"પિતાજી! આ આપણી કાંતાર-કન્યા પોતાના બાપ માટે બહુ જ રડે છે, અને દિલગીર થાય છે. શું તેનો જીવ બચાવવાનો કોઇ ઉપાય આપનાથી નહ્ બની શકે?

જગતચંદ્ર (જરા વિચાર કરીને) "તે ખુની છે, લુંટારો છે, એવા બદમાશનો જીવ શી રીતે બચાવી શકાય ?"

હેમવતી૦—"ગમે તેવો છે, પરંતુ તે આપણી વહાલી કાંતાર કન્યાનો બાપ છે. માટે બની શકે તો તેને જરૂર બચાવવો જોઈએ."

જગતચંદ્ર૦—"તે કેમ બની શકે? ગુન્હગારને સજા તો અવશ્ય કરવીજ પડશે."

હેમવતી૦—"હા, પિતાજી ! સજા તો અનેક પ્રકારની થાય છે, શું આપ એવો કોઇ ઉપાય નહિ કરી શકો કે જેથી તેને જીવતો માત્ર બચાવી શકાય, ફાંસી સિવાય બીજી તેને ગમે તે સજા થાય, પણ તે જીવથી માર્યો ન જાય, એટલી જ માત્ર કાંતાર-કન્યાની ઇચ્છા છે."

જગતચંદ્ર૦—"બહુ સારૂ, બ્હેન ! હું એવીજ કોશીશ કરીશ કે જેથી તેનો જીવ બચી શકે, એટલાથી તો તારી કાંતાર-કન્યાને સંતોષ થશે ને ?"

આ છેલ્લા શબ્દો સાંભળી આંસુ ભરેલી આંખે કાંતાર-કન્યા જરા હસી અને બાબુ જગતચંદ્રનો તેમજ હેમવતીનો ઉપકાર માનતી હોય તેમ માથું નમાવ્યું.

જગતબાબુએ તેના માથા પર હાથ ફેરવીને કહ્યું: તું રોઇશ નહિ, બેટા ! તારા બાપને મારી નાંખવામાં નહિ આવે. તેને કોઇ દુરના મુલકમાં જીવતો મુકી દેવામાં આવશે.

આ પ્રમાણે કાંતાર-કન્યાને દિલાસો તથા હેમવતીને સંતોષ આપીને જગતચંદ્ર ત્યાંથી ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૭ મું.

કાંતાર કન્યા કોણ ?

રંગપુરની જેલની તપાસ રાખવાની ફરજ પણ જગતબાબુના હુદ્દા સાથે જોડાયલી હતી. કિશનસિંહ વગેરે પ્રખ્યાત લુંટારાઓને કેસ ચાલતાં સુધી પોલિસની હવાલતમાં રાખવા નાદુરસ્ત સમજી બીજે દિવસે સવારે જ જગતબાબુએ તેમને જેલમાં મોકલી દીધા હતા. ગયા પ્રકરણમાં વર્ણવેલી વાતચિત્તને બીજે દિવસ સવારે જ બાબુ સાહેબ જેલમાં જઈ પહોંચ્યા. અને જેલરને સાથે રાખીને જે કોટડીમાં કિશનસિંહને પુર્યો હતો ત્યાં ગયા. જેલરે તાળું ઉઘાડયું, અને જગતચંદ્ર તે કોટડીની અંદર ગયા. કિશનસિંહ બેડી અને હાથ કડી સાથે એક ચટાઇ પર શાન્તિથી બેઠો હતો. આજ તેનામાં ક્રોધ કે ભુંડાઇનું નામ સરખું પણ નહોતું, તેણે ઉભા થઇ હાથ કડીથી જકડાયલા બંને હાથો ઉંચા કરી બાબુને સલામ કરી, તેમણે પણ વિવેકથી સલામનો ઉત્તર વાળ્યો. કિશનસિંહની આજની સરળ વર્તણુંક જોઇ જગતચંદ્રને કાંઇક નવાઈ લાગી. માજીસ્ટ્રેટ સાહેબને કેદીથી કાંઇ વાતચિત કરવાની છે, એમ જાણી જેલરે પોતાના માણુસ પાસે ખુરસી મંગાવી તે કોટડીમાં મુકાવી અને પોતે કોટડીથી બહાર જઇને ઉભો.

જગતચંદ્ર૦—“કિશનસિંહ ! તમારી પુત્રીની પ્રાર્થનાથી હું તમારો જીવ બચાવવાની કોશીશ કરવા માટે અત્યારે ખાસ તમારી પાસે આવ્યો છું.”

કિશનસિંહ૦—“સાહેબ ! મારી કન્યાનુ નામ હવે મારી પાસે નહિ લેશો. તે સિવાય આપને બીજું કાંઇ પણ કહેવું હોય તો ખુશીથી ફરમાવો.”

જગતચંદ્ર૦—"હું જે કાંઈ પુછું, તેના તમે જો ખરેખર જવાબ આપશો, તો હું તમને ઘણો લાભ અપાવી શકીશ."

કિશનસિંહ૦—"હું જે કાંઇ બોલીશ તે સાચુંજ બોલીશ, પરંતુ તેના બદલામાં કાંઇ લાભ મેળવવાનો મારો વિચાર નથી."

જગતચંદ્ર જો તમે તમારા સાથીઓનો ખરેખરો ભેદ બતાવી દેવાનો સ્વીકાર કરો, તો હું તમને સરકાર તરફના સાક્ષી બનાવીને બીલકુલ બાચાંવી દઈશ."

કિશનસિંહ૦—"હું એવો નીચ અને પાજી નથી કે મારા સોબતીઓને વિપત્તિમાં નાંખીને મારો જીવ બચાવું. મારાં પાપ સર્વ કરતાં વધારે છે, તેથી મને સૌથી વધારે સજા થવી જોઇએ; ત્યારે જ ખરો ઇન્સાફ થયેલો ગણાય."

જગતચંદ્ર૦—"તમારી વાતોથી મને ઘણો સંતોષ થાય છે, જો તમે આ વખતે કોઇ પણ રીતે બચી જાઓ, અને હવે પછી ધર્મના માર્ગ પર ચાલો, તો તમારા પ્રથમના કરેલા પાપોનું પ્રાયશ્ચિત થઈ શકશે."

કિશનસિંહ૦—"ના, સાહેબ! હવે આ જીંદગી મને એક બોજા સમાન જણાય છે, હવે જો આપ મારા ઉપર કાંઇ ઉપકાર જ કરવા માગતા હો તો જલદીથી મારા પ્રાણ આ શરીરથી જુદા થાય, એમ કરો તો ઘણી સારી વાત છે. મને જીવવાની ઇચ્છા નથી."

જગતચંદ્ર૦—"એકાએક તમારા મનની દશામાં આવો ફેરફાર શાથી થઇ ગયો?"

કિશનસિંહ૦—"હું આટલા વખત સુધી માત્ર એ છોકરીને

માટે જ લુંટ કરતો હતો, હવે જ્યારે તે પણ મને ભલી ન થઇ, ત્યારે હવે હું કોને માટે જીવું? અને લુંટ કરૂં?

જગતચંદ્ર૦—"શું તમારૂં બીજું કોઇજ સગું નથી?"

કિશનસિંહ૦—"બિલકુલ નહિ."

જગતચંદ્ર૦—"ત્યારે શું એક દીકરીનું પાલન કરવા માટે લુંટ સિવાય બીજો કોઇ ઉપાય તમને નહોતો સુઝતો?"

કિશનસિંહ૦—"અમે રાજપૂત લોકો છીએ, શુરવીર જાતિના લોક છીએ; અમે કોઇની નોકરી કરવાનું પસંદ કરતા નથી. લુંટ કરવી, એ વીર લોકોનું કામ છે; તેથી જ એ ધંધો કરતો હતો."

જગતચંદ્ર૦—"લુંટ કરવી એ બહાદુરોનું કામ નથી. લુંટારાને કોઇ શુરવીર પુરૂષ કહેતા નથી."

કિશનસિંહ૦—(જરા હસીને) "મારા જેવા નાના લુંટારાને લોકો કદાચ શુરવીર નહિ કહેતા હોય, પણ ખરૂં પુછો તો બધા વીરપુરૂષો લુંટારાજ હોય છે, બીજાના રાજપર ચડાઇ કરીને લઇ લેવું, તે શું લુંટ નથી? એ ન્યાયે રાજાઓ મોટા સાધનસંપન્ન લુંટારા છે, અને અમારા જેવા નાના લુંટારા છે, પરંતુ હકીકતમાં તેમનાં અને અમારા કામમાં કાંઇ જ તફાવત નથી!"

જગતચંદ્ર કિશનસિંહની આ સાચી દલિલથી આશ્ચર્ય પામ્યો. અને બોલ્યો: "તમે મોટા બુદ્ધિમાન છો, જો તમે લુંટારાનો ધંધો ન સ્વીકાર્યો હોત, તો કેવું સારૂં થાત હું તમને સારી નોકરી અપાવી શકત."

કિશનસિંહ૦—"હું પહેલાં અંગ્રેજ સરકારના લશ્કરમાં સિપાહીગીરી કરતો હતો, પરંતુ ત્યાં ઉન્નતિની કાંઇ આશા ન દેખાવાથી જ મેં આ ધંધો અખત્યાર કર્યો."

જગતચંદ્ર૦—"સરકારની નોકરી કરવા છતાં તમારી તબિયત આવી કેમ બગડી ગઇ? આ સંસારમાં એક દીકરી સિવાય બીજું તો તમારૂં કોઇ છે જ નહિ, તો બીજું કામ કરીને પણ તમે તે પુત્રીની સાથે સુખથી રહી શકત."

કિશનસિંહ૦—"તે કાંઇ મારી ખાસ પેટની પુત્રી નથી."

જગતચંદ્ર૦—"ત્યારે તે કોણ છે?"

કિશનસિંહ૦—"તે મારી પાળેલી છોકરી છે."

જગતચંદ્ર૦—"તેને તમે કયાંથી મેળવી છે?"

કિશનસિંહ૦—"એકવાર એક ઠેકાણે લુંટ કરવા ગયો હતો, ત્યાંથી તેને ઉપાડી લાવ્યો છું."

જગતચંદ્ર૦—"કયે સ્થળે લુંટ કરવા ગયા હતા?"

કિશનસિંહ૦—"પબના જીલ્લાની એક સડક પર કોઇ સારો માણસ પોતાની સ્ત્રી અને બાળકો સાથે બેલગાડી પર ચડીને કયાંક જતો હતો, અમે તેની ગાડી પર હલ્લો કર્યો; પરંતુ તે સારા માણસની પાસે બે નળીની એક બંદુક હતી, બંદુકનો એક અવાજ થવાની સાથેજ અમે ત્યાંથી નાઠા. નાસતી વખત બીજું કાંઇ હાથ ન આવતાં એક નાની છોકરી પહેરેલાં ઘણાં ઘરેણાં સાથે રમતી હતી, તેને ઉપાડતા ગયા. પાછળથી માલુમ પડયું કે—તે બેલ ગાડી પર ચડીને જતા હતા, તે પબના જીલ્લાના નવા નિમાયલા ડેપ્યુટી માજીસ્ટ્રેટ હતા. તેથી તે જીલ્લામાં રહેવું સલામતી ભરેલું નથી, એમ વિચારીને અમે આ રંગપુરના ભયાનક જંગલમાં આવીને વસ્યા. તે વખતે આ છોકરીની ઉમર માત્ર એક વર્ષની હતી; તેને આજ સુધી એમ ખબર નથી કે હું તેનો બાપ નથી, અથવા તે બીજા કોઇની પુત્રી છે. તે તો મને જ પોતાના બાપ સમજે છે."

જગતચંદ્રે ચુપા ચુપ બેઠે કિશનસિંહની બધી વાતો સાંભળી લીધી. વાત પૂરી થતાં જ તે એકદમ ખુરસી પરથી ઉઠીને ઉભો થયો અને જોરથી બોલ્યો: "કિશનસિંહ! હું તેજ પુરૂષ છું કે જેની ગાડી પર તમે લુંટવા માટે હલ્લો કર્યો હતો, તેથી તમારી કાંતાર-કન્યા તેજ અવશ્ય મારી દીકરી ઉષાવતી હશે જ!"

કિશનસિંહને આ સાંભળતાં ઘણું આશ્ચર્ય થયું, આ આશ્ચર્યનો વેગ કાંઇક કમતી થવા પછી તેણે પૂછ્યું: "કેટલી મુદ્દતપર આપની ગાડી પર લુંટ થઇ હતી?"

જગતચંદ્ર૦—"એ બનાવને લગભગ ચૌદ વર્ષ થયાં."

કિશનસિંહ૦—"તે વખત આપની પુત્રીના શરીર પર જે જે ઘરેણાં હતાં, તેનાં નામ આપને બરાબર યાદ છે?"

જગતચંદ્ર૦—"ગળામાં સોનાની હાંસલી અને ગંઠો, હાથમાં કડાં અનંત દોરો અને બાજુબંધ, કમર પર કંદોરાની સાંકળી અને પગમાં તોડા, કાંબી અને ઝેર હતી."

કિશનસિંહ૦—"ત્યારે તો મારી કાંતાર-કન્યા એજ અવશ્ય તમારી પુત્રી ઉષાવતી જ છે."

જગતચંદ્ર૦—(ભારે આનંદથી) "કિશનસિંહ! તમેજ મારી પુત્રી ઉષાવતીનું હરણ કર્યું હતું, અને તમારી પાસેથી જ હું તેને પ્રાપ્ત કરી શકયો છું. તેથી હવે મારાથી તમને કાંઇ મદદ આપી શકાય તો તે આપવા હું તૈયાર છું. તમારે જે કાંઇ કહેવું હોય તે મને તરત કહો, કેમકે હવે હું વધારે વખત અહીં રોકાઇ શકીશ નહિ."

કિશનસિંહ૦—"મેં આપને પહેલેથી જ કહી દીધું છે કે-હું આપની કાંઇ મદદ મેળવવા ચાહતો નથી."

જગતચંદ્ર૦—"તમારી વાતો સાંભળીને તથા તમારી સ્થિતિ જોઇને મને ઘણું દુઃખ થાય છે."

કિશનસિંહ૦—"જ્યારે મેં પ્રથમથી જ નિશ્ચય કરી લીધો છે કે—સત્યને મુકીને હવે હું અસત્ય નહિ જ બોલું તો મને આપ મને શી રીતે બચાવી શકશો ? મારા જેવા પાપી પુરૂષોને સજા થવીજ યોગ્ય છે,"

જગતચંદ્ર૦—"મારી આટલી ઉમર થઇ, પણ મેં આજ સુધી તમારા જેવા કોઇ બુદ્ધિમાન, અને હિંમતવાન લુંટારાને જોયો નથી. ખેર, જે તમારા નશીબમાં હશે તે અવશ્ય થશે જ.'

એટલું કહીને જગતચંદ્ર તુરતા તુરત ત્યાંથી બહાર ચાલ્યા ગયા, અને કેદખાનાનો દરવાજો પ્રથમ પ્રમાણે જેમનો તેમ બંધ કરી દેવામાં આવ્યો, તેથી કિશનસિંહ લુંટારો પોતાના ભવિષ્યનો વિચાર કરતો તેમાં પડી રહ્યો.

પ્રકરણ ૧૮ મું.

પ્રભાવતી અને કાંતાર કન્યા

કાંતાર-કન્યાના આવવાને બીજે દિવસ અચાનક તેની પ્રભાવતીથી મુલાકાત થઈ ગઇ, ત્યારે પ્રભાવતી કાંઈ બોલી નહિ અને મોઢું બીજી તરફ કરીને ચાલી ગઇ. પ્રભાવતિનું હૃદય દ્વેષ અને પાપથી પરિપુર્ણ હતુ, પરંતુ કાંતાર-કન્યાનું મન નિષ્પાપ અને શુદ્ધ હતું. પ્રભાવતીને આમ મોઢું સંતાડી નાશતી જોઇ તેને નવાઇ લાગી, તેણે દોડીને પ્રભાવતીનો હાથ પકડી લીધો અને કહ્યું:—

"પ્રભા હું કાલની આવી છું તેમ તું દેખાઈ કેમ નહિ? મને જોઇને તું નાશી કેમ જાય? મારાથી કાંઇ વાતો તો કર, મને તારી વાતો સાંભળવાનું બહુ મન થાય છે."

પ્રભાવતી આ સવાલોનો કાંઈ જવાબ આપી શકી નહિ. તેણે કાંતાર-કન્યાથી મોટો વિશ્વાસઘાત કરી તેને મૃત્યુના મુખમાં ફસાવી હતી. તેથી પ્રભાવતીને વિચાર થયો કે—"આ જંગલી છોકરી શું એ ત્રણ દિવસની વાત ભુલી ગઇ?" તેણે તેને કહ્યું: "હમણાં તો મને બહુ કામ છે, પછી ફુરશદને વખતે તારાથી વાતો કરીશ."

આવા ઉડાઉ જવાબથી કાંતાર-કન્યાનું મન કાંઇક ઉદાસ થયું. એક લાંબો નિઃશ્વાસ નાખીને તેણે કહ્યું: "તું જરા બેસી જા, હું તારાથી કાંઈ ખાસ વાત કરવા ઇચ્છું છું."

એમ કહી તેણે પ્રભાવતીનો હાથ ખેંચીને જોરથી ત્યાં બેસાડી દીધી. તેથી પ્રભાવતીને નિરૂપાય થઇને ત્યાં બેસી જવું પડયું. બેઠા પછી તેણે આસપાસ કોઇ માણસો નથી, એમ તપાસીને પછી ધીમા સ્વરે પુછયું: "કહે, શું વાત પુછવી છે?"

કાંતાર-કન્યા૦—"તું મારી નાની બ્હેન છો, નાની બ્હેનથી મોટી બ્હેને શી રીતે વર્તવું જોઇએ, તે હું જાણતી નથી. તે તું મને શીખાવ."

પ્રભાવતી૦—"હું તને શું શીખવું ? હવે તેં જ્યારે પોતે જ વાત છેડી છે, ત્યારે હું તને કાંઇક કહીશ. તે એટલું જ કે તું મારી ખરાબી કરજે માં ! મારા પતિને લઇને હવે નાશી જજે માં !

કાંતાર-કન્યાને આ વાત સાંભળીને કાંઇક દુઃખ થયું, તેણે થોડી વાર વિચાર કરીને પછી કહ્યું: "ઠીક છે, તેમજ થશે; એ વાતની તું ચિંતા ન રાખીશ. હું તારા સ્વામીને કદી પણ નસાડી લઇ જઇશ નહિ."

પ્રભાવતી૦—"તું હજુ પણ મારા સ્વામી પ્રત્યે પ્યાર કરે છે કે નહિ?"

કાંતાર-કન્યા૦—(આશ્ચર્યથી) "એ વાત તું કેમ પૂછે છે ? પ્યાર કરવો, એ પણ શું પાપ છે ?"

પ્રભાવતી૦—"ઘણું મોટું પાપ છે. તે હું શી રીતે સહન કરી શકીશ ? જો હું તારા પતિ પ્રત્યે પ્યાર કરત, તો શું તને લાગી ન આવત ?"

કાં-કન્યા૦—"તેથી શું લાગી આવત ? જે સારો હોય છે, અને ખુબસુરત હોય છે, તેના પ્રત્યે બધા પ્યાર કરે છે."

પ્રભાવતી૦—"મારો પતિ ચાહે સારો હોય, ચાહે બુરો હોય, પણ તે મારો છે. તેનાથી પ્યાર કરવાને તને શું હકક છે ? ખૈર જે થવાનું હતું તે તો થઈ ગયું, હવે તું મને એમ કહે કે—હવે તો તું મારા પતિ પ્રત્યે પ્યાર નહિ કરે ને ?"

કાંતાર-કન્યા૦—"એ વાત હું આ જીંદગીમાં તો કદી કહી શકીશ નહિ."

"ત્યારે તો તારૂં અથવા મારૂં—એમાંથી એકનું મૃત્યુ જ શ્રેયસ્કર છે!" એટલું કહેવાની સાથે જ પ્રભાવતી ત્યાંથી ઝડપથી ચાલી ગઈ. ભોળી અને નિર્દોષ કાંતાર-કન્યાને આ વાતમાં કાંઈ સમજ પડી નહિ. તે તો ઘણી વાર સુધી ગાંડીની પેઠે ત્યાંજ ઉભી રહી. પછી ત્યાંથી ચાલીને હેમવતીના પલંગ પાસે આવી બેસી રહી. હજૂ સુધી હેમવતીના પગનો દુખાવો મટયો નહોતો. અને તે બરાબર હાલીચાલી શકતી નહોતી.

હેમવતી પાસે કેટલીક વાર સુધી ચુપચુપ બેસી રહેવા પછી કાંતાર-કન્યાએ તેને પુછ્યું: "શું બહેન! જે દેખાવમાં સારો અને ખુબસુરત હોય, તેના પ્રત્યે મનથી પ્યાર કરવો એ શું પાપ છે?"

આ અચાનક સવાલ સાંભળી હેમવતી પ્રથમ તો થોડી વાર તેના મુખ પ્રત્યે જોતી જોતી ચુપ રહી, પછી તેણે કહ્યું: "હું તને પ્રથમથી જ કહી ચુકી છું કે—કોઇ પુરૂષ ખુબસુરત હોય, કે ગમે તેવો હોય, પરંતુ સ્ત્રીએ તે માટે પોતાના પતિને મુકીને બીજા-પુરૂષથી પ્યાર કરવો, બલ્કે તેના પ્રત્યે પ્રેમની દ્રષ્ટિથી જોવું, એ પણ પાપ છે. કોઈ પણ સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા પુરૂષને પ્રેમથી જોઇ શકતી નથી."

કાંતાર-કન્યા૦—"સ્ત્રીઓ બીજાને પ્યાર શા માટે નથી કરી શકતી? તે મને સમજાવો."

હેમવતી૦—"એટલું તો તું જાણે છે કે—બીજાનું ધન ચોરી લેવું, તેમાં પાપ છે."

કાંતાર-કન્યા૦—"હા, તે હું સમજું છું."

હેમવતી૦—"તું જેનાથી પ્યાર કરે છે, તેનાથી તું એમ પણ ચાહતી હઇશ કે તે પણ તારાથી પ્યાર કરે?"

કાંતાર-કન્યા૦—"હા જ તો."

હેમવતી૦—"પરંતુ ને પ્યાર એટલે તે પુરૂષથી પ્યાર કરવો, તેનો સંપૂર્ણ હકક તેની સ્ત્રીનો છે. અને તેના પ્રત્યે તારો પ્યાર થવો એ તેના હકકની ચોરી કરવા બરાબર છે. એવી પ્રેમની ચોરી કરવી એ પણ પાપજ છે. હવે તને સમજાણુ પડી?"

કાંતાર-કન્યા૦—"પરંતુ હું મારા પ્યારનો બદલો સામા પુરૂષથી મેળવવા ન ચાહું તો ?„

હેમવતી૦—"એવું શું કોઇ કરી શકે છે ? તું શું પ્યારના બદલામાં પ્યાર કરવાની ઇચ્છાને રોકી શકે છે ?"

કાંતાર કન્યાએ કાંઇક વિચાર કરીને કહ્યું: "નહિજ"

હેમવતી૦—"ત્યારે ખરાબ અને પાપના રસ્તામાં પગ શા માટે મૂકે છે ?"

કાંતાર-કન્યા આ સવાલનો કાંઇક જવાબ આપવા જતી હતી, પણ એટલામાં જગતબાબુ ત્યાં દોડતા આવ્યા. અને મોટી હાંક મારીને કહ્યું: "હેમ ! હેમ ! તું ક્યાં છો ? તારી કાંતાર-કન્યા તો ખાસ મારી દીકરી જ છે, તે મારી ખોવાઇ ગયેલી તેજ ઉષાવતી છે !"

હેમવતી આ વાત સાંભળતાંજ પોતાના પગનું દુઃખ ભુલી જઇને એકદમ પલંગ પરથી ઉભી થઇ ગઇ. જે સાંભળવાની સ્વપ્નમાં પણ આશા નહોતી, એવા આ શુભ સમાચાર સાંભળીને તેણે પોતાનું બધું દુઃખ વીસરી જઇને કાંતાર-કન્યાને ઝટ પોતાના ખોળામાં બેસાડી દીધી. પરંતુ આ વાતનું તાત્પર્ય કાંતાર-કન્યાના સમજવામાં બરાબર આવ્યું નહિ. તે તો આશ્ચર્યની દ્રષ્ટિથી હેમવતી અને જગતચંદ્ર પ્રત્યે વારંવાર જોવા લાગી.

આનંદનો વેગ કાંઇ નરમ પડયા પછી જગતબાબુએ કિશન-સિંહ લુંટારાના મુખથી જે બધી હકીકત સાંભળી હતી, તે હેમવતીને કહી સંભળાવી. કાંતાર-કન્યાએ બરાબર ધ્યાન પૂર્વક તે બધી વાત સાંભળી. આ વખત તેને એમ જણાયું કે—"હું આ શું સ્વપ્નું જોઉં છું કે આ બધી વાત સત્ય સાંભળું છું ?" જ્યારે કાંતાર-કન્યા એ વિચાર કરતી હતી, ત્યારે હેમવતીએ હસતાં હસતાં પોતાના પિતાને કહ્યું: "પિતાજી! એજ કારણથી ત્યારે જ્યારથી મેં આ કન્યાને જોઇ છે, ત્યારથી તેના પ્રત્યે મને સ્વભાવિક પ્રેમ ઉભરાઇ આવ્યો છે. પણ તે વખતે મને એમ કયાં ખબર હતી કે-એ મારી સગી માજાઇ નાની બહેન નીવડશે ?"

જગત૦—"એ વાત તું બરાબર કહે છે, હું પણ કયારે કયારે એમજ વિચારતો હતો કે આ જંગલી કન્યાને જોઇને મારા હૃદયમાં આટલો બધો પ્રેમ કેમ ઉભરાઇ આવે છે ? ત્યારે હું એટલુંજ સમજતો હતો કે—એણે પ્રકાશચંદ્રનો જીવ બચાવ્યો છે, તેથીજ મને એમ થાય છે. પરંતુ એ ખ્યાલ તો મને સ્વપ્નામાં પણ નહોતો કે— આ વન કન્યા એજ મારી પુત્રી ઉષાવતી છે."

કાંતાર-કન્યાને પ્રથમ એ શક પેદા થયો કે—તે સ્વપ્ન જુએ છે, પરંતુ હવે તેનો સંદેહ દૂર થઇ ગયો. જન્મથી આંધળા માણસની એકાએક આંખો ખુલ્લી જવાથી જેવી દશા થાયછે, તેવી દશા આજ કાંતાર-કન્યાની હતી. તેને બધું આશ્ચર્ય યુક્ત લાગતુ હતું.

આ ખબર વિદ્યુત વેગે આખા ઘરમાં ફેલાઇ ગઇ, હેમવતીએ જઇને પ્રભાવતી જે પોતાની કોટડીમાં બેઠી હતી તેને પણ આ વાત કહી, પણ આશ્ચર્યથી તેણે જોયું તો તેના ચહેરાપર તેણે આનંદનું કશું ચિન્હ જોયું નહિ. હેમવતીએ તેની દરકાર કરી નહિ.

પ્રકરણ ૧૯ મું

પ્રાયશ્ચિત વિચાર

પ્રકાશચંદ્રે જ્યારે પોતાનો જીવ બચાવનાર કાંતાર કન્યા તે એક લુંટારાની પુત્રી નહિ પણ પોતાના સસરા જગતચંદ્રની પુત્રી છે, એ સમાચાર એક નોકર દ્વારા સાંભળ્યા, ત્યારે પ્રથમ તો તે વાત તેના માનવામાં ન આવી પરંતુ તે દરવાજા પરથી જ્યાં જગતબાબુ, હેમવતી અને ખુદ કાંતાર-કન્યા હતાં, તે ઘરમાં અંદર આવ્યો, અને પોતાના સસરા તથા હેમવતીના મુખથી જ જ્યારે એ વાત તેણે જાણી, ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો. પ્રકાશચંદ્રને જોઈને હેમવતીએ કહ્યું: "પ્રકાશ! તમારા જ કારણથી અમને આ કાંતાર-કન્યાની પ્રાપ્તી થઇ છે, ને મારી વડીલ બહેન ઉષાવતી છે!"

જગત૦—"પ્રકાશ બાબુ! હું તમને કયા શબ્દોમાં આશીર્વાદ આપું? આજ જો તમારી સાસુ જીવતી હોત તો તેની ખુશીનો પાર ન રહેત. આ ઉષાવતીના વિરહ વિલાપમાં જ તેણે પ્રભાને જન્મ આપીને તરત પોતાનો પ્રાણ છોડ્યા."

પ્રકાશ૦—'જગતમાં કઇ ઘટનાથી શું થઇ જાય છે? એ કોઇ કહી શકતું નથી. મારૂં તે રાત્રીએ કિશનસિંહ લુંટારાની ઝુંપડીમાં ફસાવું, એજ ઉષાવતીની પ્રાપ્તીનું કારણ બન્યું! ઇશ્વરની માયા ખરે અગમ્ય છે."

હેમવતી૦—"પિતાજી! આ ખુશખબર આપણાં સર્વ સગાં સ્નેહીઓ અને નાતાવાળાઓને મોકલવી જોઇએ."

જગત૦—"માત્ર એટલાથી જ કામ નહિ પતે, હું તે સર્વને આપણે ઘેર આમંત્રણથી બોલાવીશ."

હેમવતી૦–"તેમને ક્યારે બોલાવશો ? પિતાજી!"

જગત૦–"ઉષાના લગ્નને દિવસે જ, હું મોટી ધામધુમથી મારી ઉષાવતીનાં લગ્ન કરીશ."

જગતબાબુની આ વાત સાંભળીને પ્રકાશચંદ્રનો જીવ અંદરથી કોણ જાણે શા કારણથી અકળાવા લાગ્યો. એજ વખતે તેણે એક વાર કાંતાર-કન્યાના ચહેરા તરફ જોયું. તેને જણાયું કે હવે તેના ચહેરામાં આગલી નિર્લજ્જતા અને ખુલાવટ નથી. તેનો ચહેરો જો કે હજુ પણ તદ્દન નિર્મળ અને સ્વચ્છ છે, પરંતુ પિતાની છેલ્લી વાત સાંભળીને કોણ જાણે શા કારણથી તેનું મુખ મ્લાન થયું છે, તેમ છતાં તે મ્લનતામાં પણ સુંદરતા દેખાય છે.

કાંતાર-કન્યાનો આ ભાવ જોઇને પ્રકાશચંદ્ર વધારે વાર તેના તરફ જોઇ શકયો નહિ. કોણ જાણે શા કારણથી તેના પ્રત્યે જોતાં હવે તેને શરમ થતી હતી. અત્યંત વરસાદ પડવાથી જેમ નદી તળાવ આદિ છલા છલ ભરાઈ જાયછે, તેમ ઉષાવતીનું કુળ શીળ જણાયાથી પ્રકાશચંદ્રનું હૃદય પણ આ વખતે આનંદથી ભરપુર થઇ ગયું. તે આનંદનો વેગ કાંઇક નરમ પડવા પછી તેણે પોતાના સસરાને કહ્યું:–

"કાંતાર-કન્યા કિશનસિંહની પુત્રી ન હોય, એ સંદેહ તો તેને પહેલી જ વાર જોતાં જ મને થયો હતો; કેમકે એક જંગલી લુંટારાને ત્યાં અમુલ્ય કન્યા રત્ન પેદા થવું જ અસંભવિત છે. તેમ છતાં એ ખ્યાલ તો મને ક્યારે સ્વપ્નામાં પણ નહોતો આવ્યો કે તે આપનીજ ખોવાઇ ગયેલી પુત્રી છે. તે ગમે તેમ હો, પરંતુ કાંતાર-કન્યાને આપને ઘેર લાવીને મારા મનમાં જે એક પ્રકારનો ક્ષોભ ઉત્પન્ન થયો હતો, તે હવે દૂર થઈ ગયો."

જગતચંદ્ર૦—"ભાઈ, એતો સર્વ સારૂં જ થયું, પરંતુ મારા મનમાં હજૂ પણ ક્ષોભ છે, તે એજ કે આજ જો એની મા જીવતી હોત તો તેને કેવી ખુશી પેદા થાત! રહી રહીને મને એજ વાતનું સ્મરણ થવાથી દીલગીરી થયા કરે છે."

વળી જરા વાર રહીને જગતચંદ્રે હેમવતીને ઉદ્દેશીને કહ્યું:— "હવેથી કોઇ એને જંગલી કે કાંતાર-કન્યા ન કહેતાં ખાસ ઉષાવતી કહીનેજ બોલાવશો. અને હેમ! તું મારી ઉષાવતી પ્રત્યે જે રીતે પ્રેમ રાખે છે તે જોતાં તને કાંઇ કહેવાની વિશેષ જરૂર રહેતી નથી, તો પણ કીધા વિના ચાલતું નથી કે જેમ તેં મારી પ્રભાને ઉછેરીને મોટી કરી, તેમ ઉષાને પણ માણુસ બનાવજે. હું તેને તારા હાથમાં સોંપીને નિશ્ચિંત થાઉં છું."

હેમ૦—પિતાજી! ઉષા હજૂ પણ તદ્દન ભોળી અજ્ઞાન બાળિકા છે, તે સંસારના રીત રિવાજ કાંઈ પણ સમજતી નથી. હું તેને બધું શીખવીશ. પણ તમારે ઉષાનાં લગ્ન મોટી ધામ ધુમથી કરવાં પડશે."

એટલામાં નોકરે આવીને ખબર આપી કે—"બહારની બેઠકમાં પુરોહિતજી અને તેમની સાથે બીજા ઘણા માણસો આવીને આપને મળવા માટે બેઠા છે."

પુરોહિત હરનાથજીને જગતબાબુ પોતાના ગુરૂ તરીકે માનતા હતા, તેમના આવવાના ખબર સાંભળીને તેઓ અંદર ન રોકાતાં તરત બહાર આવીને તેમણે પુરોહિતજીને ઉષાવતી સંબંધે બધો વૃત્તાંત કહ્યો. આ હકીકત સાંભળી સર્વ આનંદ પામ્યા. પરંતુ તેમાંના બે જણાએ એવી તકરાર રજુ કરી કે—"આપની પુત્રી

આટલી મુદ્દત સુધી એક લુંટારાને ત્યાં હતી, તો હવે આપ તેને ઘરમાં શી રીતે રાખી શકશો ?"

આ સવાલથી જગતબાબુ મોટા વિચારમાં પડી ગયા. તે સાથેજ તેમણે એકવાર પુરોહિતજી પ્રત્યે જાણે આ સવાલ તેમને જ પૂછતા હોય, તેવી સુચક દ્રષ્ટિથી જોયું. પુરોહિત હરનાથજીના જેવો શાસ્ત્રજ્ઞ પંડિત તે સમયમાં રંગપુર જીલ્લામાં બીજો કોઈ ન હોતો. તેમ એ વાત સર્વ લોકો માનતા હતા કે—પંડિતજી સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે. કાંઈક વિચાર કરીને તેમણે કહ્યું: "એવા સંજોગોને માટે શાસ્ત્રમાં પ્રાયશ્ચિતની વિધિ લખેલી છે, માટે આપને આપની કન્યાને માટે પ્રાયશ્ચિત કરવું પડશે."

જગત (આનંદિત થઇને)—"આપ પ્રાયશ્ચિતનો સવ વ્યવસ્થા કરો, હું તેના માટે તૈયાર છું."

આ પ્રમાણે પ્રાયશ્ચિત વિધિનો નિર્ણય થવાથી કન્યાને ઘરમાં રાખવા સંબંધ કોઇએ વાંધો લીધો નહિ. સર્વ જણ પુરોહિતજીની વાતની સાથે હામાં હા મેળવીને જગતબાબુને ખુશ કરવા લાગ્યા. એમ જોતાં જોતાં આનંદમાં જગતચંદ્રનો તે દિવસ વીતી ગયો. અને બીજે દિવસે પુરોહિતજીએ વિધિ પુરસાર કન્યાને પ્રાયશ્ચિત કરાવીને પાવન કરી. એટલે એ બાબતમાં જ્ઞાતિનો કશો વાંધો ન રહ્યો.

પ્રકરણ ૨૦ મું.

વિવાહ વિચાર

સર્વ પુરાવા એકત્ર કરીને બાબુ જગતચંદ્રે કિશનસિંહ વગેરે લુંટારાઓને સેસનમાં કમિટ કર્યા. ત્યાં કેસ ચાલીને પ્રત્યક્ષ ખુનનો પુરાવો ન પડવાથી તે તમામ લુંટારાઓને દેશનિકાલ એટલે કાળા પાણીની સજા થઈ. અને તેમનાં રહેઠાણમાં મળેલી દોલતના દાવા રજુ થયા તેને પાછી મળતાં બાકી ખાલસા થઇ. રંગપુર જીલ્લા ના તમામ લોકો આ સમાચારથી ઘણા ખુશ થયા. કેવળ એકજ કાંતાર-કન્યા (જે હવે ઉપાવતી હતી તે) આ વાતથી દુઃખિત થઇ. કારણ કે ઘણા વર્ષો પર્યંત તે કિશનસિંહને પિતા તરીકે જાણી તેના સહવાસમાં ઉછરી મોટી થઈ હતી. તેમ છતાં પણ તેના પિતાએ તેને મોતની સજામાંથી પોતાના વચન પ્રમાણે બચાવ્યો હતો, તે કારણથી તેને કાંઇક સંતોષ થયો.

પુરોહિત હરનાથજીની કરેલી વ્યવસ્થા મુજબ ઉપાવતીને માટે પ્રાયશ્ચિત્ત વિધિ થઈ ગઈ. તેથી હવે જગતચંદ્ર તેના વિવાહની ચિંતામાં પડયા—ઘણી કોશીશ અને શોધ ખોળને અંતે પણ તેઓ કોઇ લાયક વર તેને માટે મેળવી શકયા નહિ. તેનું કારણ એમ હતું કે—જગત્ બાબુ જેવા આબરૂદાર માજિસ્ટ્રેટની કન્યા ચૌદ વર્ષ સુધી લુંટારાને ત્યાં રહીને ઉછરી. તેથી જ કોઇ આબરૂદાર ખાનદાન માણસો તેને પોતાના ઘરમાં રાખવાનું પસંદ કરતા નહોતા—તે સિવાય બીજું પણ એક ખાસ કારણ એ હતું કે—જગતચંદ્રની વચેટ પુત્રી ઉપાવતી જીવતી છતાં નાની પ્રભાવતીનાં લગ્ન થઇ ગયાં હતાં.

તેથી શાસ્ત્ર અનુસાર પણ એ વિવાહમાં દોષ આવતો હતો. આ કારણથી ઉષા ખૂબસૂરત છતાં કોઈ લાયક વર તેનાથી લગ્ન કરવાની ઇચ્છા દર્શાવતો નહોતો. આ કારણની ઉષાના લગ્ન સંબંધે જગત્ બાબૂ મોટા ચિંતામાં પડી ગયા.

એક દિવસ સંધ્યા સમયે એજ વિષયમાં જગત્ બાબૂ પોતાની મોટી દીકરી હેમવતી સાથે નીચે પ્રમાણે વાતચિત કરવા લાગ્યાઃ—

હેમવતીએ કહ્યું૦—" પિતાજી ઉષાના વિવાહના સંબંધમાં આપે શો નિશ્ચય કર્યો " ?

જગત્—" બેટા ! હજૂ સુધી તો કંઇ નક્કી કરી શક્યો નથી. જે વર મને પસંદ આવે છે, તે ઉષાની સાથે લગ્ન કરવામાં રાજી થતો નથી; અને બીજા એવા કેટલાક છે કે જે કન્યાને પરણવામાં રાજી છે, પણ તે લાયકાત વિનાના હોવાથી કાંઇ કામના નથી. તેથી હું તો મોટા ગુંચવાડામાં પડી ગયો છું "

હેમ૦—" પિતાજી ! જો આપ ખુશીથી સંમતિ આપો તો હું એક સંબંધ નક્કી કરી શકું તેમ છે. "

જગત્—" કોની સાથે ? હેમ ! "

આ સવાલનો જવાબ આપવામાં હેમવતી જરા અચકાઈ, પણ ફરી માથું નમાવીને કાંઇ વિચાર કરતાં તે બોલીઃ " શું આપણા પ્રકાશચંદ્રની સાથે ઉષાનાં લગ્ન ન થઇ શકે ? પિતાજી ! "

આ વાતથી પ્રથમ તો જગત્ચંદ્રના રૂંવાડાં ઉભાં થઇ ગયાં. ત્યાર બાદ હેમવતીના નમેલા મુખ પ્રત્યે જોઇને તેઓ કોણ જાણે શો વિચાર કરવા લાગ્યા. કેટલીક વાર સુધી ચિંતા અને વિચાર કરવા બાદ તેમણે કહ્યું: " શું પ્રકાશચંદ્ર આ વાતમાં ખુશીથી સંમતિ આપશે ? "

હેમવતી– " એ વાતની હું જુમેદારી લઉં છું. "

જગત્– " અને મારી પ્રભાના મનમાં તો આથી કષ્ટ નહિ થાય ? "

હેમ૦– " હું પ્રભાની પણ ખુશીથી સંમતિ મેળવી શકીશ. "

જગત્–"પ્રકાશચંદ્ર સારા ઘરનો છોકરોછે, તેને એક કન્યા આપણે આપી છે, તો બીજી આપવામાં પણ આપણા ગ્નાતી રિવાજ પ્રમાણે કાંઈ દોષ તો નથી. વળી આવી સ્થિતિમાં કે જ્યારે ઉષાને માટે કોઈ લાયક વર મળી શકતો નથી; તો એ વાતમાં મને કાંઈ વાંધો જણાતો નથી. તારી વાતોની મતલબ પણ હું બરાબર સમજ્યો છું તે ગમે તેમ હો, પણ તું એ બાબતની કોશીશ કર, હું તેમાં સંમત છું. "

એટલું કહી જગતચંદ્ર ત્યાંથી ચાલ્યા ગયા. ત્યારબાદ હેમવતી ત્યાંથી ઉઠીને પ્રભાવતીની પાસે આવી અને તેનો ચોટલો ઓળવા બેઠી. પ્રભાવતીને ચોટલો ઓળાવવાની ખાસ ઇચ્છા કે જરૂરીઆત ન હોતી, પણ હેમવતીને એ બહાને તેની પાસે બેસીને વાત કરવી હતી. તેણે આદર પૂર્વક તેનો ચોટલો ગુંથવા માંડયો, ચોટલો ઓળતાં ઓળતાં તેણે ઉષાવતીના વિવાહની વાત છેડી-હેમવતીએ ધીરેથી કહ્યું: " પ્રભા ! પિતાજી ઉષાના વિવાહના સંબંધમાં હજૂ સુધી કાંઈ નક્કી કરી શકયા નથી. "

પ્રભાવતીએ ધીમેથી પૂછ્યું: " કેમ ? "

હેમ.– " કોઇ સારો વર મળતો નથી. "

પ્રભા.– " કદાચ બાપુ વધારે રૂપિઆ ખર્ચ કરવા નહિ ઇચ્છતા હોય. "

હેમ૦–"ના, તેવી વાત નથી. સારા ઘરના છોકરાઓ ૧૩ વર્ષથી વધારે ઉમરની કન્યા લેવાને ના પાડે છે. "

પ્રભા૦—" ત્યારે હવે શો ઉપાય છે ?"

હેમ૦—" જો તું ખુશીથી સંમતિ આપે તો એક ઉપાય થઈ શકે છે."

એકાએક રસ્તામાં કાળા ઝેરી સાપને જોઇને વટેમાર્ગુ જન જેમ કંપી ઉઠે છે, તેમ તે પણ પગથી માથા સુધી થરથરી ગઇ. ઘણી વાર સુધી ચુપ રહેવા પછી તેણે કહ્યું: " મારી સંમતિ મળવાથી શો ઉપાય થઈ શકશે ?"

આ ફેરફાર જોઇને હેમવતીનું મોઢું પણ સુકાઈ ગયું. તેનો જીવપણ અંદરથી કોણ જાણે કેમ ગભરાવા લાગ્યો. તે કાંઇ જવાબ આપી શકી નહિ. ત્યારે ફરીથી પ્રભાવતીએ પૂછ્યું: "શો ઉપાય થઈ શકશે ? તે મને કહોને ? બહેન !"

હેમવતીને જાણે મોટું દુઃખ થતું હોય તેમ બોલી: " કાંઈ નહિ પ્રભા ! એ વાતને હવે જવા દે. ઉષા પરણ્યા વિના રહેશે, તેની કાંઈ ચિંતા નથી."

પ્રભાવતી (માથું નમાવીને)—" બહેન તમે કાંઇ કહો કે ન કહો, હું તમારા મનનો ભાવ સમજી ગઈ. તમે ઉષાને મારી શોક્ય બનાવવા ધારો છો ને ?"

હેમ—" એકજ માતાના ઉદરમાંથી ઉત્પન્ન થયેલી બે બહેનો શું કદી પણ શોક્યો કહેવાઇ શકે છે ?"

પ્રભા૦—" ઠીક, ભલા બાપુ આ વાતમાં રાજી છે ?"

હેમ૦—" હા, તેઓ રાજી છે."

પ્રભા૦—" અને ઉષા ?"

હેમ૦—" હા, તે પણ રાજી થઈ શકશે ?"

પ્રભા૦—" અને—"

પ્રભાવતી કાંઇ બીજું કહેવા ઇચ્છતી હતી, પણ તે વાત તેના મુખમાંથી નીકળી શકી નહિ થોડી વાર ચુપ રહીને તેણે કહ્યું: "જ્યારે તેઓ બધાં એ વાતમાં રાજી છે, ત્યારે હું પણ રાજી છું!"

હેમ૦– "નહિ પ્રભા ! હું ભૂલાવામાં પડી ગઇ હતી. તું રાજી છે તેથી શું ? પણ હવે હું પોતેજ એ વાતમાં રાજી નથી. ઉષાનો વિવાહ બીજા ગમે તેની સાથે કરી દઇશ."

પ્રભા૦– (મોટી બહેનના પગને અડીને) "ના ના, બહેન! તમે હવે એ વાતની ના ન કહો, હું તમારા પગનો સ્પર્શ કરીને કહું છું કે– હું બધી રીતે એ વાતમાં રાજી છું."

હેમ૦– "શું આ અંતઃકરણ પૂર્વકની સાચી વાત છે ?"

પ્રભા૦– "હા, બહેન ! હું ખરા મનથી સત્ય કહું છું."

હેમ૦– "તું એટલી બધી જલદીથી કેમ રાજી થઇ ગઇ ? એ વાત તું મને દિલની ખુલાવટથી કહી દે."

પ્રભા૦– "તે હું કહી શકતી નથી, પરંતુ તમે હવે જઇને ઉષાના વિવાહનો ઉદ્યોગ ઝટ કરો."

પ્રભાનો ચોટલો હેમવતીએ હજૂ પૂરો બાંધી લીધો નહોતો, તેમ છતાં તે ઉઠીને ઉભી થઈ, પણ તે સાથેજ તે કાંઇ વિચાર કરીને પાછી બેસી ગઇ. ત્યાર પછી ઝટ ઝટ ચોટલો બાંધીને તે ત્યાંથી ચાલી ગઇ. પ્રભાવતી ત્યાંજ માથું નમાવી હાથની હથેળીમાં ગાલ ટેકવીને બેઠી રહી. થોડી વારમાં તેની બંને આંખોમાંથી મોટાં મોટાં અશ્રુ બિંદુ પડવા લાગ્યાં. તેના ચહેરામાં તેમજ તેની મનોવૃત્તિમાં અજાયબ જેવો ફેરફાર થઈ ગયો. હેમવતીએ ફરી આવીને તેનો ચહેરો અત્યારે જોયો હોત તો કદી પણ તે ઉષા અને પ્રકાશના લગ્નનો ઉદ્યોગ નજ કરત. પ્રભાના હોંસ ઉડી ગયા, તે એક જીવ વિનાના શબની પેઠે ત્યાં જ બેસી રહી.

પ્રકરણ ૨૧ મું

પ્રેમમાં ભાગીદારી ન જોઇએ.

પ્રકાશચંદ્રે જે દિવસથી એમ જાણ્યું કે–કાંતાર કન્યા કિશનસિંહ લૂંટારાની દીકરી નથી, પણ પોતાના સસરાની પુત્રી છે, તે દિવસથીજ તેના મનની દશા બદલાઈ ગઇ. એ સમાચારથી તેને એટલો બધો આનંદ થયો કે–તે પ્રભાવતીના મહાન અપરાધની વાત પણ ભૂલી ગયો; કેમકે જો પ્રભાવતી તેનાથી વિશ્વાસઘાત કરીને ફુલ લાવવાના બહાનાથી પીરગંજના તળાવ ઉપર ન મોકલત તો કદાચ કાંતાર કન્યા કોની પુત્રી છે, એ વાતનો પતો આટલો જલદીથી ન લાગત–હવે કાંતાર કન્યા તેની સ્ત્રીની સગી બહેન હતી, તેથી તેની પણ નજીકની સંબંધિની હતી. જ્યારે પ્રકાશચંદ્રને આ વાતનો ખ્યાલ આવતો ત્યારે તેની ખુશીનો પાર નહોતો રહેતો. કાંતાર કન્યાને લૂંટારાની દીકરી સમજીને તેના પ્રત્યે પ્રકાશચંદ્રનો જે ભાવ હતો, તે ભાવ હવે રહ્યો નથી. હવે તેને જોવા માટે વારંવાર તેનો જીવ અધીરો થાય છે, તેથી વારંવાર કોઇ બહાનાથી તે અંદર જઈને તેનું મુખ જોઇ આવે છે. આ વખતે તેનું મન એકલી કાંતાર કન્યા તરફ આકર્ષાઇ ગયું હતું. જો તે કાંઇક વખત સુધી કાંતાર કન્યાને જોવા પામતો નહિ તો તેનો જીવ અંદર ખાનેથી ગભરાવા લાગતો. હવે તેનો જીવ કોઇ કામ કરવામાં લાગતો નહિ, હવે તે કોઇથી બરાબર વાતચિત પણ કરી શકતો નહોતો. તેમ એક જગાએ ઘણી વાર સુધી સ્થિરતાથી બેસી પણ શકતો નહોતો. હવે રાતની વખતે બરાબર નિદ્રા આવતી નહોતી, કદાચ ક્યારેક જરા આંખ ભેળી થતી તો સ્વપ્નમાં કાંતાર કન્યાને જોઇ

ને તે ચોંકી ઉઠતો હતો. એ પ્રમાણે પ્રકાશચંદ્રના મનની સ્થિતિ બદલાઇને કેવળ અસ્થિર થઇ ગઈ હતી.

આજ પ્રકાશચંદ્ર ઉદાસ બેઠો છે; જેમ જોસબંધ પવન લાગવાથી નદીના જલ તરંગો હાલવા લાગે છે, તેમ ચિંતા રૂપી તરંગો તેના હૃદયમાં ખળભળાટ મચાવી રહ્યા હતા. એટલામાં પ્રભાવતી પાસેથી ઉઠેલી હેમવતી સીધી તેની સામે આવીને ઉભી રહી. પ્રકાશચંદ્ર પોતાની ગાઢ ચિંતામાં પડ્યો હતો, તેથી તેના તરફ તેની દ્રષ્ટિ પણ ગઇ નહિ. તેને ચિંતીત ભાવે બેઠેલો જોઇને હેમવતીએ તેને બોલાવ્યો– "પ્રકાશ!"

પ્રકાશચંદ્ર જેમ નિદ્રામાંથી ઝબકી ઉઠ્યો હોય તેમ, તેણે એકાએક હેમવતીને સામે ઉભેલી જોઇને કાંઇક પોતાની શુદ્ધ ઠેકાણે લાવતાં કહ્યું "કેમ, શું કહો છો?"

હેમવતી– "પ્રકાશ! આજ કાલ તમે આટલા બધા ચિંતાતુર અને ઉદાસ કેમ દેખાવ છો? તમે એટલો બધો શાનો વિચાર કરો છો? તે તમારે મને કહેવું પડશે!"

• આ પ્રશ્ન સાંભળીને પ્રકાશચંદ્રનું ગળું સુકાઇ ગયું, અપરાધીની પેઠે તેનું હૃદય ધડકવા લાગ્યું. હેમવતીના પ્રશ્નનો ઉત્તર તે એકદમ કાંઇ આપી શક્યો નહિ. ત્યારે હેમવતીએ ફરીથી કહ્યું: "પ્રકાશ! હું તમને મારા નાના ભાઇ પ્રમાણે સમજુ છું, તેથી તમારે મારાથી કોઇ વાત છુપાવવી ન જોઇએ."

આ સાંભળીને પ્રકાશચંદ્રે ભારે દુઃખિત ચિત્તથી ઉત્તર આપ્યો: "બ્હેન! તમારાથી હું બીજું શું છુપાવું છું? મારૂં મન મારા કબજામાં નથી. હું યત્ન કરવા છતાં મારા મનને કબજામાં રાખી શકતો નથી; મારો સ્વભાવ પણ એકદમ બદલી ગયો છે.

હવે હું તમારો તે પ્રકાશચંદ્ર નથી. આ વખતે હું મહા નરાધમ છું. તમે મારી વાતો સાંભળીને મારો તિરસ્કાર કરશો."

હેમવતીએ પ્રકાશચંદ્રના મુખપ્રત્યે જોયું. તો તેની આંખોમાંથી આંસુનાં ટીપાં પડતાં હતાં. તેણે કહ્યું: "પ્રકાશ ! તમે એટલી બધી શરમ શા માટે રાખો છો ? જો કે તમે કાંઈ કહેતા નથી, પણ હું ઘણા દિવસથી તમારા મનનો ભાવ સમજું છું, અને હું તેનો ઉપાય પણ કરી ચુકી છું. આ વખતે હું તેના સમાચારજ તમને કહેવા આવી છું. સાંભળો, ઉષાની સાથે હું તમારા લગ્ન કરાવી આપીશ. મારી આ વાતનો પિતાજીએ તેમ પ્રભાવતીએ પણ સ્વીકાર કર્યો છે. હું તમારી વાતોથી તમારો તિરસ્કાર નથી કરતી, પણ ઉલટો તમારા પ્રત્યે સ્નેહભાવ રાખું છું."

જો કોઈ દેવી પ્રત્યક્ષ આવીને એમ કહેત કે—"માગ, શું વરદાન માગે છે ?" તોપણ પ્રકાશચંદ્રને જેટલું સાનંદાશ્ચર્ય ન થાત, તેટલો તે હેમવતીના કહેવાથી ચકિત થયો. તેને અત્યંત આનંદ થયો. અતિશય આનંદને લીધે જો કે તે કાંઇ બોલી શકયો નહિ, પરંતુ હેમવતી તેના હૃદયનો ભાવ સારી રીતે સમજતી હતી. પણ આ વખતે તે વધારે કાંઈ ન બોલતાં ત્યાંથી ચાલી ગઇ, જતાં જતાં તે પ્રકાશચંદ્રને દિલાસો આપતી ગઇ કે—"આજ મહિનામાં કોઇ સારો દિવસ જોઇને ઉષાની સાથે તમને પરણાવી દઇશ."

આમ કહીને તે ઉષાવતીની પાસે ગઇ, તેને જોઇને ઉષા કાંઇક પ્રસન્ન થઇ. હેમવતી ધીરેથી તેની પાસે જઈને બેસી ગઈ. થોડી વાર તેણે ઉષાના મુખપ્રતિ તે ન જાણે તેમ બારીકીથી જોઇ લીધું. પણ તેના મનનો ભાવ આ વખતે તેને કાંઇ સમજાયો નહિ. છેવટ તેણે તેને કહ્યું: "ઉષા ! અમે સર્વ જણે વિચાર

પૂર્વક એવો નિશ્ચય કર્યો છે કે—પ્રકાશચંદ્રની સાથે તારો વિવાહ કરી દેવો."

ઉષા (સહજ હસીને) "બ્હેન! હું એવો વિવાહ કરવા ચાહતી નથી."

હેમવતી આ જવાબથી આશ્ચર્ય ચકિત થઇ, તેણે ફરીથી કહ્યું: "ઉષા! આજ મહિનામાં પ્રકાશની સાથે તારાં લગ્ન થશે."

આ વખતે ઉષાએ ભારે સ્પષ્ટતા અને ગંભીરતાથી જવાબ આપ્યો: "બ્હેન મેં તમારાજ મુખથી સાંભળ્યું છે કે—"પ્રકાશચંદ્ર મારા માટે પરપુરૂષ છે, અને પરપુરૂષનું ચિંતવન કરવું. પણ મારે માટે મહા પાપ છે. ત્યારે તેની સાથે તમે મારાં લગ્ન શી રીતે કરશો."

હેમવતી૦—"લગ્ન થઇ જવાથી પછી તે તારા માટે પરપુરૂષ નહિ ગણાય. ત્યારે તું પણ પ્રભાની પેઠે તેની ધર્મપત્નિ થઇ જઇશ."

ઉષા૦—"પ્રકાશચંદ્રનાં લગ્ન તો એકવાર થઇ ગયાં છે, તો બીજી વાર કેમ થશે?"

હેમ૦—"તે થઇ શકશે, તેમાં કાંઇ દોષ નથી."

ઉષા૦—"ત્યારે શું પ્રભાનાં લગ્ન પણ બીજી વાર થશે?"

હેમ૦—"નહિ, પુરૂષનાં લગ્ન બીજી વાર થઇ શકે છે, પણ સ્ત્રીનાં નહિં જ. જેમ જન્મ અને મૃત્યુ એ એકજ વાર થઇ શકે છે, બીજી વાર થતાં નથી. તેમ સ્ત્રીનાં લગ્ન પણ બીજી વાર થઇ શકતાં નથી."

ઉષા૦—"એ મોટો અન્યાય છે, હું એવાં લગ્ન નહિ કરૂં."

હેમ૦–"એ અન્યાય નથી, એવાં સેંકડો લગ્ન થયાં છે, તેમાં કાંઈ પણ દોષ નથી. તું શાસ્ત્રનો નિયમ નથી જાણતી, તેથી તને એમ લાગે છે."

ઉષા૦–"હું શાસ્ત્રનો નિયમ નથી જાણતી તો શું થયું, પણ વનના પશુ પક્ષી આદિનો નિયમ જાણું છું. જે નિયમ જંગલના પશુ પક્ષીઓ, જીવજંતુઓ આદિ પાલન કરે છે, તેને શું મનુષ્યો પાલન નથી કરી શકતાં? સંસારનાં મનુષ્યો શું જંગલનાં પશુ પક્ષીઓ અને જીવજંતુઓથી પણ અધમ છે?"

હેમ૦–"ઉષા! હું આ વિષયમાં તારી સાથે વિવાદ કે જબ્બરદસ્તી કરવા નથી આવી, આ વિષયમાં તું તારા મનનો ભાવ હૃદય ખોલીને મને જણાવી દે."

ઉષા૦–"સાંભળો ત્યારે, પ્યાર મહોબ્બતમાં એટલી ખેંચતાણ શા માટે છે, કહે છે કે "પ્રેમ અને પ્રભુતામાં ભાગિયો ન પાલવે," પ્રેમ જોઈએ તો સોળે સોળ આના, નહિતો કાંઈજ નહિ. આજ હું તમારી ઉષાવતી છું, પણ એ વાત શું તમે ભુલી ગયાં બહેન! કે હું તેજ તમારી કાંતાર-કન્યા જ છું."

હેમ૦–"ત્યારે હું તારા માટે શું બીજો કોઈ વર નક્કી કરું?"

ઉષા૦–"ના, બહેન! તેની કાંઈ જરૂરીઆત નથી, હું હવે આ જીવનમાં કુમારિકા જ રહીશ."

હેમ૦–"સંસારમાં રહીને લગ્ન તો કરવાં પડેછે જ, તેમાં પણ ખાસ કરીને સ્ત્રીઓને માટે તો તે અવશ્ય કરવાં જ જોઈએ. જો તું લગ્ન ન કરે તો અમે લોકોને મોઢું કેમ બતાવી શકીએ?"

ઉષા૦—"ત્યારે બહેન ! મને તેજ જંગલમાં મોકલી આપો. હું જંગલમાંજ આટલી મોટી થઇ છું, માટે ત્યાંજ જઇને રહીશ, અને બાકીનું જીવન વ્યતીત કરીશ."

આ સાંભળીને હેમવતી કાંઈ બોલી શકી નહિ. કેટલીકવાર સુધી કોણ જાણે શા વિચાર કરવા પછી ફરી બોલી. ઉષા ! શું તું પ્રકાશચંદ્રને ભુલી ગઇ ?"

આ પ્રશ્નનો ઉષાવતીએ કશો ઉત્તર ન આપ્યો, પણ ધીરે ધીરે માથું નીચે નમાવી દીધું. હેમવતીએ જોયું તો તેનું માથું પરસેવાથી ભીંજાઇ ગયું હતું. ત્યારે હેમવતીએ તેને પોતા તરફ ખેંચીને ખોળામાં બેસાડી લીધી, પોતાના હાથે તેનો પરસેવો અને આંખોનાં આંસું લુછીને તેને ધીરજ આપતાં કહ્યું: "જ્યારે તું તેને ભૂલી ગઇ નથી, ત્યારે તેની સાથે લગ્ન શા માટે નહિ કરે ?"

ઉષા૦—"હું ઘણી ઉતાવળથી એ વાતનો ઉપાય કરીશ. આ સંસારમાં કાંઇજ સાર નથી. એના કરતાં મારૂં જંગલ હજાર દરજ્જે ઉત્તમ છે."

ઉષાવતીના કહેવાની મતલબ સમજીને હેમવતીએ કહ્યું: નહિ, ઉષા ! તારે આ લગ્ન તો અવશ્ય કરવાંજ પડશે. મેં નાહક તને આ બાબતમાં પુછ્યું. એ વિષયમાં તારી કાંઇ વાત સાંભળવામાં નહિ આવે."

એમ કહીને હેમવતી ત્યાંથી ઉઠીને ચાલી ગઈ. પરંતુ ઉષાના મનનો સત્ય ભાવ તે બરાબર સમજી શકી નહિ.

પ્રકરણ ૨૨ મું

ઉષાના મનમાં શું છે?

ત્યાંથી ઉઠીને હેમવતી ઉત વળે પગલે પોતાના ઓરડામાં આવી, પણ ત્યાં તે રોકાઇ શકી નહિ. કોણ જાણે શા કારણથી તેનું મન અસ્થિર થઈ ગયું હતું! વળી તે પોતાના મનથી વિચાર કરવા લાગી "ઉષા આ લગ્નમાં રાજી કેમ થતી નથી? ત્યારે શું તે પ્રકાશચંદ્રને ચાહતી નથી? ના, તેને તે ચાહે તો અવશ્ય છે જ; પણ તેના મનનો ભાવ બરાબર સમજવામાં નથી આવતો. તે કહે છે કે—"પ્યાર મહોબ્બતમાં એંચતાણ શા કામની? જો હોય તો સોળે સોળ આના, નહિ તો કાંઈજ નહિ!" આની શી મતલબ? ત્યારે શું તે પ્રકાશચંદ્રને સોળે સોળ આના ચાહે છે? તે હિંદુ સંસારના રીત રિવાજ નથી જાણતી, તેથી આમ ખુલ્લેખુલ્લું કહી દે છે. ભલા, ઉષાને પુછ્યા વિનાજ તેનો સંબંધ કરી દેવામાં શું કાંઇ દોષ છે? લગ્ન કરવામાં દીકરીઓનો અભિપ્રાય માબાપો કદી લેતા નથી. તો પછી એ સંબંધમાં તેનાથી પુછગાછ કરી, તેજ બરાબર નથી. લગ્ન થઇ ગયા પછી બધું ઠીકઠાક થઇ જશે. એકજ માબાપની બે દીકરીઓ કદી શોકયો કહેવાતી નથી માટે આ લગ્ન અવશ્ય કરી દેવાં જોઇએ. જોઉં હવે પ્રકાશચંદ્ર શું કહે છે?"

પોતાના મનમાં જ ઉપર મુજબ વિચારો કરીને એક ચાકરડીને મોકલીને પ્રકાશચંદ્રને પોતાની પાસે અંદર બોલાવ્યો. તે તરતજ ત્યાં આવી પહોંચ્યો. તેને બેસવાનો ઇસારો કરી તે પોતેજ વાત શી રીતે કરવી, તેનો વિચાર કરવા લાગી. તેનો કાંઇ વાત

કરવાનો મનોભાવ છતાં તે કાંઈ બોલતી નથી, એમ જોઈને પ્રકાશચંદ્રે પુછ્યું: "મને શા માટે બોલાવ્યો ?"

હેમવતી૦—"હા, તમને કાંઇ પુછવા માટે જ મેં તેડાવ્યા છે, કેમકે એક વાત સાંભળીને મારૂં મન બહુજ અસ્થિર થયું છે."

પ્રકાશ૦—"તે શું વાત છે ?"

હેમવતી૦—"તેજ ઉષાના વિવાહની વાત, એ વિવાહ માટે બીજાં બધાં ખુશી છે, પણ તે પોતેજ ખુશી થતી નથી."

આ વાત સાંભળી પ્રકાશચંદ્રનું હૃદય કંપી ઉઠયું અને કંઠ રૂંધાઇ ગયો. તેણે બહુ ઉદાસ થઈને હેમવતી તરફ જોયું. હેમવતીએ જોયું કે પ્રકાશચંદ્રના દુઃખિત હૃદયનો ભાવ તેના ઉદાસ ચેહેરા ઉપરથી સ્પષ્ટ માલુમ પડી આવે છે, ત્યારે તેનો પુરેપુરો મતલબ સમજીને તેણે બીજી જ ચાલ પકડી. તેણે કહ્યું: "એ બાબતને ઉષાને પુછવાનું જ બરાબર ન થયું. આપણા હિંદુ લોકોનો એવો રિવાજ કદી છે જ નહિ કે—દીકરીઓને પુછીને તેમના વિવાહની વ્યવસ્થા થાય. પ્રકાશ! હું તો એમ સમજું છું કે—એક વાર લગ્ન સંબંધ થઇ જવાથી સૌ કન્યાઓ રાજી થઇ જાય છે."

આ વખતે પ્રકાશચંદ્ર કોણ જાણે શું વિચાર કરતો હતો, તેથી હેમવતીની વાતના છેલ્લા બે ચાર શબ્દો સાંભળીને તેણે કહ્યું "ત્યારે તેમાં શી ચિંતા છે ?"

હેમવતીને આ વાત સાંભળીને આશ્ચર્ય થયું, પરંતુ તે આશ્ચર્ય ભાવને એકદમ છુપાવીને તેણે કહ્યું—"પણ પ્રકાશચંદ્ર! તમે આ બાબતમાં કહી શકો છો કે—ઉષા આ વિવાહમાં પોતાની ખુશી શા કારણથી બતાવતી નથી ?"

પ્રકાશ૦—"તેના મનની વાત મને શી રીતે જણાય ? હું તો એમ અનુમાન કરૂં છું કે એમાં પણ તમારી નાની બ્હેને કાંઈ યુકિત કરી હશે."

હેમવતી૦—"તે કેવા પ્રકારની યુકિત હશે ?"

પ્રકાશ૦—"તેણે આ વિવાહમાં અસંમતિ દર્શાવવા માટે તેને સમજાવ્યું હોય; આ વાત તો સૌ જાણે છે કે તેનું મન દ્વેષ અને હિંસાથી ભરપુર થયેલું છે."

હેમ—"હા, તેમ પણ બની શકે છે. પરંતુ નાની બ્હેનના સુખને માટે ઉષા પોતાના આખા જીવનના સુખનો નાશ કરે છે"

પ્રકાશ—"કોઈ બીજા પુરૂષની સાથે વિવાહ કરવા બાબતમાં ઉષા શું કહે છે"?

હેમ—"એ બાબતમાં તે તો બિલકુલ રાજી નથી.

પ્રકાશ—"ત્યારે શું આ બાબત એટલે મારી સાથે લગ્ન થવામાં તે કાંઈ રાજી છે?"

હેમ.—"તે વાત પણ બરાબર સમજવામાં નથી આવતી. ઉષા કહે છે કે– આજ હું ઉષાવતી થઈ છું. પણ ખરી રીતે તો તેજ કાંતાર કન્યા છું.–પ્યાર મહોબતમાં ખેંચતાણ શા કામની?"

આ વાત સાંભળીને પ્રકાશ ચુપાચુપ કોણ જાણે શું વિચાર કરવા લાગ્યો. પછી એક લાંબો નિશ્વાસ નાંખીને તેણે કહ્યું. "ત્યારે હવે તે આ વિવાહમાં શા શાટે ખુશીથી સંમતિ દર્શાવતી નથી, તેહું સમજી શકયો છું."

હેમવતી–(આગ્રહથી) "તમે શું સમજ્યા છો ? તે મને સમજાવો,

પ્રકાશ-(વિચાર કરીને) " વનમાં તેણે જે વ્યવહાર જોયો છે, તે હજી સુધી તેના મનમાં સમાઇ રહેલો છે. તે વાતો સહજમાં તેના મનમાંથી દુર થઈ શકતી નથી."

હેમવતી-"તે સહજમાં દુર થઈ શકશે, એટલા માટેજ મેં તમને આ વખતે બોલાવ્યા છે,"

પ્રકાશ-"ત્યારે મારે હવે શું કરવું જોઇએ, તે મને સમજાવો."

હેમવતી-"તમે તેની પાસેંજઇને તેને સમજાવો, તે તમારી વાત માનશે. જ્યારે તમને જોવાને હમેશાં તલસતી રહે છે, ત્યારે તમારી વાતોપર અવસ્ય ધ્યાન દેશેજ. હું એટલુંજ ઇચ્છું છું. કેમકે તેને રાજી કર્યા વીના લગ્ન કરી દેવામાં કોણુ જાણે શા કારણથી પણ મારો જીવ ચાલતો નથી. ઈશ્વર જાણે આ સંબંધમાં મારા મનમાં કાંઇ અમંગળ થવાની આશંકા શા માટે થયા કરે છે? જાણે મારા કાનમાં કોઇ કહ્યા કરતું હોય કે-જો ઉષાને ખુશી કર્યા વિના આ વિવાહ કરશો તો કદાચ સારૂં પરીણામ નહિ આવે મારૂં મન ઘણુંજ વ્યાકુળ થઇ રહ્યું છે. તમે હમણાજ જઇને ઉષાને સમજાવો. તે તમને જે કહે તે પાછું મને આવીને કહો, કોણુ જાણે શા કારણથી મારો જીવ ગભરાયા કરે છે."

પ્રકાશચંદ્ર આંખો નીચી કરીને હેમવતીની બધી વાત સાંભળતો હતો તે છેવટ બોલ્યો " ઉષાના મનમાં શું છે? તે કોઇ પણ માણુસ જરા વિચાર કરવાથી સમજી શકે તેમછે. તે હજુ સુધી પણ પોતાના મનનો ભાવ છુપાવવાની રીત શીખી નથી. મારી વાતોની તેનાપર કાંઈ અસર થશે કે નહિ? તે નકકી કહી શકાતું નથી, પરંતુ જ્યારે તમે કહો છો, ત્યારે હું જઇને તેને સમજાવવાનો પ્રયત્ન કરૂં છું.

હેમવતી–"ત્યારે તમે હમણાંજ ઉષાની પાસે જાઓ, તે હમણાં અગાસી પર એકલી બેઠી છે, ત્યાં બીજું કોઇ નથી. જેમ બને તેમ તેને આ વીવાહ સંબંધમાં ખુશીથી સંમત કરો, તેને ખુશી કર્યા વીના વિવાહ કરવાથી તેના મનને ઘણુંજ દુઃખ થશે, અને તેમ થવાથી તે સુખી નહિ થાય અને તેને દુઃખી જોઇને મને અપાર દુઃખ થાય છે. તમે તેની પાસે જાઓ, હમણાંજ જાઓ."

પ્રકાશચંદ્ર ચુપાચુપ ઉઠીને રવાને થયો, અને બીજે કોઇ સ્થળે ન જતાં ધીરે ધીરે જ્યાં ઉષાવતી હતી, તે અગાસી પર ચડી ગયો.

પ્રકરણ ૨૩ મું.

ઠંડી સંમતિ.

જ્યારે પ્રકાશચંદ્ર અગાસી ઉપર પહોંચ્યો ત્યારે ઉષાવતી સામેજ બેઠેલી તેના જોવામાં આવી. પણ આ શું ? પ્રકાશચંદ્રને જોઇને તે આગળની પેઠે દોડીને તેની પાસે આવી નહિં. પ્રકાશચંદ્રે જોયું કે–હવે તેની કાંતાર કન્યા પુરેપુરી ઉષાવતી બની ગઈ છે; પહેલાં તેનામાં જે ચંચળતાને જોઇને તે કાંઈક નારાજ થતો હતો, તેજ ચંચળતાનો આજ તેનામાં અભાવ જોઇને તેને દુઃખ થયું. ઉષાવતીએ માત્ર એક વાર ઉદાસ ભાવે આંખો ઊંચી કરીને તેના પ્રત્યે જોયું, અને પછી બીજી તરફ મુખ ફેરવી જોવા લાગી. ઉષાવતીએ પોતાને જોઇને આમ મુખ ફેરવી લીધું, એ જોઇને પ્રકાશચંદ્રના હૃદયમાં ઘણો આઘાત લાગ્યો- તેની પાસે જતાં કોણ જાણે શા કારણથી તેનું મન રોકાતું હતું. તેણે ત્યાંથી જ પાછા ફરવાનો વિચાર કર્યો, પરંતુ

પાછા વળવાનું પણ તેનામાં સામર્થ્ય નહોતું. કેમ જાણે કોઈ અ દૃશ્ય શક્તિ તેને ધીરે ધીરે કાંતાર કન્યા તરફ ખેંચી લઇ જતી ન હોય તેમ તે તેની છેક પાસે જઈને ઉભો રહ્યો, તેમ છતાં તે તો ઉદાસ ભાવથી બીજી તરફજ જોતી રહી હતી. કાંઇ વિચાર કરીને પ્રકાશચંદ્રે તેને બોલાવી. "જંગલી!"

કાંતાર કન્યાએ એકવાર ફરી જરા મોઢું ફેરવીને પ્રથમ પ્રમાણે પ્રકાશચંદ્ર પ્રત્યે જોયું. તેની તે દૃષ્ટિમાંથી ભારે નિરાશા ટપકતી હતી, તેની તે દૃષ્ટિ જોઈને પ્રકાશચંદ્રને અતિશય દુ:ખ થયું. તેણે ફરીથી તેને બોલાવી, "જંગલી!"

વાદળાંથો ઘેરાયલા આકાશમાં વીજળીનો ચમકારો થાય તેવી રીતે સહજ હસીને કાંતાર કન્યાએ જવાબ આપ્યો:– "હું તો હવે તમારી તે જંગલી નથી, હું તો હવે ઉષાવતી છું.

પ્રકાશ.–"પણ હું તો તને હમેશાં એજ નામથી બોલાવીશ, એ પ્રમાણે બોલાવવાથી તું નારાજ તો નહિ થાય ને?"

ઉષાવતી–"તેમાં હું તો નારાજ શા માટે થાઉં? પણ હવે વધારે દિવસ તમે મને એ નામથી નહિ બોલાવી શકો? એ વાત નિશ્ચય છે."

પ્રકાશ–"કેમ જંગલી!એવું તું શા માટે કહે છે?"

ઉષાવતી–"કોણ જાણે શા કારણથી મારો જીવ ગભરાય છે, આ સંસારમાં હવે કોઈ વાત મને પ્રિયકર જણાતી નથી. આ સમયે મારૂં અંત:કરણ એમ કહે છે કે–જો તમારો અને મારો મેળાપ ન થયો હોત તો ઘણું સારૂં થાત?"

પ્રકાશ–"એ કેવી વાતો કરે છે, જંગલી! તું આ વખતે એક મોટા માણસની પુત્રી છે, આ સંસારમાં સર્વ સુખ જો તું ઇચ્છે

તો તને મળી શકે તેમ છે—તો પછી જાણી જોઇને તું આટલી બધી દિલગીર શા માટે થાય છે?"

ઉષાવતી—(જરા હસીને)"આજ તમારા સંસારમાં સુખ છે? એજ સુખોને માટે માણુસોની જીભમાંથી પાણી ટપકયા કરે છે? માણુસો શું એજ સુખને માટે આટલી હિંસા અને આટલો દ્વેષ કરે છે? મારા અભિપ્રાયમાં તો જંગલનું સુખ આ સંસારિક સુખોથી લાખ ગણું ઉત્તમ છે."

પ્રકાશ—"એ તારી સમજમાં ભુલ છે, કેમકે સંસારિક સુખોની લિજ્જત તને મળી નથી, તેથીજ તું એમ કહે છે. પરંતુ જંગલી! હું તને સુખી કરીશ—હું મારો જીવ આપીને પણ તને સુખી કરીશ."

"મને સુખી કરશો? શું તમે મને સુખી કરશો?" એમ કહેતાં કહેતાં કાંતાર કન્યાનો તે ઉદાસ ભાવ અને તે નિરાશા એકદમ ઉડી ગયાં. તેની તે હરિણી સમાન ચંચળ આંખોમાંથી આનંદની જ્યોતિ પ્રકાશવા લાગી. ગાડીની પેઠે એકદમ દોડીને પ્રકાશચંદ્રની છાતીની સાથે ચોંટી ગઇ, અને ફરી બોલી " ત્યારે ચાલો પ્રકાશ! આપણે બંને જણુ જંગલમાં નાશી જઇએ, તમારી સાથે જંગલમાં ફરવામાં હું ફરીથી સુખી થઈ શકીશ. માટે ચાલો પ્રકાશ! હવે વખત ન લગાડો."

તે આલિંગનથી—તે પ્રાણુને ઉન્મત કરનાર નિર્દોષ વાતોથી એક વીજળીના જેવો ચમકારો પ્રકાશચંદના પગથી માથાસુધી પસાર થઈ ગયો. તે પણ એકદમ પ્રેમમાં ઉન્મત થઇને કાંતાર કન્યાને પોતાના ખોળામાં બેસાડીને વારંવાર તેના મુખનું ચુંબન કરવા લાગ્યો. હૃદયના તે પ્રેમાવેશનો તીવ્ર વેગ કાંઇક શાંત થયાપછી પ્રકાશચંદ્રનું તે ચુંબન અટકયું અને તે દ્રઢાલિંગન કાંઇક શિથિલ થયું. તેમ છતાં કાંતાર કન્યા તેને છોડતી નહતી. છેવટ ધીરે ધીરે પ્રકાશ

ચંદ્રે પોતાના શરીરને કાંતાર કન્યાના અલિંગનમાંથી છુટું કર્યું. કેટલીક વાર સુધી બંને ચુપાચુપ ઉભાં રહ્યાં. થોડીવાર પછી જરા શુદ્ધિમાં આવીને પ્રકાશચંદ્રે કહ્યું:–"જંગલી તારી સાથે લગ્ન કરીને તને સંસારવાળી બનાવીને સુખી કરીશ. તું તે જંગલની પ્રીતિ હવે છોડી દે, આ સંસારમાંજ તને સંપુર્ણ સુખ મળશે."

જેમ કયારે કયારે શિયાળાની ઋતુમાં ગરમીની સાથે થોડો વરસાદ વરસીને એકદમ ઉડી જાયછે, તેમ કાંતાર કન્યાનો તે આનંદ એક ક્ષણમાં કયાં ગેબ થઈ ગયો? ધીરે ધીરે–ઘણાજ ધીમા સ્વરથી તેણે પુછયું,–"વિ–વા–હ!"

પ્રકાશ.–"હા જંગલી! હું તારી સાથે વિવાહ કરીને પોતે પણ સુખી થઇશ, અને તને પણ સુખી કરીશ."

ઉપાવતી–"શું માણુસ ચાહે તેટલા વખત વિવાહ કરી શકે છે?"

પ્રકાશ–"હા થઈ શકે છે આપણા ધર્મ અને સમાજના લોકો તેમાં કોઈ પ્રકારનો દોષ સમજતા નથી."

ઉષા–ત્યારે શું પ્રભાનો પણ ફરી વિવાહ થશે?"

પ્રકાશ–"ના પ્રભાનાં લગ્ન ફરી નહિ થાય, અને થઈ પણ શકે નહિ. કેવળ પુરૂષો ચાહે તેટલા વખત લગ્ન કરી શકે છે, સ્ત્રીઓ તેમ કરી શકતી નથી જ."

ઉષા–"એજ તમારા સમાજની રિતિ છે, હું તેનો તીરસ્કાર કરૂં છું"

આ સાંભળી પ્રકાશચંદ્ર કેટલીકવાર ચુપ રહ્યો. આ વખતે કોણ જાણે તે શો વિચાર કરતો હતો? તે થોડીવાર રહીને પછી બોલ્યો –"જંગલી! એજ આપણા સમાજ અને ધર્મનો નિયમ છે. ખુદ ધર્મશાસ્ત્રકારોએ આપણા સમાજ માટે આ નિયમ ઠરાવ્યો છે. તેના એ વિધિને સમજવાની તારામાં બુદ્ધિ નથી, તેમ તે નિયમોનું

રહસ્ય સમજાવવા જેટલી મારામાં પણ બુદ્ધિ નથી. લોકો એ વિધિને એમ સમજીને માન આપે છે, અને તે પ્રમાણે વર્તે છે કે તેથી સમાજનું કલ્યાણ થશે. તું શું મારાથી વિવાહ કરવામાં રાજી નથી?"

ઉષા—"વિવાહ કોને કહે છે, તે પણ હું બરાબર જાણતી નથી! જો કદાચ મેં તમારી સાથે વિવાહ કર્યો તોપણ શું તમે મારા થઈ શકશો?"

પ્રકાશ—"એ કેવી વાત? જંગલી! હું અવશ્ય તારો બની જઈશ."

ઉષાવતી—"તમે તો એક પ્રભાના થઈ ચૂકયા છો, તો પછી મારા શી રીતે થઈ શકશો?"

પ્રકાશ—તે પણ પારકી તો નથી ને. તે તારી સગી બહેન છે, હું તમારો બંનેનો થઇને રહીશ."

સહજ હસતાં અને આંખો નીચી કરતાં લજ્જાયુકત ધીમા સ્વર થી ઉષાવતીએ કહ્યું—"મને એવી ખેંચતાણ પસંદ નથી ? "

પ્રકાશ—"કેમ ભલા? "

ઉષાવતી—" હું ખરેખર કાંતારકન્યા એટલે જંગલની રહેવા વાળી છોકરી છું. જંગલમાં મેં જે કાંઇ જોયું અને સાંભળ્યું છે, તે પત્થરની લીટીની પેઠે મારા હૃદય પટ પર કોતરાઇ રહ્યું છે; તે હું જીવતી રહીશ, ત્યાં સુધી ભૂલી શકીશ નહિ. મારો સ્વભાવ પણ વિચિત્ર છે. એક વાર જે વાત અથવા વિચાર મારા હૃદયમાં પેસી જાય છે, તે કદી તેમાંથી નીકળતો નથી. જેમ પત્થર પર કરેલી નકશી તે પત્થરનો ભાંગીને ભુકો કરવા સિવાય તેનાથી દુર થતી નથી. જંગલમાં મેં મનુષ્ય તેમજ પશુ પક્ષીનાં જોડલાં જોયાં છે, ત્રણ કદી જોયાં નથી."

પ્રકાશ—"શું એક શાખાની અંદર અનેક ફુલ ફુલતાં નથી ?"

ઉષા—"હા ફુલે છે, પણ તે ક્ષુદ્ર થાય છે, હલકાં થાય છે, વળી એ પણ જુઓ કે એક મૃણાલ (કમળનાળ)માં કદી બે કમળ થાય છે ?"

પ્રકાશ—"જંગલી ! જંગલી ! ત્યારે તું શું મને સુખી નહિ કરે ?"

ઉષા—"શી રીતે તમે સુખી થશો ? પ્રકાશ !"

પ્રકાશ—"મારી સાથે તારો વિવાહ થવાથી હું સુખી થઇશ. જો આ બાબતમાં બધાં ખુશી છે; માત્ર તારી ઇચ્છા કે અનેચ્છ ઉપર મારી જિંદગીનું તમામ સુખ કીવા દુઃખ લટકેલું છે. જંગલી ! જો તું મારી સાથે વિવાહ કરીશ, તો આ સંસારમાં મને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થશે, અને તું પણ અવશ્ય સુખી થઇશ."

ઉષાવતી—"ઠીક છે, પ્રકાશ ! ત્યારે હું તમારી સાથે વિવાહ ક—રી—શ !"

ઉષાવતીના મુખમાંથી છેલ્લા શબ્દો જે અતિ મંદતાથી નીકળ્યા હતા, તે સાંભળીને પણ પ્રકાશચંદ્ર આનંદિત થયો, તેથી ફરી તેણે પ્રેમથી એકવાર કાંતાર કન્યાના મુખનું ચુંબન લીધું. પરંતુ આ વખત કાંતાર કન્યાના મુખપર પૂર્વનો તે જોશ કે તે આનંદનું ચિન્હ ન હોતું ! પ્રકાશચંદ્ર ત્યાંથી ઉતરી સીધો હેમવતી પાસે ગયો, અને ઉષાવતીની ઉંમતિ મેળવ્યાની વધામણી તેને આપીને આનંદિત કરી.

પ્રકરણ ૨૪ મું.

પાપનું પરિણામ.

પ્રકાશચંદ્ર હેમવતી પાસે જઇને પોતાના સુવાના ઓરડા પ્રત્યે ગયો, ત્યાં જઇને જોયું તો અંદરથી કમાડ બંધ કરીને પ્રભાવતી સુઇ ગઇછે. તેણે બે ચાર હાંક મારી પણ કાંઇ જવાબ ન મળ્યો. તે દરવાજો પણ ખુલ્લો નહિ. વળી તેણે ધીમેથી હાંકમારી, અને કમાડ પર ટકોરા કર્યા, પણ બધું નિષ્ફળ ગયું. આ વખતે રાત્રીના નવ વાગી ગયા હતા. બાણુ જગતચંદ્રના ઘરનાં સર્વે માણુસો નોકર ચાકર સુદ્ધાં પોત પોતાના સ્થાનમાં સુઇ ગયાં હશે. એમ ધારી પ્રકાશચંદ્રે કોઇને જગાડયા નહિ. પોતાની આ મુસ્કલી કોને કહેવી અને અત્યારે શું કરવું ? તે તેને સમજાયું નહિ. શું પ્રભાવતીને એવી ઘોર નિદ્રા આવી ગઇ હશે કે કાંઇ સાંભળતી નથી ? અથવા શું તે જાણી જોઇને કમાડ નહિ ઉઘાડતી હોય ? ઉષાવતીનો વિશ્વાસઘાત કરવાથી પ્રકાશચંદ્રે તેનો પ્રત્યક્ષ તિરસ્કાર કર્યો હતો, તેમ તેના પિતા અને હેમવતીએ પરોક્ષ રીતે તેના માટે તિરસ્કાર બતાવ્યો હતો. તે આજ સૌની સાથે જમવા પણ આવી નહોતી અને મારૂં માથું દુખે છે એવું બહાનું બતાવી તે પોતાના ઓરડામાંજ પડી રહી હતી. તેને હવે પિતાને અને પતીને મોઢું બતાવવાનું કામ ભારે થઇ પડયું હતું. આવા સંયોગોમાં પ્રકાશચંદ્ર તેને વધારે ઠપકો આપી તિરસ્કાર કરશે એના વિચારથી તે કમાડ બંધ કરી અંદર સંતાઇ બેઠી હોય એ વાત પ્રકાશચંદ્રને સંભવીત જણાઇ. છેવટે તેણે ફરીથી તેને જગાડવા અને દરવાજો ખોલવા માટે કોશીશ કરી, પણ પહેલાં પ્રમાણે તેમાં પણ તેને નિરાશા મળી. તેથી તે ત્યાંથી ચાલીને પોતાના દિવસે બેઠક તરીકે ઉપયોગ કરવાના ઓરડામાં આવ્યો, અને ત્યાંજ એક કોચપર સુવાની તજવીજ કરી. ઘણીવાર સુધી તેણે પાસાં

બદલ્યાં પરંતુ પ્રભાવતીની ધૃષ્ટતા, હેમવતીની મમતા અને ઉષાવતીના નિર્દોષ ભાવોનો વિચાર કરતાં કરતાં તેને છેક બાર વાગ્યા સુધી નિદ્રા આવી નહિ. ઘડિઆળના બાર ટકોરા તેણે ગણ્યા. ત્યાર બાદ તેની આંખ મળી ગઈ. જો કે તેને વિવિધ સ્વપ્નાં આવતાં હતાં, તો પણ તે જાગ્યો ત્યારે ૭ વાગી ગયા હતા. સવારના ઉઠીને તેણે પ્રભાવતીના ઓરડા પ્રત્યે જોયું, તો તે જેમનો તેમ બંધ હતો. તેથી તેને વધારે નવાઇ લાગી. તે સીધો હેમવતીના ઓરડા તરફ ગયો, અને રાતની હકીકત તેને કહી સંભળાવી. હેમવતીને પણ તેથી આશ્ચર્ય લાગ્યું, તરત તે પોતાના પિતા પાસે ગઈ અને પ્રકાશચંદ્રે કહેલી હકીકત તેને કહી સંભળાવી આ સાંભળી જગતબાબુ પણ આશ્ચર્ય પામ્યા. અને ત્યાંથી તેઓ હેમવતી તથા પ્રકાશને તેડીને પ્રભાવતીના ઓરડાના દરવાજા પર આવ્યા; ત્યાં આવી તેમણે ઘણા જોરથી દરવાજાને ઠોકયો, બુમો પાડી પણ કાંઈ જવાબ ન મળ્યો; દરવાજો મજબુત અને અંદરથી સજ્જડ બંધ કરેલો હોવાથી સુતારની મદદ વગર તોડી કે ઉઘાડી શકાય તેમ ન હોતું. આ બનાવ જોઈ સર્વને ઘણું લાગી આવ્યું. તે ઓરડાને બે બારીઓ હતી, તે તપાસી જોઇ તો અંદરથી બરાબર બંધ હતી. જગત બાબુએ પોતાના નોકર રામચરણને હાંક મારી બોલાવ્યો. તેને આ દરવાજો તોડવા અને ન તુટે તો સુતારને બોલાવી લાવવા હુકમ આપ્યો. તે તરત દોડીને એક હથોડી અને છીણી લઈ આવ્યો. અને કેટલીક વાર સુધી મહેનત કરી મજાગરા તોડવાથી તે દરવાજાનું એક કમાડ પડી ગયું. તે ઉપાડી બાજૂએ મુકતાં સૌ તે ઓરડામાં પેઠાં માત્ર રામચરણ બહાર ઉભો રહ્યો. હેમવતી, પ્રકાશચંદ્ર અને જગતચંદ્રે ઓરડામાં પેસતાં જે દેખાવ જોયો, તેથી તેમની નાડીઓમાંનું લોહી ઠરી ગયું અને તેઓ સ્તબ્ધ થઈ ગયાં. તેમણે શું જોયું ?

પ્રભાવતી પોતાના પલંગ પર ખુલ્લા મુખથી પડી હતી, તેના વાળ વિંખરાયલા હતા, અને હાથ પગ અવ્યવસ્થિત સ્થિતિમાં જેમ તેમ પડ્યા હતા. તેનું મોઢું અર્ધ ખુલ્લુ હતું, અને તેમાં થોડું ફીણ હતું. આંખો બંધ હતી. જગતચંદ્રે તેની નાડી વગેરે તપાસી તો તેનામાં જીવ હોવાનાં કાંઈ ચિન્હો માલુમ પડ્યા નહિ. બાબુ જગતચંદ્રના મુખપર ઉદાસી અને ભયનાં ચિન્હ પ્રત્યક્ષ જણાતાં હતાં, હેમવતી કાંઇપણ સ્વર કાઢ્યા વિના ચોધારાં આંસુ સારતી હતી, અને પ્રકાશચંદ્ર તો આ ઘટના જોઇને આભોજ બની ગયો, તેને કોઇ વાતની સમજણજ પડી નહિ. હેમવતી અને પ્રકાશની પેઠે જગતબાબુએ પોતાની સ્વસ્થતા ખોઇ ન હોતી, તેમણે તરતજ એક ચીઠી લખીને સિવીલ સર્જનને બોલાવ્યો. તેનું મકાન નજીકમાંજ હતું. થોડીવારમાં દરવાજા બહાર ગાડીનો અવાજ સંભળાયો અને એક ભવ્ય આકૃતિનો આધેડ વયનો નરૂપ રોપી ગૃહસ્થ મુખ્ય દરવાજામાં દાખલ થયો. જગત બાબુ તેને દરવાજા સુધી સામા લેવા ગયા અને હાથ મેળવીને પ્રભાવતીના ઓરડા તરફ લઈ આવ્યા. તેમણે સંક્ષેપમાં ડાક્ટર સાહેબને અંગ્રેજીમાં સર્વ હકીકત સમજાવીને પ્રભાવતીને તપાસવા કહ્યું. તેમણે થોડીવારમાં પ્રભાવતીના શરીરને આમ તેમ તપાસીને જણાવ્યું કે —"અફીણના ઝેરથી મૃત્યુ થયુંછે અને આ છોકરીને પ્રાણ છોડયાને ઓછામાં ઓછા છ થી સાત કલાક થયા છે." જ્યારે ડાક્ટર અને જગતબાબુ પ્રભાવતીના શબને તપાસતા હતા, ત્યારે હેમવતીએ સ્વભાવિક રીતેજ તે ઓરડામાંના એક નાના ટેબલપર કાચના પેપરવેટ નીચે દબાયલો એક કાગળ જોયો, તે કાગળ બીડેલો હતો, અને તેના પર જગતબાબુનું નામ માત્ર કરેલું હતું તે કાગળ લઇને હેમવતીએ પોતાના પિતાના હાથમાં મૂક્યો. તે જોતાં તેમણે પ્રભાવતીના કાચા અક્ષર ઓળખી તે કાગળ ખોલીને વાંચતાં તેમાં નીચે પ્રમાણે લીટીઓ લખેલી હતી:—

"પ્યારા પિતાજી!

મેં મારી સગી બહેન ઉષાવતીથી વિશ્વાસઘાત કર્યો અને તેને મૃત્યુના મુખમાં મુકી, એ મારા ઘોર પાપનું પરિણામ મારે ભોગવવુંજ જોઇએ, એવો મારો નિશ્ચય થયો છે. જન્મથીજ ભાગ્ય હીણુ છું, કોણ જાણે શા સંયોગોથી પણ મારા પતિ સાથે પ્રેમથી વર્તવાનું મારાથી બનીજ શકતું નથી. તે કારણથી હું તેમનાથી સંસારમાં સુખી થાઉં, એવો મને સંભવ જણાતો નથી. મારો પતિ અને ઉષાવતી પરસ્પર સ્વભાવિક પ્રેમથી આકર્ષાયલાં છે, તેમનો સંસાર સુખમય થવાનો સંપૂર્ણ સંભવ છે. તેમનાં લગ્ન કરી આપવાને આપનો સર્વનો નિશ્ચય થયો છે, અને મેં પણ તેમાં સંમતિ બતાવી છે. પરંતુ તેમના સ્વભાવિક પ્રેમની પાસે મારો લુખો અને ફરજીઆત પ્રેમ મને સુખ આપે, એમ બિલકુલ મને લાગતું નથી. તેથી ઉલટું મારા દ્વેષી સ્વભાવને લીધે હું તમને સર્વને એક કંટાળારૂપ થઇ પડીશ. આવા સંયોગોમાં મારી બહેન અને પિતાના સુખને નિષ્કંટક કરવા માટે મેં મારી સ્વેચ્છાથી મારા પાપના પરિણામે આત્મ વિસર્જન કર્યું છે. મને બચાવવાની કોઇ વ્યર્થ કોસીશ કરશો નહિ અને મારા સર્વ અપરાધોની સર્વ કુટુંબી જનો મને ક્ષમા કરશે.

લિ. આપની હિણ ભાગ્ય
પુત્રી પ્રભાના છેલ્લા પ્રણામ,"

પત્ર વાંચીને જગત બાબુએ એક લાંબો વિશ્વાસ મુકયો, પત્રની મતલબ તેમણે ડાક્ટરને અંગ્રેજીમાં સમજાવી. ડાક્ટરે તેમાં કાંઇ વિશેષ કર્તવ્ય ન સમજાયાથી અફીણના ઝેર વડે આપઘાત કરવાથી મૃત્યુ નીપજ્યાનું સર્ટિફિકેટ લખી આપ્યું. અને સલામ કરીને ત્યાંથી ચાલ્યો ગયો.

આ બનાવથી જગત્ બાબુના આનંદમય નિવાસમાં એકદમ શોકની કાળી ચાદર પથરાઈ ગઇ. તરત સ્નેહી સંબંધીઓને પ્રભાવતીના અચાનક મૃત્યુની ખબર આપવામાં આવી. તેમણે આવીને શબની મરણોત્તર ક્રિયા યથા વિધિએ કરી.

વીશમા પ્રકરણના અંતમાં દર્શાવવામાં આવ્યું છે, તેમ પ્રભાવતી હેમવતી પાસેથી પોતાના ઓરડામાં જેમ તેમ ચાલીને ગઇ, પરંતુ પોતાના પતિનાં ઉષાવતી સાથે લગ્ન થશે; અને તેઓ બંને એક બીજાને અંતઃકરણથી ચાહે છે તેમજ મારા પ્રત્યે મારો પતિ તિરસ્કાર દૃષ્ટિથી જુએ છે, એવા સંયોગોમાં હું બંને વચ્ચે એક કંટાળારૂપ વ્યક્તિ થઈ પડીશ. વળી પતિ પ્રત્યે મારો સ્વભાવિક પ્રેમ ઉદ્દભવતો નથી, માટે મારૂં મૃત્યુજ શ્રેયસ્કર છે. આવા વિચારથી સાયંકાળેજ અંદરથી દરવાજો બંધ કરી આગળ કોઇ વાર છુપાવી રાખેલું અફીણ શોધીને ખાઇ લીધું, મોઢું સાફ કરી પછી તેણે ઉપલો પત્ર પોતાના પિતાના નામથી લખ્યો. તેનો સામાન્ય સ્વભાષામાં લખવા વાંચવાનો અભ્યાસ હતો, પણ લખવાની ટેવ ન હોતી, તેથી પત્ર લખતાં તેને અર્ધો કલાક લાગ્યો હશે એટલી વારમાં અફીણના ઝેરની અસર તેના મગજ પર થવા માંડી. તેણે ઝટ તે પત્ર બંધ કરી ટેબલ પર દબાવી રાખ્યો અને બિછાના પર પડી. તેને અફીણનું ઘેન ચડવા માંડ્યું, પેટમાં ચુંથણ થવા માંડી. આવા ગભરાટમાં તેણે બિછાના પરથી ઉઠી કમાડ ઉઘાડી મદદ માટે બુમ પાડવા યત્ન કરવા વિચાર્યું. પરંતુ તેમ કરવાનું તેનામાં સામર્થ્ય ન હોતું, રાત્રીના નવ વાગે જ્યારે પ્રકાશચંદ્રે તેને બુમો પાડી બારણું ઉઘડાવવા યત્ન કર્યો, ત્યારે તે તદ્દન બેશુદ્ધ સ્થિતિમાં હતી. એજ સ્થિતિમાં તેણે ક્યારે પ્રાણ છોડ્યા તે કહેવું અશક્ય હતું.

પ્રકરણ ૨૫ મું

વિવાહ સમારંભ

દિવસ ગત થવા સાથે ધીરે ધીરે બાબુ જગતચંદ્રના કુટુંબમાંથી પ્રભાવતીના મૃત્યુનો શોક કમતી થવા લાગ્યો. પ્રભાના અપમૃત્યુથી હેમવતીનો શોક અપાર હતો, એક માસ પછી પ્રકાશચંદ્ર કલકત્તે પોતાની કાર્ય વ્યવસ્થા સંભાળવાને ચાલ્યો ગયો. બિચારી ભોળી ઉષાવતીને પ્રભાના મૃત્યુથી ઘણુંજ દુઃખ થયું. તે નાની બહેનના મૃત્યુનું કારણ પોતાનેજ માનીને વારંવાર આંસુ સારતી હતી. પ્રભાના મૃત્યુ બાદ કોઇએ તેને આનંદમાં જોઇ ન હોતી. હેમવતી અને તેનો પિતા તેને દિલાસો આપતા. અને કહેતા કે—" પરમેશ્વરે જેના ભાગ્યમાં જે નિર્માણ કર્યું હોય છે, તે અવસ્ય બને છે, તેમાં મનુષ્યનો કશો ઉપાય ચાલતો નથી. તેથી તેનો શોક કરવો મિથ્યા છે," એમ દિવસ વીતતાં પ્રભાના મૃત્યુને ૭ માસ વીતી જતાં સુધી કોઇએ ઉષાના વિવાહ સંબંધાની વાત ઉચારી ન હોતી, હવે એ વાતને ૭ માસ વીતી ગયા એટલે વ્યવહારીક રીતે પ્રભાવતીનો શોક વિધિપુરઃસર ૭ માસિક ક્રિયા કરીને ઉતારવામાં આવ્યો. ત્યાર બાદ જ્યોતિષીઓ દ્વારા ઉષાવતી અને પ્રકાશચંદ્રની લગ્ન તિથિ નક્કી કરવામાં આવી. પ્રકાશચંદ્રને તેના સંબંધીઓ સહિત કલકત્તેથી રંગપુર આવવાને જગતચંદ્રે ખાસ પત્ર લખ્યો. તેનો ઉત્તર આવી જતાં જગતબાબુએ લગ્નની તૈયારી કરવા માંડી. અત્રે એટલું કહેવાની ખાસ જરૂર છે કે પ્રભાના મૃત્યુ પછી આપણી કાંતાર કન્યા જંગલી મટીને તદ્દન શરમાળ ઉષાવતી બની ગઈ હતી. તે

હવે પ્રકાશચંદ્રથી રૂબરૂ થતાં પણ શરમાતી હતી. દોડીને તે પ્રકાશચંદ્રને ભેટતી કે પહેલાંની પેઠે નિર્લજ્જ પણું દર્શાવતી ન હોતી, તો પણ તેનો પ્રકાશચંદ્ર પ્રત્યેનો કુદરતી આંતરિક પ્રેમ લેશ માત્ર પણ ન્યુન થયો ન હોતો. તે પોતાના મનમાં તેને દેવ સમાન ગણી પૂજતી હતી. અર્થાત્ હવે તે જ્ઞાન યૌવના થઇને એક શહેરી સદ્‌ગૃહસ્થની પુત્રીને છાજે તેવી મર્યાદાથી વર્તતી હતી.

પ્રિય પાઠક! આજ ઉષાવતીની સાથે પ્રકાશચંદ્રનાં લગ્ન થવાનો માંગળીક દિવસ છે. જગતચંદ્રનું ઘર આજ ફરી એકવાર આનંદ અને ઉત્સવથી ભરપુર થયું છે. આ શુભ અવસરમાં ભાગ લેવાને અનેક સ્નેહી સંબંધીઓ ત્યાં આવ્યાં છે. કલકતેથી પ્રકાશચંદ્રના સંબંધીઓ પણ ઘણા આવ્યા છે. મતલબ કે વર અને કન્યા બંનેની તરફના નજીકના સંબંધીઓ જ્યાં જ્યાં હતા. ત્યાંથી આવીને આજ જગતબાબુને ત્યાં વિવાહમાં એકઠા થયા છે. બધાઓએ આ શુભ કાર્યના આનંદમાં ભાગ લીધો છે. આજે બધાનાં અંતઃકરણ આનંદ અને ઉત્સાહથી ભરપુર છે. બાબુ જગતચંદ્રે પ્રતિજ્ઞા કરી હતી કે—"ઉષાના લગ્ન હું મોટી ધામધુમથી કરીશ" તે પ્રતિજ્ઞા આજ તેઓ પુરી કરી બતાવે છે. આખા રંગપુર જિલ્લાના તેમજ તેની આસપાસનાં સ્થળોના તમામ મોટા મોટા માણસોને આમંત્રણ કરવામાં આવ્યું છે. તેમની સરભરા માટે દરેક રીતની સામગ્રીઓ તૈયાર છે, કોઇ વાતની ખામી નથી. રંગપુર જેવા શહેરમાં જેવો સમારંભ થઇ શકે, તેવો સંપુર્ણ ઉદારતાથી જગતબાબુએ કર્યો છે. તેમનું પોતાનુ બંગાળાના મોટા મોટા જમીનદારોમાં ઘણું માન હતું. ત્યાં કોઇ પણ વાતની ખામી શી રીતે હોય? જિલ્લાના જડજ, ડેપ્યુટી માજિસ્ટ્રેટ, કલેક્ટર, પોલિસ,

સુપ્રિન્ટેન્ડેન્ટ, સિવિલ સર્જન વગેરે યુરોપિયન ગૃહસ્થોને પણ આ સમારંભમાં બોલાવવામાં આવ્યા હતા. તેમના તથા પ્રતિષ્ઠિત મુસલમાન ગૃહસ્થોના ખાવા પીવા વગેરેનો બંદોબસ્ત તેમના રીતિ અનુસાર સ્વતંત્રતાથી કરવામાં આવ્યો હતો.

જગતબાબુની બેઠકનું દીવાનખાનું આજ ખુબ શણગારવામાં આવ્યું હતું. તરેહ તરેહની તસ્બીરો, હાંડી, ઝુંમર, વાલગોળા વગેરે રોશનીની સામગ્રી સંપુર્ણ હતી. રંગબેરંગી ફાનસો છતમાં લટકતાં હતાં વરરાજા તેમજ બહારના આવેલા મોભાદાર માણસોના બેસવા માટે ઘરની સામે મેદાનમાં એક સુંદર લગ્ન મંડપ બાંધવામાં આવ્યો હતો તે સ્થાનની શોભા અવર્ણનીય હતી. તેનું વર્ણન કરવા કરતાં એક સારામાં સારા શ્રીમંત ગૃહસ્થને ત્યાં સારા શહેરમાં લગ્ન મંડપ બંધાય છે, તેની કલ્પના વાચકવૃંદે સ્વયં કરી લેવી યોગ્ય છે

રાતના આઠ વાગે લગ્નનું મુહૂર્ત હતું, તેથી સંધ્યાકાળ થતાં ન થતાં બાહેરથી આવેલા મહેમાનોથી ઘર અને મંડપ ભરાઈ ગયાં રંગબેરંગી રોશની પ્રગટાવવામાં આવી સ્ત્રીઓ મંગળ ગીત ગાવા લાગી, તરેહ તરેહના વાજીંત્રો વાગવા લાગ્યા આ વખતે બાબુ જગતચંદ્રે ઘરમાં આવી હેમવતીને પુછ્યું કે "અંદર બધી તૈયારી બરાબર છે કે નહિ?" તેનો સંતોષકારક ઉત્તર મળવાથી તેઓ બહાર પુરોહિતજીને વરધી આપવા ગયા, પુરોહિતજીએ કહ્યું કે–બાબુ કન્યાદાનનો સમય થવા આવ્યો છે, વખત નથી" જગતબાબુએ કહ્યું, "બધું તૈયાર છે, અમારે કાંઇ વખત નથી, આપ આજ્ઞા આપો એટલે વરકન્યાને મંડપમાં પધરાવીએ."

આજ આપણી પૂર્વની જં   —કાંતાર કન્યાની શોભા અપુર્વ હતી. તેના વસ્ત્રાલંકારો ઘણાંજ કિંમતી હતાં, પોતાના ઇચ્છિત પુરૂષ પ્રકાશચંદ્રની સાથે તેનાં લગ્ન થવાનાં હતાં. હવે તે સંસારમાં સંપૂર્ણ સુખોનો અનુભવ કરી શકશે, અને પ્રકાશ તેનો પોતાનો એકલીનોજ થઇ રહેશે, એ વિચારથી તે ફુલી સમાતી ન હોતી. જો કે સૌને ક્યારે ક્યારે પ્રભાવતીના અપમૃત્યુની યાદ આવતી, ત્યારે સહજ શોકનો પડછાયો પડતો હતો, પરંતુ તે સિવાય તમામ આનંદ આનંદજ છવાઈ રહ્યો હતો.

બરાબર આઠમાં પાંચ મિનિટ ઓછી હતી, ત્યારે વર કન્યાને મંડપમાં પધારવાની આજ્ઞા આપી. સમાજની રીતે પ્રમાણે કન્યા તથા વરને લગ્ન મંડપમાં બેસાડવામાં આવ્યાં. ઉષાવતીનું લાવણ્ય જોઈ આગંતુક લોકો ઘણા સાનંદાશ્ચર્ય પામ્યા. જગતબાબુની બંને પુત્રીઓ કરતાં ઉષાવતી ઘણી ખુબસુરત અને મજબુત બાંધાની હતી. સામાન્ય રીતે જ્યારે હિંદુ સંસારમાં ૧૧ કે ૧૩ વર્ષની ઉમરમાંજ બાળકીઓનાં લગ્ન થાય છે, ત્યારે ઉષાવતીની ઉમર ૧૬ વર્ષની હતી, તે પોતાની નવયૌવન અવસ્થામાં સંપૂર્ણ ખીલી નીકળી હતી. જંગલમાં રહેવાથી તેનું શરીર મજબુત અને સુદૃઢ થયેલું હતું.

પુરોહિતજીએ લગ્ન મંડપમાં વેદોક્ત મંત્ર વિધિથી ઉષાવતી અને પ્રકાશચંદ્રનો હસ્ત મેળાપ કરાવ્યો. માનીનિઓ મંગળ ગીત ગાવા લાગી, વાજિંત્રોવાળા સુંદર સ્વરથી વાજિંત્ર વગાડવા લાગ્યા. એ કલાકમાં લગ્ન ક્રિયા સંપુર્ણ કરવામાં આવી. વરકન્યા પરણી ઉતરતાં આગંતુક સદ્‌ગૃહસ્થોએ તેમને લગ્નની ભેટો આપી. તેમાં મોટા જમીનદારો અને યુરોપીયન ગૃહસ્થો, તેમજ શહેર, અને જીલ્લા

ના શેઠ સાહુકારોની ભેટો ઘણી કિંમતી અને ધ્યાન ખેંચે તેવી હતી. કિશનસિંહ લુંટારાની ઝુંપડીમાં ઉછરેલી ઉષાવતી પોતાના પિતાનો અસાધારણ વૈભવ અને પ્રતાપ જોઈ છક્ક થઈ ગઈ. અને પોતાને અહો ભાગ્ય માનવા લાગી.

પ્રકાશચંદ્રે પણ પોતા તરફથી બ્રાહ્મણો વગેરેને સારી દક્ષિણાઓ આપી. જગત્બાબૂએ આવેલા મહેમાનોની પૂરતી ખાતર બરદાસ કરી સૌ સૌના સ્થાન પર મોકલ્યા. શહેરના માણસો પોત પોતાને ઘેર ગયા, અને બહારના મહેમાનો તેમને માટે જ્યાં જ્યાં ઉતારાનો ઉત્તમ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો, ત્યાં સુવા ગયા.

ઉષાવતી અને પ્રકાશચંદ્ર આજ એક થયાં. આજ પ્રકાશચંદ્ર પ્રકાશચંદ્ર ઉષાવતીનો થયો, તેથી તેનો અપાર હતો. હવે તેને લઇને જંગલમાં નાશી જવાની ઉષાવતીને કશી આવશ્યકતા સમજાતી નથી. હવે આ વાર્તા સંબંધે વિશેષ લખવાનું રહેતું નથી. ઉમર લાયક વરકન્યા જેવા ઉત્સાહથી એક બીજાને અકૃત્તિમ પ્યારથી ચહાતાં હોય, તેવા પ્યારથી તેઓ દંપતિ સ્વરૂપ થાય, ત્યારે તેમના સુખનો કાંઈ પાર રહેતો નથી. તેમ એમના વિષે પણ સમજી લેવું.

જગત્ચંદ્ર પાસે અપૂર્વ ધનસંપતિ અને વૈભવ હતો, તેને ભોગવનાર ઉત્તરાધિકારિ તરીકે પુત્ર સંતતિ ન હોતી. તેથી તેમણે એક વીલ કરીને પોતાની તમામ સંપતિના માલિક ઉષાવતી અને પ્રકાશચંદ્રને નીમ્યા. ઉષાવતીએ યોગ્ય સમયે એક પછી એક એમ બે સુંદર પુત્રો અને એક પુત્રીને જન્મ આપ્યો. હેમવતી ઘણા આનંદથી ઉષાવતીના પુત્ર પુત્રીઓને ઉછેરતી અને રમાડતી. ફરી એક

વાર બાબુ જગતચંદ્રનું ઘર બાળકોના આનંદથી ભરપુર થયું. યોગ્ય સમયે જગતબાબુને મોટું પેનસન મળતાં તેઓ પોતાના વતનમાં ગયા. તેમના વડીલોની જે જમીન અને જાગીર હતી, તેમાં પુષ્કળ વધારો કરી તેનો સર્વ સ્વતંત્ર કારભાર પ્રકાશચંદ્રને સોંપી દીધો. અને પોતે ઇશ્વરનીભક્તિ અને જ્ઞાન માર્ગમાં પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યા.

આ વાર્તાની નાયિકા કાંતાર કન્યા એટલે જંગલી છોકરી—આજે સંપુર્ણ વૈભવ વાળી અને સર્વ સુખોને ભોગવવાને ભાગ્યશાળી થઈ. તેને કોઇ પ્રકારની ન્યુનતા નહોતી હજૂ પણ તે જ્યારે પોતાનો તે જંગલનો નિવાસ, પ્રકાશચંદ્રનો પ્રથમ મેળાપ વગેરે સંભાળતી ત્યારે હર્ષ રોમાંચ થતો. પ્રકાશચંદ્ર અને ઉષાવતીના જીવનની પેઠે અમારા સર્વ પાઠકગણનું જીવન સુખમય થાઓ, એવા શુભ આશીર્વાદ સાથે અમે આ વાર્તા પુર્ણ કરીએ છીએ.

સમાપ્ત